Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




ભારત-પાકિસ્તાન વચ્ચે જુલાઈમાં ટી-૨૦ સિરીઝ રમાય તેવી સંભાવના

વાંચો પેજ નં. ૧૫

FRIDAY, 26 MARCH, 2021 Vol. 18, No. 13 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ભારતમાં ફરીવાર કોરોનાનો તરખાટ

# મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં ૩૫ હજારથી વધુ સંક્રમિત, ૧૧૧ના મોત

## મુંબઈમાં ૫૫૦૪ નવા કેસ નોંધાયા, સમગ્ર દેશમાં ૫૩૪૬૭ નવા દર્દી મળ્યાં, ૨૫૧ મોતને ભેટ્યા

મુંબઈ : ભારતમાં ગુરુવારે નવા ૫૩૪૬૭ લોકો કોરોના સંક્રમિત નીકળતાં ખળભળાટ મચી ગયો હતો. આ સાથે જ ૨૫૧ લોકોના મોત પણ નોંધાયા હતા. ગુરૂવારે દિલ્હી અને મહારાષ્ટ્રમાં કેસ જોઈને તંત્રની ઉંઘ ઉડી ગઈ હતી. મહારાષ્ટ્રમાં કોરોનાના રેકોર્ડબ્રેક કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ગુરુવારે ૩૫,૯૫૨ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨૦,૪૪૪ દર્દી સાજા થયા છે. સમગ્ર રાજ્યમાં આજે ૧૧૧ દર્દીઓના મોત થયા છે. આ વચ્ચે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં પણ કોરોનાની હાલત બેકાબૂ થઈ ગઈ છે. મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૦૪ નવા કેસ નોંધાયા છે અને આ દરમિયાન ૪ દર્દીના મોત નીપજ્યા છે.

દિલ્હીમાં કોરોના કેસમાં ફરી પાછો વધારો થયો છે. રાજધાનીમાં છેલ્લા ૨૪ કલાકમાં દોઢ હજારથી વધારે કેસ નોંધાયા છે. દિલ્હીમાં આજે ૧૫૧૫ નવા કેસ નોંધાયા છે. ૧૬ ડિસેમ્બર પછી દિલ્હીમાં પહેલી વખત ૧૫૦૦થી વધારે કેસ દાખલ થયા છે. કોરોનાના નવા કેસ વધતા દિલ્હીમાં સંક્રમણ દરમાં પણ વધારો થઈ રહ્યો છે. જ્યાં સંક્રમણનો દર વધીને ૧.૬૯ ટકા થઈ ગયો છે. જ્યારે ૧૬ ડિસેમ્બરે સંક્રમણ દર ૨.૧૬ ટકા હતો. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૫ દર્દીના મોત થયા છે. દિલ્હીમાં કોરોનાથી કુલ ૧૦,૯૭૮ મોત થઈ ચૂક્યા છે. દિલ્હીમાં એક્ટિવ કોરોના દર્દીઓની સંખ્યા ૫ હજારથી પણ વધારે થઈ ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યા વધીને હવે ૫,૪૯૭ થઈ ચૂકી છે. જે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦થી અત્યાર સુધીમાં સૌથી વધારે છે. ૩૧ ડિસેમ્બરે દિલ્હીમાં એક્ટિવ કેસની સંખ્યા ૫૫૧૧ હતી. જ્યારે મહારાષ્ટ્રમાં એક્ટિવ કેસોની વાત કરીએ તો હાલમાં ૨,૬૨,૬૮૫ કેસ એક્ટિવ છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૫૩,૭૯૫ લોકોના મોત થઈ ચૂક્યા છે.



## મહારાષ્ટ્રના બીડ અને નાંદેડમાં ૧૦ દિવસનું સંપૂર્ણ લોકડાઉન લદાયું

નવી દિલ્હી : મહારાષ્ટ્રમાં કોરોનાના કેસમાં વધારો થતાં રાજ્યના વધુ બે જિલ્લા બીડ અને નાંદેડમાં ૨૬ માર્ચથી ૪ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરાઇ છે. ૧૦ દિવસના લોકડાઉન દરમિયાન બીડ અને નાંદેડમાં મેરેજ હોલ, રેસ્ટોરન્ટ, હોટલ, શાળા–કોલેજો, સરકારી અને ખાનગી કચેરીઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ફક્ત જીવનજરૂરી વસ્તુઓની દુકાનો જ ખોલી શકાશે. રાજ્યના અકોલા અને અમરાવતીમાં પણ સાંજના પાંચથી સવારના ૬ સુધીનો નાઇટ કરફ્યૂ લાદવામાં આવ્યો છે. નાસિકમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન લાદવામાં આવ્યું છે. મધ્યપ્રદેશમાં રાજધાની ભોપાલ, ઇન્દોર અને જબલપુર બાદ હવે રતલામ બૈતુલ, છિંદવાડા અને ખરગૌન જિલ્લામાં રવિવારે લોકડાઉન રહેશે.

## અમેરિકામાં કોરોનાથી સ્થિતિ ગંભીર : એક જ દિવસમાં ૬૬૫૩૮ કેસ, ૧૪૦૫ના મોત

વોશિંગ્ટન : અમેરિકામાં વેક્સિનેશનનો કાર્યક્રમ પુરજોશમાં ચાલતો હોવા છતાં કોરોનાની સ્થિતિ ગંભીર બની રહી છે. કોરોના સંક્રમિતોનો આંકડો ૩ કરોડને વટાવી ગયો છે. કોરોનાના કુલ દર્દીઓ વધીને ૩,૦૭,૦૫,૪૩૫ થયા છે. કુલ મૃત્યુઆંક વધીને ૫,૫૮,૪૨૫ થયો છે. દરરોજ નોંધાતા નવા કેસની સંખ્યા જાન્યુઆરીમાં તેની મહત્તમ સપાટી પર હતી તેમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. દરરોજ નોંધાતા નવા કેસની સંખ્યા હજી ૬૦,૦૦૦ કરતાં વધુ છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૬,૫૩૮ કેસ નોંધાયા છે જ્યારે ૧૪૦૫નાં મોત થયા છે. વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૨,૫૬,૩૬,૫૬૬ પહોંચી ગયો છે. બીજી તરફ કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૨૭.૫૯ લાખ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત ૧૦.૧૪ કરોડ લોકો સાજા થયા છે.

બીજી તરફ બેલ્જિયમમાં અઠવાડિયામાં ૪૦ ટકા નવા કેસ આવતા સરકાર દ્વારા ફરી કડક લોકડાઉન અમલી બનાવાયું છે. સ્કૂલો બંધ કરવામાં આવી છે અને આવશ્યક ચીજો સિવાયના બિઝનેસ માટે મર્યાદિત છૂટ અપાઈ છે. બ્રાઝિલમાં કોરોનાને કારણે ૩ લાખથી વધુનાં મોત થયાં છે. આમ કોરોનાથી થયેલા મૃત્યુમાં તે અમેરિકા પછી બીજા નંબરે આવે છે. બ્રાઝિલમાં એક જ દિવસમાં ૩૨૫૧ લોકોનાં મોત થયાં હતાં. એપ્રિલમાં સ્થિતિ વધુ ખરાબ હશે તેવું અધિકારીઓનું માનવું છે.

### હોળી-ધૂળેટીનું મહા પર્વ ફાગણ સુદ પૂનમ

વાંચો પેજ નંબર. ૧૨

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકિટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# લિબરલ સરકાર ૧૯મી એપ્રિલે બજેટ રજૂ કરશે

## નાણા ખાધ અંદાજે ૪૦૦ બિલીયન યુએસ ડોલર જેટલી રહેવાની સંભાવના : નાગરિકોને રોજગારી આપવા પ્રયાસ કરાશે

ટોરોન્ટો : ફેડરલ સરકાર બે વર્ષ બાદ પોતાનું પહેલું બજેટ એપ્રિલની ૧૯મી તારીખે રજૂ કરશે, એમ નાણાં મંત્રી અને નાયબ વડાપ્રધાન ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે હાઉસ ઓફ કોમન્સમાં જાહેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, કેનેડાના વેપાર ઉદ્યોગ અને પ્રજા માટે અમે લોકોના સહકાર સાથે કામ કરી રહ્યા છીએ અને અમે વધુ રોજગારીની તકો માટે પણ આયોજન કરી રહ્યા છીએ.



ફેડરલ સરકારે માર્ચ ૨૦૧૯માં છેલ્લું બજેટ રજુ કર્યુ હતું. નાણામંત્રી તરીકે ફ્રીલેન્ડ માટે આ પહેલું બજેટ હશે. કેમ કે, તત્કાલિન નાણાંમંત્રી બિલ મોર્નેઉના રાજીનામા બાદ ગયા વર્ષના ઉનાળાથી ફ્રીલેન્ડે નાણામંત્રીનું પદ સંભાળ્યું હતું. આ બજેટમાં સરકારે મહામારી દરમિયાન કરેલા કામના ખર્ચનો પુરો હિસાબ હશે અને આ વર્ષે નાણા ખાધ અંદાજે ૪૦૦ બિલીયન યુએસ ડોલર જેટલી રહેવાની સંભાવના છે.

આ બજેટમાં લિબરલ સરકારની આવનારા વર્ષની કામગીરી માટેના અંદાજિત ખર્ચની જાહેરાત પણ થાય એવી સંભાવના છે. જે અંદાજે ૭૦ બિલીયનથી ૧૦૦ બિલીયન યુએસ ડોલર જેટલો હશે. જેનો આશય અર્થતંત્રને ઝડપથી બેઠું કરવાનો હશે. આવનારા વર્ષમાં કોવિડ-૧૯ને કારણે ખર્ચ વધવાની સંભાવના છે. જેમાં રાષ્ટ્રીય બાળ કલ્યાણ વ્યવસ્થા અને સ્કીલ ટ્રેનીંગ સેન્ટરોનો સમાવેશ હશે. આ માસના આરંભે પાર્લામેન્ટરી બજેટ ઓફિસરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦-૨૧ની સરખામણીમાં કોવિડ-૧૯ સંબંધિતમાં ૮૬ ટકાનો ઘટાડો થઈ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને ફેડરલ સરકારે જે અંદાજ બાંધ્યો હતો, એમાં ૧૩૬.૮ બિલીયન ડોલરનો ઘટાડો ગયા વર્ષની સરખામણીમાં થશે.

બજેટ અધિકારી વાયવેસ ગિરોકસે માર્ચમાં પ્રકાશિત અહેવાલમાં આ જાણકારી આપી હતી. એ અભ્યાસ મુજબ આવનારા બજેટની જોગવાઈઓનો સમાવેશ થયો નહોતો.

વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં ૪૩ બિલીયન ડોલરનો ઘટાડો મદદના ખર્ચમાં થશે. જે વર્ષ ૨૦૨૦-૨૧માં વધુ હતો.

# ઓન્ટેરિયોમાં કોવિડના ભય વચ્ચે કોટેજની કિંમતોમાં ૧૭% વધારો થવાની સંભાવના



કેટલાક લોકોએ લોકડાઉન દરમિયાન કરેલી બચત હવે પ્રોપર્ટીમાં ઈન્વેસ્ટ કરાશે

ટોરોન્ટો : કોટેજ અને રીક્રિયેશનલ પ્રોપર્ટીના વેચાણમાં છેલ્લા થોડા સમયથી ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કોરોના મહામારી આવ્યા બાદ પણ આ સેકટરમાં ભાવોના વધારાની ટકાવારી બે આંકડામાં આવી ગઈ છે. નવા અનુમાન મુજબ કેનેડામાં આ વધારો ૧૫ ટકા રહેશે. જયારે ઓન્ટેરિયોમાં એ ૧૭ ટકા સુધી પહોંચશે. રોયલ લે પેજના સીઈઓ અને પ્રેસીડેન્ટ ફિલ સોપરે કહ્યું હતું કે, આ વર્ષે વિકટોરીયાથી લઈને મોન્કટોન સુધી રીક્રિએશનલ પ્રોપર્ટીના વેચાણમાં વધારો જોવા મળ્યો છે.

ખાસ કરીને કોરોનાને કારણે જયારે વર્ક ફ્રોમ હોમનું ચલણ વધી રહયું છે અને બેંકોએ પણ લોનના વ્યાજદરોમાં મોટો ઘટાડો કર્યો છે. ત્યારે લોકો પોતાની પ્રોપર્ટી ખરીદવા પ્રેરાઈ રહ્યા છે અને મહામારી દરમિયાન હરવા ફરવા પાછળના ખર્ચની થયેલી બચતનું રોકાણ એવી પ્રોપર્ટીમાં કરી રહ્યા છે.

વળી અત્યારે માંગના પ્રમાણમાં પુરવઠો ઓછો હોવાથી પણ ભાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૧માં આ વધારો કેનેડામાં ૧૫ ટકા રહેવાની સંભાવના છે.

જે છેલ્લા ૨૪ માસમાં સૌથી વધુ ગણાશે. કોટેજના ભાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. એ લગભગ ત્રીજા ભાગ જેટલો છે એમ પણ સોપરે કહ્યું હતું. જો કે, આ ભાવ વધારો સૌથી વધુ ૧૭ ટકા જેટલો ઓન્ટેરિયોમાં હશે. જયારે ક્યૂબેકમાં ૧૫ ટકા અને બ્રિટીશ કોલંબિયામાં એ ૧૩ ટકા જેટલો રહેશે. રોયલ લે પેજ લેકસ ઓફ મસ્કોકા રીયલ્ટીના જોન ઓ રોરકે કહે છે કે, તેમણે છેલ્લા ૨૦ વર્ષમાં આવો ભાવ વધારો કયારેય જોયો નથી.

કેટલાક સેકટર્સમાં જો કે, આ ભાવ વધારો ૨૫થી ૩૦ ટકા થતો હોય છે. પરંતુ પ્રોપર્ટી સેકટરમાં આવું ઓછું જોવા મળતું હોય છે.

# બે સગીરના જાતીય શોષણ મામલે ચર્ચ વોલેન્ટિયરની ધરપકડ કરાઈ

- પકડાયેલા શખ્સ સામે જાતીય સંબંધો અંગે ૧૦ ગુના નોંધાયેલા છે



ઓન્ટેરિયો : ટોરોન્ટો પોલીસે જણાવ્યું હતું કે, તેમણે ૬૨ વર્ષીય ચર્ચ વોલેન્ટિયરની ધરપકડ જાતીય શોષણના આરોપસર કરી છે.

તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટોરોન્ટોના ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં આવેલા મિશન ક્રિસ્ટીઆના વોઝ ડે રીસ્ટોરેકશન ચર્ચમાં વોલીયન્ટરરીંગ કરનારા વ્યકિતની ધરપકડ કરી છે. આ વ્યકિતએ જુલાઈ ૨૦૧૩ અને ઓગસ્ટ ૨૦૨૦માં ચર્ચ નજીક રહેનારા બે બાળકોનું વારંવાર જાતીય શોષણ કર્યુ હતું.

પોલીસના જણાવ્યા મુજબ આ વ્યકિત સામે જાતીય શોષણ, જાતીય હુમલાઓ અને જાતીય સંબંધો બાંધવા અંગેના અને સગીરવયના બાળકોને જાતીય સંબંધો વિશેની સામગ્રી પુરી પાડવાના ૧૦ ગુનાઓ નોંધાયા છે.

ધરપકડ બાદ હવે એને એપ્રિલની આઠમી તારીખે અદાલતમાં રજુ કરવામાં આવશે. તપાસ અધિકારીઓ માની રહ્યા છે કે, આ વ્યકિતનો ભોગ બનેલા અન્ય બાળકો પણ સામે આવી શકે છે. જો કોઈની પાસે એ અંગેની જાણકારી હોય તો એમનો સંપર્ક કરવા પણ તેમણે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ આ વ્યકિત ૨૦૦૪થી ચર્ચમાં વોલીયન્ટર તરીકે જોડાયેલો હતો.

# વોટરલુમાં કારના શોરૂમમાં ચોરી પ્રકરણે શંકાસ્પદને દબોચી લેવાયો

ટોરોન્ટો : વોટરલુની સ્થાનિક પોલીસે ટોરોન્ટોના એક વ્યકિતની ધરપકડ કાર ડીલરશીપમાં થયેલી ચોરી સંબંધમાં ધરપકડ કરી હોવાનું જણાવ્યું હતું. આ ચોરી ગયા અઠવાડિયાના અંતમાં થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ શકમંદને પાર્કવે ફોર્ડ ડીલરશીપમાં શનિવારની રાત્રે તાળુ તોડીને પ્રવેશવા બદલ પકડવામાં આવ્યો હતો.

તેણે ડીલરશીપમાંથી કેટલીક ચાવીઓના સેટ ઉઠાવી લીધા હતા. જે પૈકી લિંકન એસયુવીની ચાવીઓ પણ ગુમ થયેલી જણાઈ હતી. તપાસ બાદ પોલીસે ટોરોન્ટોના ૪૭ વર્ષીય વ્યકિતની ધરપકડ કરી એની સામે ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ પ્રવકતાના જણાવ્યા મુજબ આ કિસ્સામાં અન્ય લોકોની સંડોવણી પણ શકય છે. જેની તપાસ હવે પોલીસ ચલાવી રહી છે.

# ઓન્ટેરિયોના સંશોધકે મહાકાય બ્લેક હોલની તસવીર ઝડપવામાં મદદ કરી

ઓન્ટેરિયો : મહાકાય બ્લેકહોલની વધુ સ્પષ્ટ તસવીર લેવા માટે જે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોની ટીમ બની હતી, એમાં ઓન્ટેરિયોના વોટરલુ ખાતેના એક સંશોધકે મહત્વપૂર્ણ મદદ કરી હોવાનું વોટરલુ ખાતેની પેરીમીટર ઈન્સ્ટીટ્યૂટ ફોર થીયરોટીકલ ફિઝિકસે જણાવ્યું હતું. એ મુજબ બ્લેક હોલની આસપાસ દેખાતા પ્રકાશના વમળની તસવીર પોલરાઈઝડ પ્રકાશમાં સ્પષ્ટ જોઈ શકાતી હતી. સંસ્થાના પ્રવકતા એવરી બ્રોડરીકે જણાવ્યું હતું કે, પોલરાઈઝડ પ્રકાશથી સંશોધકો બ્લેક હોલની આસપાસના ચુંબકિય ક્ષેત્રો વિશે વિસ્તૃત જાણકારી મેળવી શકે છે. આ બ્લેકહોલ એમ ૮૭ ગેલેક્ષીમાં આવેલું છે. સંશોધકોનું માનવું છે કે, આ નવી તસવીરથી બ્લેકહોલના ચુંબકીય ક્ષેત્ર વિશે અભ્યાસ કરવામાં સરળતા રહેશે અને બ્લેક હોલ જે પદાથો ગળી જશે એની સામે શકિતશાળી જેટસ પાછા આપશે. બે વર્ષ અગાઉ ઈવેન્ટ હોરીઝોન ટેલીસ્કોપ કોલોબોરેશન ટીમે બ્લેકહોલની પહેલી તસવીર બહાર પાડી હતી. આ કોલોબોરેશનમાં વિશ્વભરના ૩૦૦થી વધુ સંશોધકોનો સમાવેશ થયો હતો.

બુધવારે ધી એસ્ટ્રોફિઝીકલ જર્નલમાં નવી તસવીર સાથેના બે લેખો પણ પ્રકાશિત થયા હતા. જેને પગલે યુનિવસીટી ઓફ વોટરલુના પ્રોફેસર બ્રોડરીકે કહ્યું હતું કે, એસ્ટ્રોનોમિકલ ક્ષેત્રમાં જો પોલરાઈઝેશનની શકયતા છે તો હવે અમે એના ચુંબકીયક્ષેત્રો વિશે વધુ અભ્યાસ કરી શકીશું અને એની વધુ સ્પષ્ટ તસવીરો ઝડપવાનો પણ પ્રયાસ કરી શકીશું.

# ગુજરાતી સાહિત્ય ફોરમ દ્વારા ૨૯મી માર્ચથી લઘુવાર્તા કથન સ્પર્ધા યોજાશે

ટોરન્ટોઃ દુનિયામાં ૬૦ કરોડ ગુજરાતી ભાષી લોકો વસે છે. તેઓમાંથી ૧૮ વર્ષની ઉપરની વયના લોકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. પ્રવેશ પત્રની મંજૂરી પછી સ્પર્ધક પોતાની વાર્તાની વીડિયો ક્યાં મોકલવો અથવા અપલોડ કરવો, એની માહિતી આપવામાં આવશે. જજિસની પેનલ દ્વારા તેનું મુલ્યાંકન થશે. વિજેતાને એવોર્ડ સર્ટિફિકેટ મળશે અને અમારા આંતરરાષ્ટ્રીય શ્રોતાઓને વિજેતાઓ પોતાની વાર્તા રવિવારની સભામાં કહી સંભળાવશે. આ સ્પર્ધા ગુજરાતી સાહિત્ય ફોરમ દ્વારા શરૂ કરવામાં આવી છે.

સંસ્થા દર રવિવારે યોજાનારા તેમના સામાહિક કાર્યક્રમમાં અનન્ય વ્યક્તિત્વ અને પોતાપોતાના ક્ષેત્રના નિષ્ણાંતોને આમંત્રણ આપે છે. જીએસએફ ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસથી માંડીને સામાજિક મૂડી સુધીના વિવિધ વિષયોને આવરી લેતા નિષ્ણાંત વક્તાઓને આમંત્રણ આપે છે. ૨૦૨૧માં જીએસએફ ૬ જુદી જુદી સ્પર્ધાઓ શરૂ કરશે. સૌ પ્રથમ સ્પર્ધા 'ગુજરાતી લઘુવાર્તા કથન સ્પર્ધા'થી શરૂઆત કરશે. વિશ્વભરમાં ફેલાયેલા ૫૦થી વધુ શુભેચ્છકો અને સલાહકારો જીએસએફને હરહંમેશ પ્રોત્સાહિત કરે છે. સ્પર્ધા ૨૯ માર્ચ, ૨૦૨૧ના રોજથી ખુલ્લી મુકાશે. આ માટે એપ્લિકેશનની છેલ્લી તારીખ ૩ એપ્રિલ ૨૦૨૧ નિર્ધારિત કરાઈ છે. વીડિયો સબમિશનની છેલ્લી તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૧ રહેશે, જેનું પરિણામ ૧૬ મે, ૨૦૨૧ના રોજ જાહેર કરાશે. સ્પર્ધા અંગે વધુ માહિતી માટે www.gujaratisahitya.orgનો સંપર્ક કરવા જણાવાયું છે.

# કેનેડામાં કોરોનાનું સંક્રમણ, ૫૨૦૨ નાગરિકો ચપેટમાં

## દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭૦૯૯ નોંધાઈ, સારવાર લઈ રહેલાં ૫૮૬ દર્દીઓની હાલત અત્યંત નાજૂક

ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસનો કેર ગુરુવારે પણ યથાવત રહ્યો હતો. ગુરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં વાયરસથી કુલ સંક્રમિતોનો આંકડો ૫૨૦૨ નોંધાયો હતો. જયારે મોડી સાંજ સુધીમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭૦૯૯ નોંધાઈ હતી. આ જ સમયે દેશમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૫૮૬ દર્દીઓની હાલત અત્યંત નાજૂક હોવાનું આરોગ્ય સુત્રોએ જણાવ્યું હતુ.

પ્રાપ્ત માહિતી મુજબ કેનેડામાં કોરોના વાયરસના બીજા તબક્કામાં ભારે તરખાટ મચી ગયો છે. માર્ચ મહિનામાં પણ વાયરસથી સંક્રમિતોની સંખ્યા ઓછી થઈ ન હતી. ૨૫મી માર્ચે ગુરુવારે સાંજે ૮ વાગ્યા સુધીના વીતેલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૫૨૦૨ નાગરિકોના બ્લડ સેમ્પલમાં કોરોના વાયરસની પૃષ્ટિ થઈ હતી. જેમાં ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૨૩૮૦ કોરોનાગ્રસ્ત દર્દી મળી




આવ્યા હતા. જયારે આ જ સમયગાળામાં ૧૭ દર્દીના મોત થયા હતા. આ ઉપરાંત ક્યૂબેકમાં નવા ૯૪૫ કેસ નોંધાવા સાથે ચાર દર્દીના મોત નિપજ્યા હતા. એ જ રીતે નોવા સ્કોસિયામાં કોરોનાથી વધુ ૩ નાગરિકો સંક્રમિત થયા હતા. અહીં ૨ દર્દી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. આ ઉપરાંત મોનીટોબામાં ૧૧૧ નાગરિકો કોરોના વાયરસની ચપેટમાં આવી ગયા હતા. જયારે ન્યુ બ્રુન્સવીકમાં નવા ૩૦ નાગરિકો કોરોનામાં સપડાયા હતા. બીસીમાં ૮૦૦, અલ્બર્ટામાં ૭૬૪, સાસ્કેચવાનમાં ૧૬૮ કેસ નોંધાયા હતા. નોવા સ્કોસિયામાં વધુ ૩ નાગરિકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યા હતા.

ગુરુવારે સાંજની સ્થિતિએ દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૯૪૬૩૭૦ નોંધાયો હતો. જયારે અત્યાર સુધીમાં દેશમાં કોરોનાને કારણે મોતને ભેટનારાઓની સંખ્યા ૨૨૭૫૯ નોંધાઈ હતી. જેની સામે આરોગ્ય વિભાગની કામગીરી અને પ્રજાની સતર્કતાને કારણે ૮૮૬૫૧૨ જેટલા દર્દીઓ કોરોનાને પછડાટ આપવામાં સફળ રહ્યા હતા.

# કેનેડામાં નવા વેરિયન્ટસના વધતાં કેસો સાથે કોવિડ-૧૯ની ત્રીજી લહેરનો ભય

• લોકોના હોસ્પિટલાઈઝેશન અને મુત્યુદરમાં પણ વધારો થયો,

ટોરોન્ટો : દેશમાં કોવિડના વેરીયન્ટસના વધી રહેલા કેસોને કારણે કોવિડના ત્રીજા તબક્કાની શકયતાઓ વધી ગઈ હોવાનું કેનેડાના ચીફ પબ્લીક હેલ્થ ઓફિસરે સોમવારે જણાવ્યું હતુ.

તેમણે કહ્યું હતું કે, દેશના બધા જ પ્રાંતોએ પણ વેકસીનેશનના પ્રોગ્રામોને ઝડપી બનાવ્યા છે. જેથી સંભવિત ત્રીજા તબક્કા સામે ઝઝૂમી શકાય. ડો. થેરેસા ટેમે કહ્યું હતું કે, હાલમાં ૫૧૫૪ કોવિડ-૧૯ના કેસો છે જેમાં ઝડપથી ફેલાતા વેરીયેન્ટસનો પણ સમાવેશ થાય છે. સૌથી વધુ કેસો એલ્બર્ટા, ઓન્ટેરિયો, બ્રિટીશ કોલંબિયા અને ક્યૂબેકમાં જોવા મળ્યા છે. મોટાભાગના કેસમાં બી.૧.૧.૭ વેરીયન્ટ જે સૌથી પહેલા યુ.કે.માં ઓળખાયો હતો એ જોવા મળે છે અને એ જ માર્ચની ૧૮મી સુધીમાં ૬૫૫ કેસો પૈકી ૬૩૮ કેસોમાં જોવા મળ્યો હતો. ડો. ટેમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સતત વધતા જતા વેરીયન્ટસના કેસોને કારણે ચિંતા વધી રહી છે, વળી, જાહેર આરોગ્યના પગલાઓને જાળવી રાખવા અને પ્રસાર ઘટાડવાના પ્રયાસો પણ વધારવા પડી રહ્યા છે. લોકોના હોસ્પિટલાઈઝેશન અને મુત્યુદરમાં પણ વધારો થઈ રહ્યો છે. હવે પરંપરાગત ટેસ્ટીંગને બદલે કેનેડાની આરોગ્ય એજન્સીએ વધુ સાધનો વિકસાવ્યા છે અને વેરીયન્ટસને ઓળખવા અને અટકાવવાના અભ્યાસો પણ શરૂ કરાયા છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આ વર્ષના આરંભે કેસમાં ઘટાડો થયા બાદ હવે ફરીથી કેસો વધી રહ્યા છે. આમ છતાંય હવે જયારે વેકસીનેશન ચાલી રહયું છે, ત્યારે લોકો માટે નવી આશાઓ પણ જન્મી છે. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ પણ ક્યૂબેકમાં વેકસીનેશનના કામની પ્રસંશા કરતા કહ્યું હતું કે, ૪.૭ મિલીયનથી વધુ લોકોને ડોઝ અપાઈ ચુકયા છે. એ નોંધપાત્ર બાબત છે. ક્યૂબેકના પ્રિમીયર ફ્રાન્કોઈસ લેગાલ્ટે પણ કહ્યું હતું કે, અમે લોકોને રાહત થાય એવા પ્રયાસો કર્યા છે.

## લેલા એની ફર્નાન્ડીઝે મોન્ટેરી ઓપન જીતી પહેલું ડબલ્યુટીએ ટાઈટલ મેળવ્યું



ઓન્ટેરિયો : ક્યૂબેકની ટીનેજર લેલા એની ફર્નાન્ડીઝે રવિવારે રમાયેલી મોન્ટેરી ઓપનની ફાઈનલમાં પ્રતિસ્પધી સ્વીસ કવાલીફાયર વિકટોરીજા ગોલુબિકને ૬-૧, ૬-૪થી હરાવીને કેરીયરનું પહેલું ડબલ્યુટીએ ટાઈટલ હાંસલ કરી લીધું હતું.

જીત મેળવ્યા બાદ તેણે કહ્યું હતું કે, એનું ધ્યાન એના કોચની સુચના અને આયોજન પર જ હતું અને એણે ગેમપ્લાન મુજબ રમીને જીત મેળવી હતી. મેં આ મેચ ફાઈનલ જ છે એમ વિચાર્યું જ નહોતું. કારણ કે, કોઈ બાબત કયારેય ફાઈનલ હોતી નથી. તેણે આ જીત મેળવીને ડબલ્યુટીએની ૨૫૦મી ઈવેન્ટમાં સ્થાન મેળવી લીધું હતું.

# કોરોનાને કારણે ટોરોન્ટો શાળા બોર્ડ સામે શિક્ષકોની ગેરહાજરીની સમસ્યા

ટોરોન્ટો : ઓન્ટેરિયોના કેટલાક સ્કુલ બોર્ડસ સામે જે રીતે કોરોનાને કારણે ગેરહાજર શિક્ષકોની સંખ્યાથી સમસ્યા ઉભી થઈ છે, એ જોતા ટોરોન્ટો વિસ્તારના બોર્ડ વહીવટદારોને, નિષ્ણાંત શિક્ષકોને અને લંચ સુપરવાઈઝરોને આગળ આવવા વિનંતી કરાઈ છે. ધી ટોરોન્ટો કેથોલિક ડીસ્ટ્રીકટ સ્કુલ બોર્ડે કહ્યું હતું કે, કેટલાક સંજોગોમાં એ રીતે કામ ચાલી શકે છે. પરંતુ શિક્ષકોની અછત પૂર્ણ કરવાની તાતી જરૂર છે. વળી, વિદ્યાથીઓની અને સ્ટાફની સલામતીની પણ ચિંતા જરૂરી છે. ઘણાં બોર્ડ કામચલાઉ શિક્ષકોની ભરતી કરીને ઉકેલ શોધે છે. પણ શિક્ષકોની ઓછા સમય માટેની રજાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ત્યારે કોઈ કાયમી ઉકેલ શોધવાની જરૂર છે. મંગળવારે જાહેર કરાયેલા નિવેદનમાં આમ જણાવવામાં આવ્યું હતું. શિક્ષકોના અનેક યુનિયનોએ પણ શિક્ષકો પર વધી રહેલા કામના બોજા અને આરોગ્યલક્ષી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને નવી ભરતી જરૂરી હોવાની રજુઆત કરી હતી. ઘણી શાળાઓમાં કોરોનાનો ખતરો વધી રહ્યો હોવાથી પણ શિક્ષકો ઉપરનું જોખમ વધી રહ્યું છે. આવા સંજોગોમાં કામચલાઉ શિક્ષકોને બદલે કાયમી શિક્ષકોની નિમણુંક જરૂરી બની જાય છે, એમ પણ તેમણે કહ્યું હતું. અત્યારના આંકડાઓ મુજબ ઓન્ટેરિયોની કુલ ૪૭૨૮ શાળાઓ પૈકી ૯૯૭ શાળાઓમાં કોવિડ-૧૯ના કેસ નોંધાયા છે.જે લગભગ કુલ શાળાના ૨૦ ટકા જેટલી છે અને ૪૮ શાળાઓ તો બંધ કરી દેવામાં આવી છે. આવા સંજોગોમાં શિક્ષકો મળવા પણ મુશ્કેલ છે.






# ભારતમાં કોરોનાનો ફરી ખૌફ ડબલ મ્યુટન્ટ વેરિયન્ટ દેખાયો

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં રસીકરણની ઝુંબેશ મોટા ઉપાડે ચાલી રહી હોવા છતાં કોરોના સંક્રમણના આડેધડ કેસથી સ્થિતિ વણસી રહી છે. કેટલાક રાજ્યોમાં મોટા શહેરોમાં લોકડાઉન અને રાત્રિ કર્ફ્યૂ જેવા પ્રયોગો નાકામિયાબ પુરવાર થઈ રહ્યા છે. બુધવારે કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે વધુ એક મોંકાણના સમાચાર આપ્યા હતા. આરોગ્ય મંત્રાલયના મતે દેશમાં કોરોનાના નવા કેસોમાં વાયરસનાં નવાં નવાં સ્વરૂપ દેખાયા છે. તેમાં સૌથી ખતરનાક કોરોના વાયરસનો ડબલ મ્યુટન્ટ વેરિયન્ટ’ છે. આ ડબલ મ્યુટન્ટ વેરિયન્ટ’ બ્રિટનથી આવ્યો છે. હાલ દેશના લોકોમાં કોરોના વાયરસનાં જે નવાં નવાં સ્વરૂપ દેખાય છે તેમાં આ સ્વરૂપનું પ્રમાણ સૌથી વધું છે. દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલ જેવા દેશમાંથી આવેલા વેરિયન્ટ પણ દર્દીના સેમ્પલમાં દેખાયા છે. જો કે, સૌથી વધારે પ્રમાણ આ બ્રિટિશ વેરિયન્ટનું છે. બ્રિટનમાંથી બીજા પ્રકારના વાયરસ પણ હતા. એ પ્રકારના કેસની સંખ્યા કુલ ૧૦,૭૮૭ નોંધાઈ હતી. જયારે ભારતમાં કોરોના વાયરસના જુદા જુદા બ્રિટીશ વેરિયન્ટના ૧૦,૭૮૭ સેમ્પલ લેવાયા હતા. જેમાંથી ૭૩૬ સેમ્પલમાં આ વાયરસ હોવાની પૃષ્ટિ થઈ હતી. સાઉથ આફ્રિકાનો વાયરસ ૩૪ લોકોમાં અને બ્રાઝિલ વેરિયન્ટ એક દર્દીમાં જોવા મળ્યો છે, એ હિસાબે ઈન્સાકોગનો ચેપ વધારે છે.

ભારત માટે સૌથી ચિંતાજનક વાત એ છે કે, સાર્સ-કોવ-ટુ કોન્સોર્ટિયમ ઓન જીનોમિક્સ (ઈન્સાકોગ) જેવું લાંબું નામ ધરાવતો આ વાયરસ સૌથી ખતરનાક છે. કેમ કે એ ડબલ મ્યુટન્ટ છે. મતલબ કે, આ વાયરસનાં બે સ્વરૂપ છે અને એ ઘડીકમાં આ તો ઘડીકમાં બીજું સ્વરૂપ ધારણ કરવા સક્ષમ છે. તેથી એ ઝડપથી પકડાતો નથી. વળી તે બીજા વાયરસ કરતાં વધારે ઝડપથી ચેપ ફેલાવે છે. તેના કારણે ઝડપથી ફેલાવાનો મોટો ખતરો પણ છે. આરોગ્ય મંત્રાલયે હાલ તો એવું કહ્યું છે કે, દેશમાં કોરોનાના કેસો ઝડપથી વધ્યા છે તેને માટે આ નવો વાયરસ જવાબદાર નથી. પણ સરકાર સાચું બોલતી જ હોય એ માનવાને કારણ નથી. આ વાત પણ સાચી છે કે, કોરોનાના મામલે લશ્કર ક્યાં લડે છે તેની જ કોઈને ખબર પડતી નથી. લોકો ફફડી ના જાય એટલે સરકાર લોકોને સધિયારો આપવા માટે આવું કહેતી હોય એ પણ શક્ય છે.

આ ડબલ મ્યુટન્ટ એટલે કે વારેવારે રંગરૂપ બદલતા બહુરૂપી વાયરસના કારણે કોરોનાના અગાઉ જોવા મળેલાં લક્ષણો કરતાં અલગ નવાં લક્ષણ જોવા મળી રહ્યા છે. જે ખરેખર ખતરાની ઘંટડી છે. પહેલાં સતત ઉધરસ આવવી, તાવ આવવો વગેરે લક્ષણ જોવા મળતાં હતાં. તેના બદલે કોવિડના નવા સ્ટ્રેઈનમાં અલગ પ્રકારનાં લક્ષણ જોવા મળે છે. માથાનો દુખાવો, ચામડીના રોગ, ઝાડા થવા, આંખ આવવી, શરીરમાં કળતર અને દુખાવો, ગળામાં દુખાવો, હાથની આંગળીઓ અને પગનાં ટેરવા ફિક્કાં પડી જવા જેવાં પહેલાં કદી ના જોવા મળ્યાં હોય એવાં લક્ષણ આ નવો વાયરસના કારણે કોરોના પોઝિટિવ દર્દીઓમાં જોવા મળી રહ્યા છે. આ નવો વાયરસ દર્દીના શરીરનાં વધારે અંગોને અસર કરે છે. પહેલાં કોરોના ફેફસાંને અસર કરે છે એવું હતું, પણ આ નવા વાયરસમાં તો કોઈ અંગ બાકી જ રહેતું નથી. તે વધારે જીવલેણ કહેવાય. પહેલાં કોરોના થાય તો માત્ર ફેફસાંને નુકસાન ના થાય, તેનું ડોક્ટરોએ ધ્યાન રાખવાનું હતુ. પરંતુ હવે તો આ વાયરસ શરીરના કોઈપણ અંગને અસર કરી શકે છે.

આવા સંજોગોમાં ભારતના ડોક્ટરોએ અને વૈજ્ઞાનિકો માટે પણ મોટો પડકાર ઉભો થવાની શકયતા છે. વળી, દર્દી પરનો ખતરો તો અનેક ગણો વધી જાય છે. આ સંજોગોમાં લાંબો સમય સુધી શરીર પર અસર રહે અને તે વાયરસ વધારે ખતરનાક સાબિત થઈ શકે છે. ગુજરાતના સુરતમાં તો કોરોનાના આ વાયરસનો ભોગ બનેલા એવા લોકો પણ પોઝિટિવ આવ્યા છે જેમાં કોવિડના કોઈ લક્ષણ જોવા મળતાં નથી. નવા વાયરસ વિશે જે પણ વાતો બહાર આવી છે એ બધી ડરામણી જ છે. આ પહેલાં ડીસેમ્બરમાં યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) એટલે કે બ્રિટનમાં કોરોનાના નવા પ્રકારના વાયરસે દેખા દીધી ત્યારે મનાતું હતું કે, કોરોનાનો સૌથી ખતરનાક વાયરસ મેદાનમાં આવી ગયો છે.

પણ આ વાયરસ વિશે સાંભળ્યા પછી તો લાગે કે કોરોના કેટલો કહેર વર્તાવશે તેની કલ્પના કરવી હજી અઘરી છે. ડીસેમ્બરમાં બ્રિટનમાં દેખા દેનારો કોરોનાના નવો વાયરસ જૂના વાયરસ કરતાં ૭૦ ટકા વધારે ચેપી હોવાનું કહેવાતું હતું. હવે તેવા જ ખતરનાક વાયરસની એન્ટ્રીથી ભારતમાં કોરોનાનો અસલી ખેલ શરૂ થયો છે. મોદી સરકાર આ નવા વાયરસથી બહુ ડરવા જેવું નથી અને અત્યારે કોરોનાના કેસો વધ્યા તેના મૂળમાં આ નવો વાયરસ નથી એવી બધી વાતો કરે છે. પણ આ વાતો કોરોનાની દરેક લહેર વખતે થાય છે. ડીસેમ્બરમાં વીયુઆઈ-૨૦૨૦૧૨/૦૧ જેવું લાંબુલચ્ચક નામ ધરાવતો વાયરસ દેખાયો ત્યારે પણ આવ જ વાતો થતી હતી. આ ખતરનાક વાયરસ સાઉથઈસ્ટ ઈંગ્લેન્ડમાં છેક સપ્ટેમ્બરમાં દેખાયો તે વખતે કોવિડ ૧૯ નામના સૌથી જૂના વાયરસનો કેર વધારે હતો. તેથી સૌને તેની ચિંતા વધારે હતી. આ વાયરસનો ચેપ બહુ લોકોને લાગ્યો ન હતો. તેના કારણે પણ કોઈનું ધ્યાન નહોતું ગયું. બે મહિના પછી અચાનક જ આ નવા વાયરસના દર્દીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધવા માંડી છે એટલે ઘોડા દોડતા થઈ ગયા હતા. કોરોનાનો નવા વાયરસ જ્યાં ફેલાયો છે એ સાઉથ ઈસ્ટ ઈંગ્લેન્ડ છેક છેવાડાનો પ્રદેશ છે. ક્રિકેટના રસિયાઓને હેમ્પશાયર, કેન્ટ, બકિંગહામશાયર વગેરે નામો ખબર હશે. આ બધી કાઉન્ટી આ વિસ્તારમાં આવેલી છે. આ વિસ્તારમાં ઓક્સફર્ડ સિવાય કોઈ જાણીતું શહેર નથી.  ઓસ્કફર્ડ પણ છે તો નાનું શહેર પણ ઓકસફર્ડ યુનિવર્સિટીના કારણે જગવિખ્યાત થઈ ગયું. આ આખા વિસ્તારમાં ૮૭ લાખની આસપાસ વસતી છે ને છૂટીછવાયી વસતી છે તેથી પણ અહીં આ નવા વાયરસનો ચેપ લાગ્યો તેને બહુ ગંભીરતાથી નહોતો લેવાયો. પછી આ ચેપ લંડન લગી પહોંચ્યો અને પછી યુરોપમાં ફેલાયો તેમાં બ્રિટન થથરી ગયું હતું.

આ વાયરસના કારણે ગંભીર બિમારી થાય છે એવા કોઈ પુરાવા મળ્યા નથી. અત્યારે આપણું આરોગ્ય મંત્રાલય આવી જ વાતો કરે છે. એ વખતે બ્રિટનના આરોગ્ય પ્રધાન મેટ્ટ હેનકોકે કહી જ દીધું હતું કે, આ નવો વાયરસ સાવ બેકાબૂ બન્યો છે અને કેટલાંને પોતાના ખપ્પરમાં લઈ લેશે એ ખબર નથી. બ્રિટનમાં એ પછી ધડાધડ નિયંત્રણો લદાવા માંડ્યાં હતા. આ વાયરસને ગંભીરતાથી લેવા માટે બીજું મોટું પણ કારણ છે. કોરોનાનો વાયરસ મ્યુટેટિંગ એટલે કે વારંવાર સ્વરૂપ બદલે છે. તેથી આ ખતરાને ટાળવા માટે પણ તેની ચેઈનને તોડવી જરૂરી છે અને એ માટે સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવું જરૂરી છે. ગુરુવારે દિલ્હી અને મહારાષ્ટ્રમા કેસ જોઈને તંત્રની ઉંઘ ઉડી ગઈ હતી. મહારાષ્ટ્રમાં ગુરુવારે ૩૫,૯૫૨ નવા કેસ સાથે ૧૧૧ દર્દીઓના મોત થયા હતા. મુંબઈમાં ૨૪ કલાકમાં ૫૫૦૪ નવા કેસ નોંધાયા અને ૪ દર્દીના મોત નીપજ્યા હતા. જયારે દિલ્હીમાં ૨૪ કલાકમાં દોઢ હજારથી વધારે અને ગુજરાતમાં ૧૯૦૦થી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં પણ કોરોના કેસમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. આ સ્થિતિ જોતા ભારતમાં ફરી કોરોના કેર વર્તાવે તેવી પુરેપુરી શકયતા છે.

manoj1968@yahoo.ca









# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax



**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package

$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ખેડાની તા.પં.માં પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા

## મહેમદાવાદ અને ખેડામાં ભાજપની બે મહિલાઓ પ્રમુખ- ઉપપ્રમુખ બની

નડિયાદ : ખેડા જિલ્લાની નડિયાદ, ખેડા, ઠાસરા અને મહેમદાવાદ તાલુકા પંચાયતોમાં બુધવારે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ ગઈ હતી. ઠાસરા અને ખેડામાં ભાજપના ઉમેદવારોને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે, તો નડિયાદ અને મહેમદાવાદમાં સ્પષ્ટ બહુમતી ધરાવતા ભાજપના ઉમેદવારો સામે કોંગ્રેસના ઉમેદવારોની હાર થઈ છે.

ખેડા તાલુકા પંચાયતમાં ભાજપ ૧૮માંથી ૧૨ બેઠકો જીત્યું છે. અહીં ભાજપના પીનાકીન રાજપૂત પ્રમુખપદે અને અનુરાધા સોલંકી ઉપપ્રમુખપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યાં છે. એ જ રીતે ઠાસરામાં ભાજપને ૨૪માંથી ૧૬ બેઠકો મળી હોવાથી અહીં પણ તેમના કાનાભાઈ સોલંકીની પ્રમુખપદે તથા પન્નાબેન પટેલની ઉપપ્રમુખપદે બિનહરીફ વરણી થઈ છે.

નડિયાદ અને મહેમદાવાદ તાલુકા પંચાયતમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળેલી છે. નડિયાદમાં ૨૬માંથી ૧૭, જ્યારે મહેમદાવાદમાં ૨૬માંથી ૨૦ બેઠકો ભાજપને ફાળે ગઈ છે. બન્ને પંચાયતોમાં આજે ઔપચારિક ચૂંટણી પ્રક્રિયા પછી ભાજપના ઉમેદવારોને વિજયી જાહેર કરવામાં આવ્યા છે. નડિયાદમાં સંજયસિંહ મહિડા તાલુકા પંચાયતના પ્રમુખપદે અને રમેશ પરમાર ઉપપ્રમુખપદે ચૂંટાઈ આવ્યા છે. મહેમદાવાદમાં રમીલાબેન પરમારની પ્રમુખપદે તથા વિનુબેન ડાભીની ઉપપ્રમુખપદે વરણી થઈ છે.

**નડિયાદ તાલુકા પંચાયતના હોદ્દેદારો**
- રશ્મિકાંત પટેલ (કારોબારી ચેરમેન)
- વિક્રમસિંહ ઉદેસિંહ પરમાર(પક્ષના નેતા)
- રમીલાબેન દિનેશભાઈ સોલંકી (દંડક)

**મહેમદાવાદ તા.પં.ના હોદ્દેદારો**
- રમીલાબેન ભીખાભાઈ પરમાર (પ્રમુખ)
- વિનુબેન દેવસિંહ ડાભી (ઉપપ્રમુખ)
- અંકીત મુખી (કારોબારી ચેરમેન)

**ખેડા તાલુકા પંચાયતના હોદ્દેદારો**
- પીનાકીન પોપટભાઈ રાજપૂત(પ્રમુખ)
- અનુરાધા ભરતભાઈ સોલંકી(ઉપપ્રમુખ)
- અશોકકુમાર પટેલ (કારોબારી ચેરમેન)

# આણંદમાં લાલચ આપી કિશોરીને એક મહિના સુધી હવસનો શિકાર બનાવી

આણંદ : આણંદ જિલ્લામાં રહેતી એક સગીરાને ખંભોળજ ગામના યુવાને ગિફ્ટની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હતું. એટલું જ નહીં સગીરાને જો આ બાબતે કોઈને વાત કરીશ તો તારા પરિવારને મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. આ અંગે કિશોરીના પરિવારને જાણ થતાં તેણીની માતાએ દુષ્કર્મ આચરનાર યુવક સહિત બે સામે ખંભોળજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આણંદ જિલ્લામાં રહેતી અને ધોરણ ૯માં અભ્યાસ કરતી એક કિશોરીને ખંભોળજના અલ્પેશ પાઉલ રાઠોડે હું તારા માટે ગિફ્ટ લાવ્યો છું. તું શૈલેષના ઘરે આવી જજે તેમ કહેતાં ઈશારો કર્યો હતો. સવારે ૭.૩૦ વાગ્યાના સુમારે શાળાએ જતી વખતે સગીરા અલ્પેશના કહ્યા મુજબ શૈલેષના ઘરે પહોંચી ગઈ હતી. જ્યાં અલ્પેશે તેની સાથે દુષ્કર્મ આચરી શાળાના સમય સુધી શૈલેષના ઘરમાં જ બેસાડી રાખી હતી. તેમજ જો કોઈને કહીશ તો કારા મમ્મી, તારા ભાઈ અને તારા દાદીને મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. ત્યારબાદ એક માસ દરમિયાન અવારનવાર સગીરાને તેણે હવસનો શિકાર બનાવી હતી. આ અંગે કિશોરીએ પોતાના પરિવારજનોને જણાવતાં કિશોરીની માતાએ ખંભોળજ પોલીસ મથખે અલ્પેશ પાઉલ રાઠોડ અને શૈલેષ દાઉદ ગોબર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાંથી પ્રથમવાર વડોદરાનો બ્લાઈન્ડ વિદ્યાર્થી દર્પણ ઈનાની સીએ બન્યો

વડોદરાઃ ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા જાન્યુઆરી માસમાં લેવાયેલી સીએની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. શહેરના ૧૨૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૪ સીએ બન્યા છે. ઉપરાંત ગુજરાતમાં પ્રથમવાર શહેરનો બ્લાઈન્ડ વિદ્યાર્થી અને ચેસ માસ્ટર દર્પણ ઈનાની સીએ બન્યો છે.

સીએ ફાઈનલની પરીક્ષામાં નવા કોર્સના ગ્રુપ ૧માં ૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી જેમાંથી એક વિદ્યાર્થી પાસ થયો જ્યારે ગ્રુપ ૨માં ૪૮ વિદ્યાર્થીઓમાંથી ૯ પાસ થયા છે. જ્યારે બંને ગ્રુપની કુલ ૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી બંને ગ્રુપ એક વિદ્યાર્થીએ જ્યારે ગ્રુપ ૨માં ૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે આમ કુલ ૧૪ વિદ્યાર્થીઓ પાસ થતા વડોદરાનું પરિણામ ૧૧.૨૦ ટકા રહ્યું છે.

# બોડેલીઃ પૂજાની થાળીમાં વરરાજા થૂંક્યો ને જાન લીલાતોરણે ફરી

બોડેલીઃ બોડેલીમાં એકજ સમાજના યુવક- યુવતીના વડીલો દ્વારા એરેન્જ મેરેજ ગોઠવાયા હતા. કન્યા પક્ષે તો એક લાખ રૂ.ના ખર્ચે મંડપ અને ચાર પાંચ લાખ રૂ.ના ખર્ચે જમણવારનો કાર્યક્રમ રખાયો હતો. જે બાદ ૪૦૦થી વધુ તો જાનૈયાઓ આવ્યા હતા. બંને પક્ષે ડીજેની ધુમ ચાલતી હતી. હવે ચોરીએ સપ્તપદીના ફેરા ફરવાના હતા અને તે પૂર્વે સામાન્ય નાની વિધિઓ કરવાની હતી

કન્યાની માતા થનાર જમાઈ માટે થાળીમાં દિવો સહિતની ચીજવસ્તુઓ લઈ અગમણું કરવા પહોચ્યા હતા. અગમણા માટે તેઓ થાળી લઈ જેવા વરરાજા પાસે પહોંચ્યા કે વરરાજા આ પૂજાની થાળીમાં ત્રણ વાર થુંક્યા ! અને આ દ્રશ્ય જોતાં જ લગ્ન મંડપમાં એકદમ સન્નાટો છવાઈ ગયો હતો. કન્યાની માતા આ દ્રશ્ય જોઈ અચંબિત થઈ ગયા અને તેમનો થનાર જમાઈ આવું કેમ કરી રહ્યો છે? તેઓ સમજી ન્હોતા શક્યા.

જે બાદ વરરાજાને કન્યા સમક્ષ લઈ જવાયો અને તેને પૂછયું આ તમારા કોઈ થાય? ત્યારે વરરાજાએ કહ્યું કે તે મારી બેન થાય.! હવે તો સૌના આશ્ચર્યનો પાર રહ્યો ન હતો ! વધુમાં વરરાજા સતત પોતાના શરીરે ખંજવાળ કરી રહ્યા હતા. છેવટે કન્યા પક્ષે મીટીંગ કરી આ યુવાન સાથે કન્યાને ન પરણાવવાનો નિર્ણય લેતા જાન લીલા તોરણે પરત ફરી હતી.

# દેવગઢ બારિયામાં એક જ ઓઢણીથી ઝાડ પર લટકી પ્રેમીપંખીડાની આત્મહત્યા

દેવગઢ બારિયા : દુધિયા ગામે રહેતા ભુપત સોમાભાઈ બારીયાની ૧૮ વર્ષની પુત્રી વર્ષા મંગળવારે સાંજે ઘરે કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી પરિવારજનોએ તપાસ કરતા તે મળી ન હતી. રાત્રિના એક વાગ્યાના સુમારે સંજેલી ગામના સમસ્યા ફળિયામાં રહેતા લાલાભાઈ બળવંતભાઈ ધારવા તેનો ભાઈ પ્રકાશ ધારવા તેમજ અન્ય ત્રણ માણસો બાઈક લઈને વર્ષાના ઘરે આવીને કહેલ કે તમારી છોકરી ક્યાં છે અમારો ભાઈ અર્જુન પણ ઘરે મળતો નથી. બાદમાં વર્ષાના પિતાએ જણાવેલ કે અમારી છોકરી ઘરે નથી અને સાંજના ક્યાંક ચાલી ગઈ છે આજુબાજુ તપાસ કરેલ તો ક્યાંય મળેલ નથી. દરમિયાન દુધિયા અને સીંગેડી ગામની વચ્ચે આવેલ ડુગરી બાજુમાં આંબાના ઝાડ ઉપર વર્ષા તેમજ અર્જુનની લાશ લટકે છે તેવી ખબર બહાર આવી હતી.



# વિદેશના વીઝાને નામે ૩૨૫ને ઠગનાર સુરતનો ભેજાબાજ ગોવાથી ઝબ્બે

**• દંપતીએ તે લોકો પાસેથી કુલ રૂ.૬.૫૦ કરોડ ઉઘરાવ્યા હતા**

સુરત : મૂળ સુરતના પાલનપુર કેનાલ રોડ વિસ્તારમાં રહેતા દંપતીએ ૩૨૫ લોકોને કેનેડાની વર્ક પરમીટ વિઝા અપાવવાનો ઝાંસો આપ્યો હતો. આ દંપતીએ તે લોકો પાસેથી કુલ રૂ.૬.૫૦ કરોડ ઉઘરાવ્યા હતા. જો કે, તે પછી અનેક લોકોને પરમીટ વીઝા ન મળતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી સંદીપ જીતેન્દ્ર કાપડિયાની મહેસાણા એસઓજી પોલીસે અગાઉ ધરપકડ કરી હતી.

સંદીપ કાપડિયા અને તેની પત્ની અવની કાપડીયાએ ફરીયાદી કેતન દેસાઈને કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાના નામે છેતરપિંડી કરવાનું કાવતરૂ રચ્યું હતુ. આ દંપતીએ પોતાની ફર્મ “સ્પેક્ટ્રાઈમીગ્રેશન એન્ડ ઈન્ટરનેશનલટુર્સ” દ્વારા અનેક વ્યક્તિઓને કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવા વિશ્વાસ અપાવ્યો હતો. જુન-૨૦૧૮થી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૩૨૫ ગ્રાહકો પાસેથી તેઓએ પૈસા પણ લીધા હતા. આ રકમ તેણે એડવાન્સ તરીકે લીધી હતી. જે બાદ કોઈપણ વ્યક્તિના કેનેડાની કોઇપણ કંપનીએ ઓનલાઇન ઈન્ટરવ્યુ લીધું ન હતુ.

આમ છતાં કેટલીક કંપનીના બોગસ લેટર પકડાવી દેવાયા હતા. આટલું ઓછું હોય તેમ તે દંપતીએ ગ્રાહકોના U.C.I NO, વિઝા કન્ફરમેશન પત્ર, મેડીકલ તથા પી.સી.સી. તથા પાસપોર્ટસ બમીશન લેટર તથા e-TA વિઝા જેવા દસ્તાવેજો કેનેડા હાઈકમિશન દિલ્હી ખાતે મોકલી આપ્યા હતા.

ફરીયાદીના ઈ-મેઈલ એડ્રેસમાં આ બનાવટી દસ્તાવેજો સાચા તરીકે બતાવાયા હતા. કેતન દેસાઈએ આ મામલે ફરિયાદ કરીને સંદિપ કાપડીયા પાસે પોતાના ગ્રાહકોની ફાઈલો કેન્સલ કરી ફી-પેટે એડવાન્સ ભરેલા નાણા પરત માગ્યા હતા. જો કે આરોપી સંદિપ કાપડીયાએ રૂ.૪૧,૪૬,૪૨૮/- પરત કરવા બાબતે તા.૩૦/૦૧/૨૦૨૦નો કેનેડીયન એમ્બેસીનો પણ બનાવટી રીફન્ડ કન્ફર્મેશન લેટર મોકલી આપી ફરીથી છેતરપિંડી કરી હતી.

# ડેલકર આપઘાત અંગે FIR રદ કરવા કલેક્ટરની અરજી

વાપી : દાનહના સાંસદ મોહન ડેલકરે ગત ૨૨મી ફેબ્રુઆરીએ મુંબઈના મરિન વિસ્તારની હોટલમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ પોલીસે હોટલના રુમમાંથી મોહન ડેલકરની સ્યુસાઈડ નોટ કબજે કરી હતી. સ્યુસાઈડ નોટમાં મોહન ડેલકરે દાનહના પ્રશાસક પ્રફુલ પટેલ તથા કલેકટર સંદીપકુમાર સિંગ સહિત ૪૦થી વધુ લોકોના નામ લખ્યા હતા. આ પ્રકરણમાં પ્રદેશમાં ભારે પ્રત્યાઘાત પડયા બાદ મુંબઈ પોલીસે તા. ૯ માર્ચના રોજ એફઆઈઆર દાખલ કરી દાનહ પ્રશાસક તથા કલેકટર સહિતના અધિકારીઓ સામે ગુનો નોંધ્યો હતો.

બીજી તરફ દાનહના કલેકટરે આ એફઆઈઆર રદ કરવાની યાચિકા દાખલ કરી મહારાષ્ટ્ર સરકાર, અભિનવ ડેલકર તથા દમણ-દીવ, દાદરા નગરહવેલીના હાઈકોર્ટમાં સ્ટેન્ડિંગ કાઉન્સિલ એચ.એસ. વેનેગાંવકરને પક્ષકાર બનાવ્યા છે. હવે એફ.આઈ. આર.ની તપાસ શરૂ થવા પૂર્વે એ રદ કરવાની યાચિકાને લઈ કાનૂની દાવપેચનો મામલો બનતો જણાઈ રહ્યો છે.

# આણંદના નિવૃત્ત DYSP બ્રહ્મભટ્ટ દોહિત્ર સિદ્ધાર્થની સુરતમાં હત્યા

આણંદ : આણંદ શહેરના બાકરોલ રોડ ઉપર આવેલ સિધ્ધાર્થ કુટીર ખાતે રહેતા અને વ્યાજે નાણાં ધીરધારનો ધંધો કરતા સિધ્ધાર્થ રાવ સુરત ખાતે ગયા હતા. જ્યાં સરથાણા વિસ્તારમાં તક્ષશીલા નજીક આજે સવારના સુમારે સિધ્ધાર્થ રાવ એક ઈનોવા કારમાં હાજર હતા ત્યારે ટ્રાફિકથી સતત ભરચક એવા આ માર્ગ ઉપર અજાણ્યા હુમલાખોરોએ અસંખ્ય ચપ્પાના ઘા ઝીંકી દેતા ગંભીર રીતે ઘવાયેલ સિધ્ધાર્થ રાવ લોહીલુહાણ હાલતમાં કારની સીટ ઉપર જ ફસડાઈ પડયો હતો. દરમ્યાન આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવતા હુમલાખોર શખ્શો ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. સ્થાનિકોએ ગંભીર રીતે ઘવાયેલ સિધ્ધાર્થ રાવને સુરતની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# સુરતમાં નિર્માણ પામતી બિલ્ડીંગમાં માટી ધસી પડતા ૬ દબાયા, ૪ મોત

સુરતઃ સુરતના મોટાવરાછા વિસ્તારમાં બિલ્ડિંગમાં અંડર ગ્રાઉન્ડ બેઝમેન્ટનું કામ ચાલતુ હતુ ત્યારે ઉપરથી માટી ધસી પડતા કામ કરતા છ શ્રમજીવીઓ દબાઈ ગયા હતા. જે પૈકી ચારના મોત થયા હતા.જયારે બેને બચાવી લેવાયા હતા.ફાયરનાં કાફલાએ ઘટના સ્થળે પહોંચી સતત ત્રણ કલાક સુધી કામગીરી કરી હતી. અબ્રામા રોડ સ્થિત ચેકપોસ્ટ નજીક સિલ્વાસા પેરેડાઈઝ નામની નિર્માણ પામતી બિલ્ડીંગના અંડર ગ્રાઉન્ડ બેઝમેન્ટમાં છ જેટલા શ્રમજીવી સેન્ટીંગ કામ કરી રહ્યા હતા. દરમિયાન અચાનક ઉપરથી માટી નીચે પડતા માટી અને દિવાલ વચ્ચે છ શ્રમજીવીઓ દબાયા હતા. ઘટનાને પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા. આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.


BRAND NEW HOUSE ON SALE

Semi Detach 4 Bedrooms Semi Detach Brand New House In Brampton 75 Allegro Dr. Brampton, With Lots Of Upgrades , 2 & Half Washrooms On Side Basement Door, Easy To Rent Out, Not Finished, Single Garage

To See Model Go On Ownvalleyview.Com (Pine Model)

Asking Firm Price One Ml / Ninety Thousands.

Call Navin 514-909-1190



Imperial PEST CONTROL

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:

1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services

All Pest Control:

Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control

Removal:

Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking

Free Estimates & Written Guarantee

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

We represent many insurance companies, we can shop around for best rates.



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અંજારમાં વેપારીની પુત્રીનું અપહરણ કરી ૧૦ કરોડ માંગવાના ગુનાનો ભેદ ઉકેલાયો

અંજાર : અંજારમાં વેપારીની પુત્રીનુ અપહરણ કરી ૧૦ કરોડની ખંડણી માંગવાના કેસમાં અંજાર પોલીસે બે મહિના બાદ ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. આ અંગે વેપારીની ફરીયાદ બાદ પુત્રી તો હેમખેમ મળી આવી હતી, પરંતુ અપહરણકારો નાસી ગયા હતા. ઝડપાયેલા ૪ આરોપીઓની પુછપરછમાં એક લુંટનો ભેદ પણ ઉકેલાયો છે.



આ વિશે મળતી માહિતી પ્રમાણે વેપારીની પુત્રીનુ અપહરણ કરનાર ૪ શખ્સો બે કાર સાથે અંજાર પોલીસના હાથે તો લાગી ગયા છે. ઝડપાયેલ આરોપી પૈકી ઉપેન્દ્ર વિશ્વકર્મા અગાઉ ભોગ બનનાર વેપારીને ત્યા કામ કરતો હતો. રવજી અને હિતેશને પૈસાની જરૂર હતી, જેથી તેમણે અપહરણ ખંડણીનો પ્લાન બનાવાયો હતો. એક મહિના પહેલા વેપારીની પુત્રીના ટ્યૂશન સહિત આવવા-જવાના રસ્તાઓ પર રેકી કરાઇ હતી. અને ૧૫ તારીખે વેપારીની પુત્રીનુ અપહરણ કરાયુ હતુ. જો કે પોલીસ તપાસ તેજ બનતા વેપારી પુત્રીને મુકી અપહરણ અને ખંડણીખોર નાસી ગયા હતા. જો કે અંજાર પોલીસે આ મામલે ૪ શખ્સોની ધરપકડ કરી છે. જેમાં હિતેશ ઉર્ફે રાજ કાતરીયા કે જે ફિલ્મ માર્કેટીંગ કામ સાથે સંકડાયેલો છે, તો રવજી ઉર્ફે રવી ખીમજી સોરઠીયા, વિકાસ દયારામ કાતરીયા તથા હસમુખ બાબુ માળીની સંડોવણી બહાર આવતા ધરપકડ કરાઇ છે.

# જામનગરમાં યુવાનના અંગદાનથી ૩ના જીવનમાં ખુશીના રંગો રેલાયા

જામનગર : જામનગરના ૨૭ વર્ષના એક યુવાનના અંગ દાનથી અન્ય ૩ લોકોની જીંદગી ખુશખુશાલ થઈ ગઈ છે. અમદાવાદમાં સારવાર માટે ખસેડાયેલા જામનગરના એક યુવાનને તબીબોએ ચાર દિવસ પહેલાં જ બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો. જે બાદ તેના અંગદાનથી અન્યની જીંદગીમાં ખુશી વધી શકે તે માટે પરિવારને સમજણ અપાતા પરિવાર સમંત થઈ ગયો હતો. ડોક્ટરોની સલાહ મુજબ મૃતકનું લીવર અને બન્ને કીડનીનું દાન કરાયું હતુ. આ મૃતક જામનગરના સુભાષ માર્કેટ વિસ્તારમાં રહેતો ખવાસ જ્ઞાતિનો લખમન દિનેશભાઈ પરમાર હતો. લખમન થોડા દિવસો પહેલાં કાલાવડના નિકાવા પાસે મંદિરે ગયો હતો. જયાંથી પરત થતી વખતે તેને અકસ્માત નડતાં તેને માથામાં ઈજા થઈ હતી. જે બાદ તેને જામનગરની સરકારી અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે, તેની સ્થિતિમાં કોઈ સુધારો થતો ન હતો. આખરે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં તેના મગજનું ઓપરેશન કરાયું હતુ. જો કે, તમામ પ્રયાસ છતાં તેની સ્થિતિ બગડી હતી. આખરે ડોક્ટરોએ તેને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો. જે બાદ તબીબોની સલાહથી તેના અંગોનું દાન કરાયું હતુ. લીવર અને બન્ને કીડનીનું દાન થતાં ૩ માનવજીંદગીમાં ખુશીના મોટા અવસર આવ્યા છે.

# જેતલસર તરુણી હત્યા કેસને ફાસ્ટટ્રેક કોર્ટમા ચલાવવા માટે સરકારે મંજૂરી આપી : પાટીલ

જેતપુર : જેતપુર તાલુકાના જેતલસર ગામે સગીરા સૃષ્ટિ રૈયાણીની એકતરફી પ્રેમી જયેશે છરીના ૩૫ ઘા ઝીંકી હત્યા કરી હતી. આ અંગે આજે ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ જેતલસર પહોંચ્યા હતા અને મૃતકના પરિવારને સાંત્વના આપી હતી. ભોગ બનનાર સગીરાને પુષ્પાજંલિ અર્પણ કરી તેમણે તેના પરિવારને આરોપીને કડકમાં કડક સજા અપાવવાની બાંયધરી આપતાં જણાવ્યું હતું કે ગામમાંથી ભયનું વાતાવરણ દૂર કરાશે. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે હજુ તો શિક્ષણ મેળવવાની ઉંમરે આવી રીતે દીકરીની હત્યા થઈ જાય એ દુઃખદ છે. આવા બનાવોને કડક હાથે ડામી દેવા વર્તમાન ગુજરાત સરકાર કટિબદ્ધ છે. CMની સૂચનાથી રાજ્ય મંત્રી જયેશ રાદડિયા સતત મૃતક તરુણીના પરિવાર સાથે સંપર્કમાં છે. જેતલસરમાં એક પટેલ દીકરીની હત્યાથી આખા ગામમાં ભયનું વાતાવરણ છે.

# સલામત ગુજરાતનો દાવો પોકળ, ભુજમાં ચપ્પુ બતાવીને પરિણીતા ઉપર ગેંગરેપ

ભુજ : ભુજમાં યુવાન પરિણીતા તેના ઘરે બેડરૂમમાં મોબાઈલ ફોન જોતા જોતા આરામ કરી રહી હતી. આ સમયે ૧૨થી ૧૨.૪૫ વાગ્યા હતા. દરમિયાનમાં આરોપી નુરમામદ સુમાર બાફણ તેમજ અકબર ઉર્ફે અકો મયાત્રા તથા તેના બે સાગરિતો તે મહિલાના ઘરે પહોંચી ગયા હતા. પીડિતાના ઘરે જઈ પહોંચ્યા હતા. ત્યારબાદ નુરમામદ બાફણ તેમજ અકબરે જઈને યુવતીના મોંઢાને હાથથી દાબી દીધું હતુ. સાથે જ પરિણીતાના કપડાં પણ આ શખ્સોએ ફાડી નાંખી તેને ક્ષોભજનક સ્થિતિમાં મુકી દીધી હતી. વળી, નરાધમો આટલેથી અટક્યા ન હતા. તે સમયે બે અજાણ્યા શખ્સોએ પરિણીતાના હાથ પકડી રાખ્યા હતા અને નુરમામદ અને અકબરે યુવતી સાથે બળજબરી શારિરિક સંબંધ બાંધ્યો હતો. પરિણીતા સાથે રેપ કરતી વખતે તેણીના ગાલ, છાતી અને શરીરના અન્ય ભાગો પર નખથી ઈજા કરાઈ હતી. ઘટના બાદ તે ચારેય શખ્સો પરિણીતાને ઘરે છોડી ચાલ્યા ગયા હતા. જો કે, પરિણીતાએ હિંમ્મત રાખીને આરોપી સામે ફરિયાદ નોંધાવવા નિર્ણય કર્યો હતો. તેથી તેણીએ તેના પતિને જાણ કરતાં પતિ તાત્કાલિક ઘરે આવી પહોંચ્યો હતો. પતિએ તેણીને હોસ્પિટલમાં ખસેડીને તાત્કાલિક સારવાર શરૂ કરાવી હતી.

# વાંકાનેર નગરપાલિકામાં ભાજપના સભ્યોનો બળવો: ૧૪ કાર્યકરો સસ્પેન્ડ કરાયા

અમદાવાદઃ વાંકાનેર પાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપથી નારાજ થયેલા સભ્યો દ્વારા તેના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેના ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા હતા. ત્યારે ભાજપના નેતા જીતુ સોમાણી સહિતના ભાજપના ચૂંટાયેલા સભ્યો ચૂંટણીમાં હાજર હોવા છતાં પણ ભાજપનો પરાજય થયો હતો. વાંકાનેર નગરપાલિકામાં ભાજપ સામે બળવો કરનારાઓના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા હતા. ત્યાર બાદ તમામ ૧૪ સભ્યોને ભારતીય જનતા પાર્ટીમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા છે. ભાજપમાંથી મીરા ભટ્ટી, દેવુ પલાણી, કાંતિ કુંઢીયા, કોકીલા દોષી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેમા ત્રિવેદી, ભાવેશ શાહ, રાજ સોમાણી, જશુ જાદવ, જયશ્રી સેજપાલ, સુનીલ મહેતા, શૈલેષ દલસાણીયા, માલતી ગોહેલ અને ભાવના પાટડિયાને બરતરફ કરાયા છે.

# મુન્દ્રામાં પિતાએ ૯ વર્ષીય પુત્રને મોતને ઘાટ ઉતારી લાશ જમીનમાં દફનાવી દીધી

- વિકલાંગ અને બીમારીથી પીડાતા પુત્રને પિતાએ મોતને ઘાટ ઉતાર્યો હોવાની ચર્ચા

ભુજ : મુન્દ્રામાં ગંભીર અને ચકચારી ઘટના બનતા સમગ્ર જિલ્લામાં ચર્ચાઓનું બજાર ગરમ થયું છે.વિકલાંગ અને બીમારીથી પીડાતા પુત્રને પિતાએ મોતને ઘાટ ઉતાર્યો હોવાની વાત સામે આવવા પામી છે જેને પગલે નાના કપાયા નજીક આવેલ જંગલ વિસ્તારમાંથી દફનાવેલી લાશ કાઢીને જામનગર પીએમ માટે મોકલવામાં આવી છે. શંકાસ્પદ મોત અંગે પરિવારજને પોલીસ સમક્ષ શંકા રજૂ કરતા તપાસ દરમિયાન આ હકીકતો સામે આવી છે હાલ તો પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતના કારણો અંગે પોલીસ દ્વારા સતાવાર પુષ્ટી અપાશે.

મુન્દ્રા ટાઉનમાં રહેતા હરીશ કામીના ૯ વર્ષીય પુત્રના શંકાસ્પદ મોતનો કિસ્સો સામે આવ્યો છે. સોમવારે તેના મૃતદેહને નાના કપાયા વિસ્તારમાં દાટી દેવાયો હતો. પરંતુ પરિવારના કોઈ સભ્યએ તેના મૃત્યુ અંગે મુન્દ્રા પોલિસ મથકે આવી શંકા વ્યક્ત કરી હતી. જેથી મુન્દ્રા પોલિસે તેની ઉંડાણપુર્વક તપાસ શરૂ કરી છે. મૃતક દિનેશ હરીશ કામી ૯ વર્ષનો છે. અને તેના પિતા છુટક કામ કરી પેટીયુ રળે છે. સોમવારે તેનુ અચાનક મૃત્યુ થયુ હતુ અને તેની લાશ નાના કપાયા નજીક દાટી દેવાઈ હતી.

જો કે બિમાર રહેતા પુત્રની તેના પિતાએજ હત્યા કરી હોવાની શંકા ઉભી થતા મુન્દ્રા પોલિસે સ્થળ પર પંચનામા સાથે મેજીસ્ટ્રેટની હાજરીમાં રૂબરુ મૃતદેહને બહાર કાઢયો હતો.પીએમ માટે મૃતદેહ જામનગર મોકલવામાં આવ્યો છે.

# કાર્ગો ઝૂંપડપટ્ટીમાં બે જુથ વચ્ચે ધીંગાણું, નવ જણા ઈજાગ્રસ્ત

ગાંધીધામ : કાર્ગો ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ઘર પાસેથી ગટરના પાણી વહેવા મુદે પડોશીઓ વચ્ચે પ્રથમ બોલાચાલી થયા બાદ ઉશ્કેરાટમાં શસ્ત્રો સાથે ધીંગાણું ખેલાયું હતું. આ ઘટનામાં ૯ લોકોને ઈજાઓ પહોંચી હતી જેમને રામબાગ લઈ જવામાં આવ્યા હતા. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસની વિગતો અનુસાર, આજે સવારે કાર્ગો ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૧૧ વાગ્યાની આસપાસ ઘર પાસે ગટરના પાણી વહેવા મુદે બે પડોશી પરિવારો વચ્ચે બોલાચાલી થયા બાદ બન્ને પક્ષના લોકો હાથમાં હથિયારો, પથ્થર વગેરે લઈને એકબીજા પર તુટી પડયા હતા.

# ભચાઉમાં નર્મદા કેનાલમાં ડુબી જતાં કોલી પરિવારના ૩ના મોત

ગાંધીધામ : ભચાઉ તાલુકાના લોધેશ્વર નજીક આવેલા કરમરીયા ગામ ખાતે આજે સવારે ૮:૩૦ ના ગાળામાં આ કરુણાંતીકા સર્જાઈ હતી. વોંધથી આવી રહેલો પરિવાર અહીં પાણી પીવા રોકાયો હતો. છકડામાં જઈ રહેલા આ પરિવારમાં પિતા માનસંગ હીરા કોલી છકડો ચલાવી રહ્યા હતા જ્યારે પાછળની બાજુએ તેમની પુત્ર શાંતિબેન માનસંગ કોલી અને પુત્ર બળદેવ માનસંગ કોલી બેઠા હતા. છકડો ઉભો રાખ્યા બાદ બળદેવ પાણી પીવા કેનાલની પાળે ગયો હતો. પાણી પીતા-પીતા અચાનક બળદેવનો પગ લપસી ગયો હતો અને તે ડુબવા લાગ્યો હતો જે જોઈને બહેન શાંતિએ દોડી જઈને તેને બચાવવા કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી. પ્રવાહને કારણે બન્ને ડુબવા લાગ્યા હતા જેથી પોતાના વ્હાલસોયા સંતાનોને બચાવવા માનસંગ પણ કેનાલમાં કુદી પડયો હતો. ત્રણેય લોકો પ્રવાહનો સામનો કરી શક્યા નહોતા. છકડાને ઉભેલો જોતાં પસાર થતા લોકોને શંકા જતાં કેનાલમાં જોતાં લોકો ડુબી રહ્યાનું સામે આવતાં વાત વાયુ વેગે ફેલાઈ હતી અને લોકો એકઠા થઈ ગયા હતા.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## સરહદ અને આંતર રાષ્ટ્રીય સ્તરે કુટનીતિમાં સતત પછડાટ પછી પણ ચીનની નીતિમાં સુધારો આવતો નથી

# બ્રહ્મપુત્રા પર ડેમ, ચીનનો જળ-યુદ્ધનો ઈરાદો

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ચીનમાં સામ્યવાદી પ્રણાલી વર્ષોથી અમલમાં છે. શાસન પદ્ધતિ છે. જો કે, અત્યાર સુધી આ પદ્ધતિથી કોઈ દેશને ખાસ કોઈ ફાયદો થયો ન હોવાથી અનેક દેશ તેને ત્યજી ચુક્યા છે. ચીન-ક્યુબા-ઉત્તર કોરિયા જેવા બે પાંચ દેશમાં જ આ સામ્યવાદ ચાલે છે. હકીકતમાં તો એ સરમુખત્યારશાહી છે. લોકતંત્રના અનેક સિદ્ધાંતો વિરુદ્ધના કાર્યો આ સામ્યવાદશાહીવાળા દેશમાં ચાલે છે. સામ્યવાદી ચીનમાં ઝિનપિંગ સર્વેસર્વા છે. એ દેશનું સંચાલન કરે, જ્યારે નીતિ-નિર્ધારણનું કામ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના દ્વારા થતું હોય છે. ૨ હજાર સભ્યો ધરાવતી સીપીસીની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ચીનની ૧૪મી પંચવર્ષીય યોજના રજૂ કરવામાં આવી હતી. પંચવર્ષીય યોજનાની વાત ભારત માટે નવી નથી, પરંતુ ભારતમાં ભાગ્યે જ કોઈ પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો પુરા થઈ શક્યા છે. જો કે, ચીનમાં આ પ્રકારની યોજનાના લક્ષ્યાંકો પુરાં ન થાય તો જવાબદાર નેતા અને અધિકારીઓ ફાંસીએ લટકતા હોય છે.

ચીને ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન દેશના વિકાસ માટે શું શું કરવું, તેના ૬૦ પ્રસ્તાવ રજૂ કર્યા છે. પ્રસ્તાવમાં દેશને અગ્રણી અર્થતંત્ર બનાવી રાખવું, સરેરાશ સાત ટકાના દરે વિકાસ કરવો, બેરોજગારીનો દર ૫.૫ ટકાથી નીચો રાખવો, ૬૫ ટકા વસ્તીને શહેરોમાં સમાવી લેવી, સરેરાશ આયુષ્ય કમસેકમ એક વર્ષ વધે એ પ્રકારે હેલ્થી સમાજ બનાવવો, ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવું, સર્વોત્તમ ક્વોલિટીના રોડ-રસ્તા બાંધવા, વિજ્ઞાન-ટેકનોલોજી ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવો વગેરે બાબતોને આ વખતે મહત્વ અપાયું છે. ચીન તેના પ્રોજેક્ટ સમયમર્યાદા કરતા પહેલા પુરો કરવા માટે જાણીતો દેશ છે. વિકાસની તમામ વ્યાખ્યાઓ તેણે ધરમૂળથી બદલી નાખી છે. એટલે આજે જગતમાં જેટલી હાઈ-સ્પીડ (બુલેટ) ટ્રેન ચાલે છે, તેમાંથી ૭૦ ટકા એકલા ચીનમાં છે. એ ચીનના ૨૦૨૫ સુધીના આયોજનમાં કેટલાક પ્રસ્તાવો એવા છે, જે ભારત જેવા પડોશીને સીધી રીતે નડવાના છે. તો કેટલાક પ્રસ્તાવો એવા છે, જે વિશ્વશાંતીને જોખમમાં મુકશે અને એટલે આડકતરી રીતે ભારતને નડવાના છે. જેમ કે, બ્રહ્મપુત્ર પર ડેમનું નિર્માણ કરવા તે માંગે છે. બ્રહ્મપુત્ર નદી તિબેટથી શરૂ થાય છે, અરૂણાચલમાંથી ભારતમાં પ્રવેશે છે અને છેવટે બાંગ્લાદેશના છેડે સમુદ્રમાં વિલિન થાય છે. એ નદી ઉપર કબજો જમાવવા માટે ચીન એક પછી એક બંધ બાંધવાનું શરૂ કરી દીધું છે. ચીનનું આયોજન ધારે ત્યારે પાણી રોકી શકાય, ધારે ત્યારે છોડી શકાય એ પ્રકારનું છે. પાણી રોક્યા પછી અચાનક છોડવામાં આવે તો હેઠવાસમાં ભારે પુર આવે અને તારાજી સર્જાય તેમ છે.

આસામ-અરૂણાચલ સહિતના નોર્થ ઈસ્ટમાં દર વર્ષે બ્રહ્મપુત્રમાં પુર આવે છે, એ બધું કુદરતી નથી હોતું. ચીન એ પુરને કંઈક અંશે નિયંત્રિત કરે છે. હવે ચીન ભારતના અરૂણાચલની સરહદ નજીક વધુ એક બંધ બાંધવાની તૈયારી કરી રહ્યો છે. આ પ્રોજેક્ટ જ્યારથી ચર્ચામાં આવ્યો ત્યારથી ભારત-બાંગ્લાદેશે તેનો વિરોધ કર્યો છે. કેમ કે, જે નદીઓ એકથી વધારે દેશમાં પસાર થતી હોય, તેના પર કોઈ પણ પ્રોજેક્ટ કરતાં પહેલા બધા દેશોને વિશ્વાસમાં લેવા પડે. પરંતુ ચીન પહેલાથી જ એવી કોઈ પ્રથામાં માનતું નથી. માત્ર મનમાની કરવી એ ચીનનો સ્વભાવ છે.

એટલે તેણે આ પ્રકારે કેટલીક નદી પર કેટલાક ડેમો બાંધી દીધા છે. આ ઉપરાંત હોંગકોંગનું ઉદાહરણ પણ લઈ શકાય તેમ છે. હોંગકોંગ જગતનું અગ્રણી શહેર છે અને શહેર આસપાસનો કુલ લગભગ ૧૨૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર છે. હોંગકોંગ એશિયાનું અને જગતનું અગ્રણી બંદર છે, જેના પર બ્રિટિશરોનું શાસન હતું. બ્રિટિશરોએ ૧૯૯૭માં ખાલી કર્યું, ત્યારે ચીનને વાલીપણું સોંપતા ગયા હતા. ત્યારે બ્રિટને શરત રાખી હતી કે, હોંગકોંગની લશ્કરી અને અન્ય બાબતો સિયાવ ચીને દખલગીરી કરવી નહીં.

હોંગકોંગની સરકાર સ્વતંત્ર રહેશે, ચીને માત્ર ધ્યાન રાખવાનું. ચીનને એવી શરતો હવે માફક આવી રહી નથી. હોંગકોંગ ઉપર સંપૂર્ણ કબજો જમાવવા માટે ત્યાં રાષ્ટ્રીય સુરક્ષાના નામે સરમુખત્યારશાહી કાયદા દાખલ કરાઈ રહ્યા છે.

ચીનને વફાદાર હોય એવા નેતાઓ જ સત્તામાં આવી શકશે એવો કાયદો પણ બનાવી દેવાયો છે.

ચીનમાં સીપીસીની બેઠકમાં એ અંગે મતદાન થયું ત્યારે તમામ ૨૮૯૫ સભ્યોએ મતદાન કરી હોંગકોંગનું ભાવિ નક્કી કરી નાખ્યું હતુ. જો કે, હોંગકોંગવાસીઓ ચીન સાથે ભળવા માંગતા નથી. બ્રિટન-અમેરિકા હોંગકોંગવાસીઓની સાથે છે. ચીન જો આક્રમક વલણ અપનાવશે તો આગામી જંગ હોંગકોંગ મુદ્દે ખેલાઈ શકે છે. અમેરિકા-બ્રિટન ચીનની દાદાગીરી સામે ઘૂંટણિયે પડી જશે તો પછી હોંગકોંગને ચીનના તાબામાં આવતું કોઈ અટકાવી નહીં શકે.

ચીન દરેક ક્ષેત્રે અમેરિકાની બરોબરી કરવા મથામણ કરતું રહ્યું છે. છેલ્લા બે દાયકામાં ચીને વિશ્વના વેપારમાં સરેરાશ ૩૦ ટકા ફાળો આપ્યો છે. ચીન વિશ્વનેતા બને તો એ તેનો અધિકાર છે, પણ ચીનનું વલણ આપખુદ રહ્યું છે. અમેરિકા ગમે તેવું હોય તો પણ ત્યાં વિરોધ-વાંધો રજૂ થઈ શકે છે. જ્યારે ચીનમાં એ શક્ય નથી. ચીન વિશ્વ નેતા વિશ્વના નહીં માત્ર પોતાના વિકાસ માટે બનવા માંગે છે. ટેકનોલોજીમાં ચીન અમેરિકાથી આગળ વધવા માંગે છે. એ અમેરિકા ઉપરાંત ભારત માટે પણ જોખમી હશે. કેમ કે, ટેકનોલોજીનું સૌથી મોટું બજાર ભારત છે. ભારતમાં લોકો બોયકોટ ચાઈનો, ચીની પ્રોડક્ટના બહિષ્કારના મેસેજ ફોરવર્ડ કરતાં હોય છે અને મોટેભાગે તો ફોરવર્ડિંગ માટે ચીની બનાવટના કે ચાઈનિઝ કંપનીના જ ફોન વાપરતા હોય છે. એટલે સ્પષ્ટ છે કે ટેકનોલોજી વિકસાવવામાં તથા ટેકનોલોજીક પ્રોડક્ટ, ગેજેટ્સ, ઈલેકેટ્રોનિક્સ ડિવાઈસ ઉત્પાદનમાં ચીન ઘણુ આગળ છે. નબળી પ્રોડક્ટ અને સબળા માર્કેટિંગના જોરે ચીને ભારત સહિત ઘણા દેશોના બજાર સર કર્યા છે.

આ ઉપરાંત તિબેટની આગવી સંસ્કૃતિ છે, લોકોનું જીવનધોરણ અનોખું છે અને ૧૯૫૯થી કબજા છતાં ચીન તેમાં ખાસ પરિવર્તન કરી શક્યું નથી. હવે ચીને વિકાસનો રસ્તો અપનાવ્યો છે. પાંચ વર્ષમાં ૩૦ અબજ ડૉલરના ખર્ચે તિબેટમાં વિકાસકાર્યો કરવા છે. નવાં રસ્તા બનાવશે, જૂના રસ્તા નવા કરશે, હાઈ-સ્પીડ રેલ દોડાવશે.. તેનાથી તિબેટને કોઈ લાભ થાય ન થાય, સાંસ્કૃતિ ઓળખ જરૂર ભુંસાઈ જશે. વળી તિબેટ પર પકડ મજબૂત થાય એટલે નુકસાન ભારતને થાય. કેમ કે તિબેટ એક સમયે ભારત-ચીન વચ્ચે બફર સ્ટેટ હતું. તિબેટ પર ચીને કબજો જમાવ્યો ત્યારે ભારત તેને રોકી શક્યું નહીં, હવે તિબેટમાં ધરાર દખલગીરી થઈ રહી છે, તેને નહીં રોકાય તો તેની વિપરિત અસર સીધી ભારત સરહદ પર પડશે.

આધુનિક ચીનના વિકાસમાં પંચવર્ષીય યોજનાઓનો મોટો ફાળો છે. ચીનની પંચવર્ષીય યોજનાઓ પર આખા જગતની નજર રહે છે. બ્રહ્મપુત્ર પર ચીન બંધ બાંધશે તો ભારત સાથેના જળ-યુદ્ધની શરૂઆત થશે તેમ ચોક્કસ માની શકાય તેમ છે.



**ચીને પંચવર્ષીય યોજનાને નામે ૬૦ પ્રસ્તાવોને મંજૂરી આપી દીધી છે, આ પૈકી અનેક વિકાસ કામો એવા છે કે, જે ભારત જ નહીં દુનિયાના અનેક દેશ સાથે ટકરાવની સ્થિતિ સર્જશે**

સ્વદેશ



## ફોલોઅર્સ મામલે ઉર્વસીએ રણવીરને પાછળ છોડ્યો

ઉર્વશી રતોલા સામાન્ય રીતે પોતાના બોલ્ડ અને ગ્લેમરસ લુક માટે ચર્ચામાં હોય છે. તે પોતાના હોટ એન્ડ બોલ્ડ લુકથી સોશિયલ મીડિયાના પોતાના ફેન્સને ઘાયલ કરતી રહે છે. હાલમાં જ તેણે ઇન્સ્ટાગ્રામ પર ચાહકોની સંખ્યા બાબતે રણવીર સિંહને પાછળ ધકેલી દીધો છે. રિપોર્ટના અનુસાર, કિલર સ્માઇલ માટે જાણીતી ઉર્વશી રતોલાના ઇન્સ્ટાગ્રામ પર ૩૯.૯ મિલિયન ફોલોઅર્સ થઇ ગયા છે. ઇન્સ્ટાગ્રામ પર તે એશિયાની સૌથી વધુ ફોલો થનારી યંગેસ્ટ વૂમન્સની લિસ્ટમાં આવી ચુકી છે.



# બોલીવૂડમાં બધાને કામ મળે છે : કિયારા અડવાણી



**૨૦૨૧ ઉપર કિયારાની આશાભરી નજર**

કિયારા અડવાણીનું ૨૦૨૦નું વર્ષ સારું ગયું, જેમાં તેની બે ફિલ્મો ઓટીટી પર રિલિઝ થઈ– એક હતી 'ગિલ્ટી' અને બીજી હતી સુપરસ્ટાર અક્ષયકુમાર સાથેની 'લક્ષ્મી'. આ ફિલ્મના નામ અંગે ઘણો વિવાદ થયો. અંતે 'લક્ષ્મી બોમ્બ' નામ બદલીને 'લક્ષ્મી' રખાયું. જો કે એ પછી 'ઇન્દુ કી જવાની' ફિલ્મ થિયેટરોમાં રિલિઝ થઈ. ૨૦૨૦ તો ગયું, પણ હવે તેની નજર ૨૦૨૧ પર છે અને તેનો ફેબ્રુઆરી મહિનો પણ શરૂ થઈ ગયો છે આ વર્ષ માટે પણ તે એટલી જ રોમાંચક છે કેમ કે આ વર્ષે તેની 'જુગ જુગ જિયો', 'ભૂલ–ભૂલૈયા–૨' અને 'શેરશાહ' આવવાની છે. ૨૦૧૪થી કિયારાએ બોલીવૂડમાં પદાર્પણ કર્યું અને એ પણ 'ફુગ્લી' થકી. આ અભિનેત્રી શક્ય હોય ત્યાં સુધી વૈવિધ્યસભર ભૂમિકા અને જેનરની ફિલ્મો સ્વીકારવા પ્રતિબધ્ધ છે અને એક આઉટસાઇડર તરીકે પણ આ ખોટું છે, એવું પણ કહેતી નથી, પણ સાથે આત્મવિશ્વાસપૂર્વક કહે છે કે બોલીવૂડમાં મારું સ્થાન સલામત છે. બોલીવૂડમાં ચાલતી ગળાકાપ સ્પર્ધાને કારણે કોઈ પ્રકારનું દબાણ અનુભવે છે ખરી ? એવા એક પ્રશ્નના ઉત્તરમં કિયારા સાવ સહજતાથી કહે છે કે મને ખબર છે કે મારે અહીં કેવા પ્રકારની ફિલ્મો કરવી છે. બેશક, મારા માટે ઘણી પસંદગીના વિકલ્પો પણ નથી. છતાં હું શાંતિથી રાહ જોઉં છું. સદ્નસીબે, આજે ઘણા વિકલ્પો મળી રહે છે, પણ હું ચોક્કસપણે સ્વીકારીશ કે પસંદગી વધુ વિકટ બની ગઈ છે. હું એવા પ્રકારની વ્યક્તિ છું જે કામ કરવા તે ઇચ્છે છે, એ કોઈ પણ હિસાબે કરવા માગે છે. મારે કળાના સંતુલનને શીખવાની જરૂર છે.

શું બોલીવૂડ દરેક માટે કામ કરવા લાયક છે? એવું પૂછાતાં કિયારાએ જણાવ્યું, 'મારા માટે ઘર તો મારો પરિવાર છે અને બોલીવૂડ તો મારા કામનું સ્થળ છે. જો કે મેં અહીં જે લોકો સાથે કામ કર્યું છે એ મારા માટે ખૂબ સ્પેશિયલ છે અને હું એ બધા પ્રત્યે ઘણો આદર ધરાવું છે. આ બધા જ મારી જર્નીના હિસ્સેદાર છે અને આજે તો એકવાર કન્ટેન્ટનું સર્જન થઈ જાય અને પ્લેટફોર્મ ઉપલબ્ધ થઈ જાય છે એ પછી તો દરેક જણા માટે પર્યાપ્ત કામ ઉપલબ્ધ બને. અમે એ બધુ મહામારી દરમિયાન શોધી કાઢ્યું હતું. હું તો માનું છું કે આ એક એવું સ્થલ છે જેના માટે દરેકને કામ મળી શકે છે.

## રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ : મોત બાદ પણ છવાયો સુશાંત




મુંબઈઃ ૬૭માં રાષ્ટ્રિય ફિલ્મ પુરષ્કાર સેરેમનીનું આયોજન આજે સોમવારે થયું, કોરોના વાયરસ રોગચાળાનાં પગલે સેરેમની એક વર્ષ મોડી યોજાઇ, દર વર્ષે ૨ મેનાં દિવસે યોજાતી આ એવોર્ડ સેરેમનીનું આયોજન નેશનલ મીડિયા સેન્ટરમાં થયું, જ્યાં કેન્દ્રીય સુચના અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરે ફિલ્મ પુરષ્કારોની ઘોષણા કરી, સેરેમનીમાં ૨૦૧૯માં બનેલી ફિલ્મો માટે પુરષ્કારોની ઘોષણા કરવામાં આવી અને તેમાં વિજેતા બનેલી ફિલ્મોની માહિતી આ મુજબ છે. રાષ્ટ્રિય ફિલ્મ પુરષ્કારનાં ૬૭માં સમારોહમાં સુશાંત સિહ રાજપૂતની ફિલ્મ છિછોરે ને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે, ત્યાં જ કંગના રનૌતને મણિકર્ણિકા માટે બેસ્ટ એક્ટ્રેસ પસંદ કરવામાં આવી છે. એક્ટર મનોજ વાજપેયીને ફિલ્મ ભોંસલે માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો અવોર્ડ અપાયો છે. અરુણ ચઢ્ઢાએ નોન-ફીચર ફિલ્મની જાહેરાત કરી છે. શ્રેષ્ઠ વર્ણન – વાઈલ્ટ કર્ણાટકા, શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શક – વિશાખ જ્યોતિ, સવિતા સિંહે ફિલ્મ સૌંસી માટે બેસ્ટ સિનેમેટોગ્રાફરનો એવોર્ડ મળ્યો છે. નોક નોક નોક માટે બેસ્ટ ડાયરેક્ટ સુધાંશુ સરિયા, શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ – રાધા, બેસ્ટ નોન ફિચર ફિલ્મ – એન એન્જિનિયર ડ્રીમ, હેમંત ગાબા દ્વારા નિર્મિત, ફિચર ફિલ્મ માટે એવોર્ડની જાહેરાત. સ્પેશ્યલ મેન્શન – બિરયાની (મલયાલમ), જોનાકી પોરવા (આસામી), લતા ભગવાન કરે (મરાઠી), પિકાસો (મરાઠી). શ્રેષ્ઠ હરિયાણવી ફિલ્મ – છોરિયા છોરે સે કમ નહીં

## આમિર ખાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો



નવી દિલ્હીઃ સામાન્ય લોકોની સાથે સાથે બોલિવુડના કલાકારોમાં પણ કોરોના પૂરજોશમાં વ્યાપી રહ્યો છે. અનેક સેલિબ્રિટી કોરોના પોઝિટિવ નોંધાયા છે ત્યારે સુપરસ્ટાર આમિર ખાનનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. કોરોનાથી સંક્રમિત થયા બાદ આમિર ખાને પોતાની જાતને ઘરમાં સેલ્ફ ક્વોરેન્ટાઈન કરી દીધી છે અને પોતાના સંપર્કમાં આવેલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવાની સલાહ આપી છે. જાણવા મળ્યા મુજબ આમિર ખાનની તબિયત હાલ સારી છે.

## એશા દેઓલ રૂપેરી પડદે કમબેક કરવા તૈયાર



મુંબઇ: હેમા માલિની અને ધર્મેન્દ્રની પુત્રી એશા દેઓલ ફરી એક વખત રૂપેરી પડદે જોવા મળવાની છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં અભિનેત્રીએ આ વાતનો ઇશારો કર્યો છે. એશાએ જણાવ્યું હતુ ંકે તે રૂપેરી પડદે પાછી ફરવાની તૈયારી કરી રહી છે. તે હાલ ઘણી ફિલ્મોની વાર્તા વાંચી અને સાંભળી રહી છે. તે જલદી જ કોઇ ફિલ્મની ઘોષણા કરશે.તેણે એમ પણ કહ્યું હતું કે, ભગવાનની કૃપાથી મને સારું કામ મળી રહ્યું છે અને હું રૂપેરી પડદે ફરી પાછી ફરવાની તૈયારી કરી રહી છું.

## બીગ-બી FIAF એવોર્ડ મેળવનારા પ્રથમ ભારતીય



મુંબઇ: પીઢ અભિનેતા અમિતાભ બચ્ચનને પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફિલ્મ આકઇવ્સ એવોર્ડસ ૨૦૨૧થી સમ્માનિત કરવામાં આવ્યા છે. અમિતાભે આ સમ્માન શુક્રવારે ૧૯ માર્ચના સાંજના એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં હોલીવૂડ ફિલ્મમેકર્સ માર્ટિન સ્કોર્સેસે અને ક્રિસ્ટોફર નોલનથી પ્રાપ્ત કર્યો હતો. અમિતાભ આ સમ્માન મેળવનારા પ્રથમ ભારતીય બન્યા છે. ફિલ્મ જગત સાથે જોડાયેલા લોકોને આ એવોર્ડથી સમ્માનત કરવામાં આવે છે.

## સનીનો પુત્ર રાજવીર બોલીવૂડમાં ડેબ્યુ કરશે



બોલીવૂડમાં એક પછી એક સ્ટાર કિડ ડેબ્યુ કરી રહ્યા છે. તેમાં હવે સની દેઓલના નાના પુત્ર રાજવીરનું નામ પણ બોલાઇ રહ્યું છે. કહેવાય છે કે, સનીનો આ નાનો પુત્ર રાજવીર બોલીવૂડમાં ડેબ્યુ માટે તૈયાર છે. સની દેઓલે મોટા પુત્ર કરણને પોતાની ફિલ્મ દ્વારા એન્ટ્રી આપી હતી. કરણે પલ પલ દિલ કે પાસ હૈ ફિલ્મથી કારકિર્દી શરૂ કરી, જોકે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ઉકાળી શકી નથી. હવે કરણનો નાનો ભાઇ રાજવીર પણ ફિલ્મોમાં ભાગ્ય ચમકાવા આવી રહ્યો છે.

## રિયા ચક્રવર્તી આગામી ફિલ્મના ટ્રેલરમાં જોવા મળી



મુંબઇ: નિર્માતા આનંદ પંડિતની આગામી ફિલ્મ ચહેરેમાં રિયા ચક્રવર્તી ફિલ્મનો હિસ્સો છે કે નહીં તે બાબતે લોકોમાં અટકળ હતી જેના પર હવે પૂર્ણવિરામ આવી ગયું છે. ફિલ્મના નિર્માતા આનંદ પંડિતે ફિલ્મ ચહેરેનું ટ્રેલર લોન્ચ કર્યુ છે, જેમાં રિયા જોવા મળી રહી છે. અત્યાર સુધી નિર્માતાએ રિયા આ ફિલ્મનો હિસ્સો છે કે નહીં તે બાબતે ચૂપકીદી સેવી હતી. જોકે હવે તેમણે યોગ્ય સમયે પોતાના તરફથી સ્પષ્ટતા કરીને ટીકાકારોના મોઢા બંધ કરી દીધા છે. તેમણે રિયા બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, રિયા આ ફિલ્મનો હિસ્સો નથી તે વિશે કોઇ પ્રશ્નાર્થ જ નહોતો. તે ફિલ્મનો હિસ્સો હતી, છે અને રહેશે. તે મારી ફિલ્મ ચહેરેમાં કામ કરી રહી છે. બોલીવૂડમાં સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે, ફિલ્મનો નિર્માતા તેની ફિલ્મનની ટીમના પક્ષમાં તેમજ હિતમાં જ ઇચ્છતો હોય છે. આ જ વાત ફિલ્મ ચહેરેના નિર્માતા આનંદ પંડિતે ફરી એક વખત પુરવાર કરી આપી છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મ ચહેરા એક થ્રિલર ફિલ્મ છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Entrepreneur/Investor Business/
Self Employed/Farm Owner

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# વાળની એક નહીં પણ અનેક સમસ્યાને દૂર કરવાના ઉપાય

વાળ ખરવાની, નાની ઉંમરે વાળ સફેદ થઈ જવાની, ઓછા ગ્રોથની, ડેન્ડ્રફની, સ્પ્લીટેન્ડ્સની સમસ્યા સ્ત્રીઓ માટે કોમન બનતી જાય છે. એવું નથી કે આ સમસ્યા માત્ર સ્ત્રીઓને જ સતાવે છે. પુરુષો પણ આ તકલીફથી પીડાય જ છે. પણ વાળ માટે સ્ત્રીઓ વધારે સજાગ હોવાથી તેની સમસ્યા સ્ત્રીઓને તકલીફદાયક જલદીથી લાગતી હોય છે. એક સરવે એવું કહે છે કે આજકાલની જીવનશૈલી, ક્ષારવાળું પાણી, ખરાબ વાતાવરણ આ બધાંને કારણે દસમાંથી ૯ સ્ત્રીઓ એવી છે જેને વાળની સમસ્યાનો સામનો કરવો પડે છે. તેથી જ બજારમાં વેચાતાં શેમ્પૂ ભલે મોંઘાં હોય તો પણ વેચાય જ જાય છે. વાળની સમસ્યા એટલી હદે થવા લાગી છે કે હવે સ્ત્રીઓ જેટલાં મોંઘાં શેમ્પૂ એટલું જ વધારે સારું રિઝલ્ટ એમ માનીને સસ્તાને બદલે બીજી વસ્તુઓમાં થોડી વધારે કરકસર કરીને મોંઘાં શેમ્પૂ લેવાનું પસંદ કરતી હોય છે. ખેર, આપણી પાસે અમુક ખાદ્યપદાર્થ એવા પણ છે જેના વપરાશથી વાળની અલગ અલગ સમસ્યા તો દૂર થશે જ સાથે સાથે મોંઘાં મોંઘાં શેમ્પૂમાં પૈસા પણ નહીં ખર્ચવા પડે. તો ચાલો, તે વિશે થોડું જાણી લઈએ.

## એલોવેરા અને મધ

આ બંને વસ્તુઓ ફક્ત આપણી ત્વચા માટે જ નહીં પરંતુ, વાળ માટે પણ વરદાનસમાન સાબિત થાય છે. આ વસ્તુઓમાં વિટામિન, સેલેનિયમ અને અનેકવિધ પ્રકારનાં પોષકતત્ત્વો સમાયેલાં હોય છે, જે વાળ લાંબા, સ્વસ્થ અને મજબૂત બનાવે છે. જો તમે એલોવેરામાં એકસમાન માત્રામા મધ મિક્સ કરીને તેની પેસ્ટ વાળમાં 30 મિનિટ લગાવી અને ત્યારબાદ વાળ પાણીથી ધોઈ લો તો તમારા વાળ એકદમ મુલાયમ બને છે, જે ફ્રીઝી વાળની સમસ્યાથી પીડાતા હોય તેમણે આ ઉપાય ચોક્કસ અજમાવવો.

## ગાજર

આપણે જાણીએ છીએ કે ઠંડીમાં વાળ ખરવાની સમસ્યા એકાએક વધી જાય છે. એવામાં જો તમે આ ઋતુમાં ગાજરનું ભરપૂર માત્રામાં સેવન કરો અથવા ગાજરનો રસ કાઢીને તેને અઠવાડિયામાં બે વાર સ્કેલ્પમાં લગાવશો તો તે તમારા ખરતા વાળની સમસ્યાને તુરંત દૂર કરશે. તેમાં સમાવિષ્ટ બાયોટીન તમારા વાળને શાઈની બનાવે છે અને હેરફેલ સામે રક્ષણ આપશે.

## ડુંગળી

જો તમે પણ ખરતા વાળ અને ટાલની સમસ્યાથી પીડાઈ રહ્યા હોવ તો તેના માટે ડુંગળીનો રસ ખૂબ જ લાભદાયક સાબિત થઇ શકે છે. એમાં પણ ખાસ કરીને સફેદ ડુંગળીનો રસ ખૂબ જ વધારે ગુણકારી સાબિત થાય છે. જો તમને ડુંગળીના રસની ગંધ તીવ્ર લાગતી હોય તો તમે તેમાં કોકોનટ ઓઈલ અથવા લીંબુનો રસ ઉમેરી તેને મિક્સ કરી તમારા સ્કેલ્પ પર લગાવો તમારા વાળ ખરતા તુરંત બંધ થઈ જાય છે.

## લસણ

આ વસ્તુમાં એલિસિન નામનું પોષકતત્ત્વ સમાવિષ્ટ હોય છે, જે તમારા વાળની સમસ્યાઓ પર દેશી ઔષધી તરીકે કાર્ય કરે છે. આ સિવાય જો તમારા વાળ વધારે ખરતા હોય તો અઠવાડિયામા બે વાર બે ચમચી લસણના રસમાં એક ચમચી કોકોનટ ઓઈલ મિક્સ કરીને તેને વાળનાં મૂળમાં લગાવો અને એક કલાક પછી તમારા વાળ વોશ કરી લો તો તમારી વાળ ખરવાની સમસ્યા તુરંત દૂર થઇ જશે અને તમારા વાળ કાળા અને મજબૂત બનશે.

# હોળી-ધૂળેટીનું મહા પર્વઃ ફાગણ સુદ પૂનમ

ભારતીય પૌરાણિક શાસ્ત્રોકારોએ પોતાના ગ્રંથોમાં વર્ષમાં આવતા કેટલાક વણ માગ્યાં, લોકાચાર યુક્ત વિશેષ મુહૂર્તોનો વિશેષ ઉલ્લેખ કર્યો છે, જેવા કે દશેરા, બેસતું વર્ષ વસંત-પંચમી અખાત્રીજ અને ધૂળેટી. ગુજરાત જેવા રાજ્યોમાં તો વૈષ્ણવ મંદિરોમાં વસન્ત પંચમીથી હોળી-ધૂળેટી સુધી તેમાં અબિલ ગુલાલથી હોળી રમીને આ રંગોત્સવનાં તહેવારને ઉજવવાનો પ્રારંભ થાય છે. લોક વ્યવહારમાં કેટલાક સ્થળે ધૂળ-રેલી-મેશથી હોળી ખેલવાથી આ પર્વ 'ધૂળેટી'ના નામથી સુવિખ્યાત છે. તો સંસ્કૃતમાં 'ધૂલિવંદન' થી ધૂળેટી પર્વ ઓળખાય છે.

**આ વર્ષે ૨૮મી માર્ચે હોલીકાદહન અને ૨૯મીએ ધૂળેટી ઉત્સવનું આયોજન છે**

શામળાજી-દ્વારિકા બેટદ્વારિકા, ડાકોર જેવા વૈષ્ણવ તીર્થોમાં-ફાગણના આ માસમાં મોટા લોક મેળા ભરાય છે. તો દેશમાં ખાસ કરીને વૃંદાવન ગોકુળમાં ભવ્ય રીતે 'હોલિકા ઉત્સવ'ની ઉજવણી થાય છે. આ દિવસોમાં પોતાના પ્યારા લાલજીને અબિલ ગુલાલ ઉડાડે છે. નવા કેસરિયા વાઘા પહેરાવાય છે. અને આ રીતે એમનો હોલોત્સવ વિધિનો પ્રારંભ થાય છે. ગુજરાતની સરહદે ડાંગ જિલ્લાનાં આદિવાસીઓમાં દિવાળીની જેમ જ હોળી-ધૂળેટીનો રંગોત્સવ મનાવવામાં આવતો. એ સિવાય બ્રિટિશ શાસન કાળ દરમિયાન ડાંગ જિલ્લાનાં રાજાઓનો સત્કાર કરવામાં આવતો. આ પ્રસંગને ઉજવવા આદિવાસી પ્રજા આનંદ-ઉલ્લાસથી હોળી-ધૂળેટી મનાવવામાં આવતી. વૈદિક કાળમાં ફાગણી પૂનમે નવા વર્ષનો પ્રારંભ ગણાવાતો. આ મંગલ પર્વને ઉજવવા, સૂર્યદેવતા તરફ આદર વ્યક્ત કરવા, અગ્નિ પ્રગટાવીને 'અગ્નિપૂજા' કરવામાં આવતી. આ તુગત તહેવાર સૌ પ્રજાની ખેતી, સુખ-સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય અને ગાઢ સંબંધ ધરાવે છે.



# Carded Products

આપણે બધાને હંમેશા સેવિંગ્સ કરવાની આદત હોય છે. આ સેવિંગ્સમાંથી આપણે જીવન જરૂરીયાતની વસ્તુ લેતાં હોઈએ છે. આ વસ્તુ લેતાં પહેલાં આપણે ઘણાં સ્ટોર્સમાં તથા ઓનલાઈન વેબ સાઈટ પર ભાવની સરખામણી કરીએ છે. અને જે વેબ સાઈટ પર ભાવ વ્યાજબી હોય ત્યાંથી લેવાનું નક્કી કરીએ છે. આજકાલ ઓનલાઈન શોપિંગ ટ્રેન્ડ વધ્યો છે જેથી લોકો અવનવી રીતે ફ્રોડ કરતા હોય છે.

કાર્ડેડ પ્રોડક્ટ શું છે? કોઈ વ્યક્તિની ક્રેડિટકાર્ડ ડીટેલ ચોરી કરીને એ કાર્ડ કોઈ વસ્તુ ખરીદવા માટે વાપરવામાં આવે તેને કાર્ડેડ પ્રોડક્ટ કહે છે. ક્રેડિટકાર્ડની માહિતી સ્કીમિંગ, ફિશિંગ અથવા તો ડાર્ક-વેબ દ્વારા મેળવી શકાય છે. આવી રીતે માહિતી મેળવવી અને તેનો ઉપયોગ કરવો સાયબર ક્રાઈમ અંતર્ગત સજાપાત્ર ગુનો છે.

કાર્ડેડ પ્રોડક્ટ ફેક શોપિંગ વેબસાઈટ તથા ટેલીગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વેચવામાં આવે છે. જેમાં મોટે ભાગે મોંઘી વસ્તુઓ જ વેચવામાં આવે છે. જેમાં વસ્તુનો ભાવ 10% જેટલો જ એટલે કે iPhone-11 એક લાખને બદલે દસથી બાર હજારમાં વેચવામાં આવે છે. આવી જ રીતે DSLR કેમેરા 8 હજારમાં અને લેપટોપ 7 હજારમાં વેચવામાં આવે છે. જયારે તમે સ્કેમર એટલે કે વેચનાર સાથે વાતચીત કરો છો ત્યારે તમારી પાસે વસ્તુના 50% જેટલી રકમની માંગણી કરવામાં આવે છે. આ રકમ ઓનલાઈન ચુકવવાની હોય છે. ચુકવણી બાદ સ્કેમર દ્વારા તમને બ્લોક કરી દેવામાં આવે છે જેથી તમે તેની સાથે કોઈ પણ રીતે વાતચીત કરી ન શકો.

લોભામણા ભાવને કારણે આવું બનતું હોય છે. આ રીતે ઘણા ઓનલાઈન શોપિંગ ફ્રોડ વધ્યા છે. જો વેચનારની પૂરતી માહિતી ન હોય તો વસ્તુ ખરીદવી ન જોઈએ. જો તમે ઓનલાઈન શોપિંગના શોખીન હોવ તો મોટેભાગે ટ્રસ્ટેડ શોપિંગ વેબસાઈટ પર થી જ વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. અને ટ્રસ્ટેડ શોપિંગ વેબસાઈટ પર પણ રીટર્ન/ રીપ્લેસમેન્ટ પોલીસી જોઈને જ વસ્તુ ખરીદવી.

@beinghumanmj

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::



જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM



# કોરોના રિવર્સ : નવા ૧૯૬૧ કેસ, વધુ ૭ના મોત

## અત્યાર સુધીમાં કુલ ૨૮૦૨૮૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૫૫૮ કેસ

અમદાવાદ : ગુજરાતમાં કોરોનાની બીજી લહેરનો ડર દરેક લોકોને ડરાવી રહ્યો છે. તેના વચ્ચે લોકો માટે માઠા સમાચાર મળી રહ્યા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાની બીજી લહેર લગભગ ૧૦૦ દિવસ સુધી રહેશે. જો ૧૫ ફેબ્રુઆરીથી તેની શરૂઆત માનવામાં આવે, તો મેં સુધી તેની અસર જોવા મળી શકે છે. ૨૩ માર્ચના ટ્રેન્ડને આધાર માનવામાં આવે તો દેશમાં બીજી લહેરથી લગભગ ૨૫ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ શકે છે. ગુજરાતમાં આજે કોવિડ ૧૯ના ૧૯૬૧ કેસ નોંધાતા હાહાકાર મચી ગયો છે. ગુજરાતમાં આ આંકડો અત્યાર સુધીનો સર્વાધિક આંકડો છે, બીજી બાજુ ૧૪૦૫ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે પહોંચ્યા છે. અત્યાર સુધીમાં ૨,૮૦,૨૮૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચૂક્યા છે. રાજ્યમાં સાજા થવાનો રેસિયો ૯૫.૨૯ ટકાએ પહોંચ્યો છે. આજે ગુજરાતમાં કોરોનાના નવા ૧૯૬૧ કેસની વાત કરીએ તો આજે રાજ્યમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. આજે વધુ ૭ દર્દીઓના મોત થયા છે, જ્યારે આજે વધુ ૧૪૦૫ દર્દીઓ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે પહોંચ્યા છે. અમદાવાદમાં ૫૫૮ કેસ અને એકનું મોત, સુરતમાં ૬૨૮ કેસ, ૪નાં મોત થયા છે, ત્યારબાદ વડોદરામાં ૧૮૪ અને રાજકોટમાં ૧૬૮ કેસ, જામનગરમાં ૪૪ અને ગાંધીનગરમાં ૩૮ કેસ, ભાવનગરમાં ૩૧ અને જૂનાગઢમાં ૮ કેસ, નર્મદામાં ૨૭, પાટણમાં ૨૪, બનાસકાંઠામાં ૧૯ કેસ, દાહોદ – કચ્છમાં ૧૯ – ૧૯, ખેડા – મહેસાણામાં ૧૮ – ૧૮ કેસ, અમરેલી, આણંદ, સુરેન્દ્રનગરમાં ૧૬ – ૧૬ કેસ, મહિસાગર – સાબરકાંઠામાં ૧૫ – ૧૫, મોરબીમાં ૧૩ કેસ, ભરૂચ – નવસારીમાં ૧૧ – ૧૧, દેવભૂમિ દ્વારકામાં ૮ કેસ, ગીર સોમનાથ, પંચમહાલ, વલસાડમાં ૮ – ૮ કેસ, તાપીમાં ૫, છોટા ઉદેપુર – ડાંગમાં ૩ – ૩ કેસ, અરવલ્લી અને બોટાદમાં ૧ – ૧ કેસ નોંધાયા છે. ગુજરાતમાં હાલ કુલ દર્દીઓની વિગત જાણીએ તો ૯૩૭૨ કુલ એક્ટિવ કેસ રહેલા છે, તેમાંથી ૮૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ૯૨૯૧ દર્દીઓની હાલત સ્ટેબલ છે.

## સુરતમાં નવો સ્ટ્રેન દેખાયો : હાથની આંગળી તેમજ ટેરવાં ફીક્કા પડવા માંડ્યાં

સુરત શહેરમાં કોરોનાનો નવો સ્ટ્રેન ઘાતક રીતે પ્રસર્યો છે. નવા સ્ટ્રેનના લક્ષણો પણ બદલાયા છે. સામાન્ય કોરોનામાં તાવ સહિતના લક્ષણો જણાતા હતા. પરંતુ નવા સ્ટ્રેનમાં આ લક્ષણો દેખાતા નથી. હાથની આંગળીઓ અને પગનાં ટેરવા ફીક્કા પડી જવા, ખંજવાળ આવવી સહિતના લક્ષણો નવા દેખાતા તંત્રની ચિંતામાં વધારો છે.

સુરતમાં નવા સ્ટ્રેનને કારણે ચિંતા ઉભી થઈ છે. જો તમને શરીરમાં કળતર, દુઃખાવો, આંખ આવવી, લાલ થવી, ગળામાં દુઃખાવો થવો, હાથ-પગની આંગળીઓ ફિક્કી પડવી, ડાયરિયા થવો, પેટમાં દુખવું, માથામાં દુખાવો થવો, ચામડી પર ખંજવાળ આવવી જેવાં લક્ષણો જણાય તો કોરોના ટેસ્ટ કરાવવો જરૂરી છે.

સુરતમાં દેખાતાં કોરોનાના નવા કેસોમાં મહત્તમ દર્દીઓમાં તાવની સમસ્યા ઓછી છે. પરંતુ જો ઉપર મુજબના નવાં લક્ષણો જોવા મળે તો તાત્કાલિક ટેસ્ટ કરાવી લેવા પાલિકાએ લોકોને અપીલ કરી છે. આ ઉપરાંત શહેરમાં પોઝિટિવ દર્દીઓ ક્વોરન્ટાઈનનો ભંગ કરે તો પાલિકાને જાણ કરવા માટે પણ લોકોને અપીલ કરવામાં આવી છે.

## ૧૮ રાજ્યોમાં રિકવરી રેટમાં ગુજરાત દેશમાં ૧૫મા ક્રમે

ફેબ્રુઆરી મહિનાના અંતથી ગુજરાતમાં કોરોના વકર્યો છે. કોરોનાના દૈનિક કેસ ભારે રફ્તારથી વધી રહ્યાં છે. કેસની સંખ્યામાં મોટો ઉછાળો આવતાં દૈનિક કેસની સરખામણીએ સાજા થનાર દર્દીની સંખ્યા ઘણી ઓછી નોધાઈ રહી છે. દેશના અન્ય રાજ્યનો સરખામણીએ ગુજરાતનો રિકવરી રેટ ઓછો છે. દેશના બે લાખ કરતાં વધુ કેસ ધરાવતાં કુલ ૧૮ રાજ્યો છે, જેઓના રિકવરી રેટની સરખામણીએ ગુજરાતનો ૧૫મો ક્રમ આવે છે. માત્ર ૧૮ રાજ્યોમાં ગુજરાત કરતાં વધુ રેકવરી રેટ ધરાવતાં રાજ્યોની સંખ્યા ૧૪ છે. જેમાં સૌથી વધુ બિહારમાં ૯૯.૧૯ ટકા દર્દી સાજા થયાં છે.

## આઈઆઈએમ-એમાં કોરોનાના ૨૨ કેસ, ૮૦ રૂમો માઈક્રો કન્ટેન્ટમેન્ટ

અમદાવાદ : કોરોનાનો કહેર હવે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તાંડવ કરી રહ્યો છે. અમદાવાદમાં આવેલ દુનિયાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં એક સાથે ૨૨ કોરોના કેસ મળી આવતા તંત્ર પણ અવાચક થઈ ગયું હતું. આ સાથે જ આઈઆઈએમના જૂના કેમ્પસમાં ૮૦ જેટલા રુમને માઈક્રો કન્ટેમેન્ટ ઝોન ઘોષિત કરવામાં આવ્યા છે. આઈઆઈએમએના અધિકારીઓએ દાવો કર્યો કે કેમ્પસમાં કોરોના ૧૨ માર્ચે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલ ટી૨૦ મેચ દરમિયાન સ્ટેડિયમમાં જોવા ગયેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ્યો હતો. ૧૪ માર્ચના રોજ આ વિદ્યાર્થીઓના ગ્રુપ પૈકી ૬ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. આઈઆઈએમએના અધિકારીઓએ કહ્યું કે, જોકે ૨૩ માર્ચ સુધી કોઈ ખાસ કેસ નોંધાયા નહોતા પરંતુ આ દિવસે એક જ દિવસમાં ૧૧ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ આવ્યા હતા. જોકે આમ અચાનક કોરોના કેસ વધવા પાછળ જૂના કેમ્પસમાં આવેલ પીજીપી-૨ના વિદ્યાર્થીઓએ નામ ન આપવાની શરતે આરોપ મુકતા કહ્યું કે ઈન્સ્ટિટ્યુટ દ્વારા આ પોઝિટિવ વિદ્યાર્થીઓને ન તો આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા.

## ગુજરાત વિધાનસભામાં કોરોનાએ મચાવ્યો તરખાટ, ૬ MLA પોઝિટિવ

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં મંગળવારે પાંચ જ કલાકમાં એક પછી એક એમ પાંચ ધારાસભ્યોનો રિપોર્ટ કોવિડ-૧૯ પોઝિટીવ આવ્યો હતો. મંગળવારે સવારે ખેડૂતોના મુદ્દે છેક વેલમાં જઈને સુત્રોચ્ચાર કરનારા દસાડાના નૌશાદ સોલંકી બપોરે ચેપગ્રસ્ત હોવાનું અધ્યક્ષે જાહેર કરતા પહેલી હરોળમાં બેસતા મંત્રીઓ અને વિપક્ષના સિનિયર સભ્યોમાં ચિંતા પેસી ગઈ હતી. સોમવારે સુરત જિલ્લાના મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયા કોરોનો સંક્રમિત જાહેર થયા હતા.

જે બાદ ગૃહમાં બેસતા દસાડાના નૌશાદ સોલંકી, ઉનાના પૂંજા વંશ, પાલિતણાના ભીખાભાઈ બારૈયા, ડાંગના વિજય પટેલ, બહુચરાજીના ભરત ઠાકોર અને તળાજાના આર. સી. મકવાણા એમ છ ધારાસભ્યોના કોરોના ટેસ્ટ થયા હતા. જેનો રિપોર્ટ મંગળવારે બપોરે આવતા તે તમામ સભ્યો પણ કોરોનાની ચપેટમાં આવી ગયાની પૃષ્ટિ થઈ હતી. ધારાસભ્યોના એક પછી એક કોરોના પોઝિટિવ રિપોર્ટની નોંધ લેતા ગૃહના અધ્યક્ષે વિધાનસભામાં મૂલાકાતીઓના પ્રવેશ મુદ્દે મંત્રીઓની ઝાટકણી કાઢી કડક સુચના આપી હતી. રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, તેમણે પોતાના કાર્યાલયમાંથી એકપણ વ્યક્તિના પ્રવેશ માટે પાસ આપ્યો નથી. આમ છતાં ગૃહમાં અને વિધાનસભામાં અનેક મૂલાકાતી કેવી રીતે આવી ગયા. મંત્રીઓને આ સવાલ કરીને ત્રિવેદીએ હવે પછી કોઈપણ ધારાસભ્યને પોતાની સાથે કોઈ સહાયકને પણ ન લાવવા સુચના આપી હતી. વધુમાં મળતી વિગતો મુજબ રાતે આઠ વાગ્યે ગૃહનું કામકાજ પૂર્ણ થયા બાદ અધ્યક્ષની ચેમ્બરમાં ડે. સીએમ નીતિન પટેલ, સંસદિય બાબતોના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા અને મુખ્ય દંડક પંકજ પટેલને ત્રિવેદીએ વિધાનસભામાં અધિકારીઓ અને ધારાસભ્ય સિવાય તમામ માટે પ્રવેશબંધી ફરમાવી દીધી હતી.

## ગુજરાતમાં એપ્રિલમાં થશે મોટો કોરોનાનો વિસ્ફોટ : રાજકોટ IMA

રાજકોટ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણી યોજાયા બાદ અપેક્ષા પ્રમાણે કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. મંગળવારે ૧૭૦૦થી પણ વધુ કેસ નોંધાવા સાથે ચાર દર્દીના મોત થતાં સરકારી તંત્ર મૂંઝવણમાં મુકાઈ ગયું છે. સંક્રમણને થાળે પાડવા સરકાર અને આરોગ્ય ખાતા દ્વારા કોવિડ ૧૯ ની માર્ગદર્શિકાનુ કડકપણે પાલન કરવા અપીલ કરાઈ રહી છે. જો કે, આમ છતાં આગામી મહિને રાજ્યમાં કોરોનાના કેસમાં ભારે ઉછાળો આવવાની સંભાવના છે.

રાજકોટ પંથકમાં કોરોનાના કેસમાં આવેલા ઉછાળાને પગલે જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને આઈએમએ વચ્ચે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજકોટના નવા ચૂંટાયેલા કોર્પોરેટરો તેમજ મહાનગર પાલિકાના પદાધિકારીઓ સાથે ધારાસભ્યો અને સાંસદની હાજરી રહી હતી. દરમિયાન રાજકોટ ઁસ્છ પ્રમુખ ડૉ.જય ધીરવાનીએ રાજ્યમાં હજી પણ કોરોનાના કેસ વધવાનુ તારણ રજૂ કર્યુ હતુ. ડૉ. ધીરવાનીએ જણાવ્યું છે કે, હાલ રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણ વધ્યું છે. પરંતુ એપ્રિલ માસમાં કોરોના કેસનો ગ્રાફ હજી પણ ઉંચે જશે. જયારે હાલ કરતા પણ વધુ દર્દીઓ વાયરસનો ભોગ બનશે. મેં મહિના બાદ રાજ્યમાં ધીમે ધીમે કોરોનાના કેસ ઘટવા માંડશે.

મળતી વિગતો મુજબ રાજકોટમાં કોરોનાના કેસમાં થયેલા વધારાને પગલે મનપા અને કલેક્ટરાલય ચિંતિત બન્યું છે. વિસ્તારમાં કોઈપણ પ્રકારે વાયરસના સંક્રમણને રોકવા બંને તંત્ર સાથે મળીને કામ કરવા કટિબદ્ધ છે. મંગળવારે બપોર સુધીમાં રાજ્યમાં નવા ૫૦ કોરોનાગ્રસ્ત સામે આવ્યા હતા. રાજકોટ મ્યુનિસિપલની હદમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૭૭૩ સંક્રમિતો નોંધાયા છે. જયારે અલગ અલગ હોસ્પિટલમાં ૪૮૪ દર્દી સારવાર હેઠળ છે.

## ડ્રેજિંગમાં ધુપ્પલ ચલાવતા અદાણીનું ૨૧ કરોડ પેમેન્ટ સ્થગિત, ૮૫ લાખ દંડ

ઘોઘા : ઘોઘા દહેજ રો-રો ફેરી સર્વિસના દરિયાઈ રૂટ ઉપર ડ્રેજિંગ કરવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી અદાણી જૂથની કંપની સહિત અન્ય ખાનગી કંપનીઓ યોગ્ય રીતે કામ કરતી ના હોવાનું રાજ્ય સરકારે મંગળવારે વિધાનસભામાં કબૂલ્યું છે અને જણાવ્યું છે કે, આ કંપનીઓને દંડ ફટકારવા સાથે એમની બેન્ક ગેરન્ટી પણ જપ્ત કરાઈ છે. રાજ્ય સરકારે વિધાનસભામાં જણાવ્યું છે કે, મેન્ટેનન્સ ડ્રેજિંગનો કોન્ટ્રાક્ટ ધરાવતી અદાણી જૂથની અદાણી પોર્ટ એન્ડ એસઈઝેડ કંપની ડ્રેજિંગની કામગીરીમાં છેલ્લા બે વર્ષ દરમિયાન વિલંબ કરતાં તેની પાસેથી રૂ. ૮૫ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે, કંપનીને રૂ. ૨૦.૬૭ કરોડનું છેલ્લું ચુકવણું પણ જાન્યુઆરી-૨૦૨૦થી સ્થગિત કરાયું છે. આ ચુકવણા માટે સરકારે અધિકારીઓને સાંકળીને એક કમિટી બનાવી છે.

## ગેંગરેપ અને ગુજસીટોક સહિતના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

- આરોપી ખેતરમાં છુપાતો , પત્ની લાઈટ કરી નજર રાખતી, સુરક્ષા માટે કૂતરાની ફોજ

કડી : કડી સીરિયલ ગેંગરેપ ગુનાનો ફરાર આરોપીની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચે પકડેલ આરોપીની પૂછપરછમાં ગુજસીટોક સહિત ૫૨ ગુનામાં ફરાર હોવાનું સામે આવ્યું છે. પકડાયેલ બે આરોપી ધ્રાંગધ્રાની ડફેર ગેંગના સભ્યો હોવાનો ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાંચે ડફેર ગેંગના બે આરોપી શરીફ ડફેર અને રસુલ ડફેરની ફતેવાડી કેનાલ પાસેથી ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસે તપાસ કરતા તેમની પાસેથી એક રિવોલ્વર, એક છરી અંશ ચોરી બાઈક કબ્જે કરવામાં આવી છે. આરોપી રસુલ ડફેર બે વર્ષ પહેલાં કડીમાં સીરિયલ ગેંગ રેપ ગુનાનો મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત આરોપી શરીફ ડફેર પણ હત્યા, હત્યાની કોશિશ, લૂંટ જેવા ગંભીર ગુનામાં પોલીસને થાપ આપી નાસ્તો ફરતો હતો. ક્રાઈમ બ્રાંચના હાથે ઝડપેલા બન્ને આરોપી ગુનાહિત ઈતિહાસ તપાસતા સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપી અને તેની ગેંગના ૨૦ સાગરીતો વિરુદ્ધ ધ્રાંગધ્રા પોલીસ મથકે ગુજસીટોક ગુનો નોંધાયેલ છે. કુલ મળી આરોપીના ૫૨ ગુનામાં વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે.

## રેલવે ટ્રેક પર અકસ્માતોના કારણે બે વર્ષમાં ૩૯૩ સિંહના મોત થયાં : ગોહિલ

રાજકોટ : રાજ્યના પૂર્વ નાણાં મંત્રી, કોંગી નેતા તથા રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે સંસદ સત્રમાં એશિયાઈ સિંહોના રેલ્વે લાઈન પર અકસ્માતોને કારણે મુત્યુ થવાની સંખ્યામાં વધારો થતો હોવાનું દુઃખ વ્યક્ત કરી છેલ્લા બે વર્ષમાં ૩૯૩ સિંહોનું મુત્યુ રેલ્વે લાઈન પર અકસ્માતોના કારણે થયું હોવાનું જણાવી આવા અકસ્માત ઘટાડવા યોગ્ય પગલાં લેવા રજૂઆત કરી હતી. રાજ્યસભામાં શૂન્યકાળ દરમ્યાન સાંસદ શક્તિસિંહ ગોહિલે એશિયાઈ સિંહોની રેલ્વે લાઈન પર દુર્ઘટનાથી થઈ રહેલ મુત્યુનો મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે, એશિયાઈ સિંહ આપણા માટે ગૌરવપૂર્ણ છે અને આપણો વારસો છે. ગીર ફેરેસ્ટની આગવી ઓળખાણ આખી દુનિયામાં છે તે ગીરના જંગલોમાં વસવાટ કરતા દુર્લભ એશિયાટિક સિંહોના કારણે જ છે.

# ગાંધીનગરમાં ૪૪ બેઠકો માટે ભાજપમાં ૩૩૪ દાવેદાર

- કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ
- પૂર્વ મેયરો, વર્તમાન કોર્પોરેટરો, સહકારી આગેવાનોએ પણ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી

ગાંધીનગર: ગાંધીનગર મહાનગરપાલીકાની આગામી તા.૧૮ એપ્રિલે યોજાનારી ચૂંટણીના પગલે ભાજપ દ્વારા તમામ ૧૧ વોર્ડમાં એક દિવસની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચૂંટણી લડવા ઈચ્છતાં દાવેદારો નિરિક્ષકો સમક્ષ ટેકેદારો લઈને પહોંચ્યા હતા. સાંજ સુધી ચાલેલી આ પ્રક્રિયામાં ૧૧ વોર્ડમાં ૩૩૪ ટીકીટવાંચ્છુઓ એ પોતાના બાયોડેટા રજુ કર્યા હતા. ચૂંટણી લડવા માટે થનગની રહેલા દાવેદારો ટેકેદારો સાથે વહેલી સવારથી જ પહોંચી ગયા હતા. ગાંધીનગર કોર્પોરેશનના પૂર્વ મેયરો, વર્તમાન કોર્પોરેટરો અને સહકારી આગેવાનોએ પણ ચૂંટણી લડવા માટે પોતાના બાયોડેટા નિરિક્ષકો સમક્ષ રજુ કર્યા હતા. કાર્યકર્તાથી લઈ પાર્ટીના અગ્રણીઓએ પણ કોર્પોરેશનની આ ચૂંટણીમાં ટીકીટ મળે તે માટે ઈચ્છા વ્યકત કરીને બાયોડેટા આપ્યા હતા. જેમાં કોરોના કાળમાં કામગીરી અને પક્ષમાં કેટલા વર્ષોથી સેવા કરી રહયા છે તેની પણ વિગતો રજુ કરવામાં આવી હતી. વોર્ડ નં.૧થી લઈ ૧૧ સુધી ૩૩૪ જેટલા ટીકીટવાંચ્છુઓએ ટીકીટની માંગણી કરી છે ત્યારે ફકત ૪૪ ઉમેદવારો પસંદ કરવાના હોવાથી ભાજપ માટે પસંદગી પ્રક્રિયા પણ કઠીન બનશે તે નક્કી છે. હાલ તો નિરિક્ષકો દ્વારા ટીકીટવાંચ્છુઓની યાદી તૈયાર કરીને પ્રદેશ કક્ષાએ મોકલી આપવામાં આવશે ત્યારબાદ ટીકીટ માટેની નીતિ નક્કી કરીને વોર્ડ દીઠ ચાર જેટલા ઉમેદવારો ઉપર પસંદગી હાથ ધરવામાં આવશે. ચૂંટણી માટે ૨૭ માર્ચથી ઉમેદવારી પ્રક્રિયાનો પ્રારંભ થવાનો છે ત્યારે હાલમાં હોળાષ્ટકના કારણે તા.૩૦ માર્ચ પછી ભાજપ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત થાય તેવી શકયતા છે.

## ચૂંટણીમાં હાર બાદ ગાંધીનગર મનપા જીતવા કોંગ્રેસે કમર કસી

અમદાવાદ: ફેબ્રુઆરીમાં યાજાયેલી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ ૬ મહાનગર પાલિકા નગર પાલિકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કારમી હાર બાદ કોંગ્રેસે ગાંધીનગર મહાનગર પાલિકા જીતવા માટે કમર કસી છે. ગુજરાત કોંગ્રેસે ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડ માટે કોંગ્રેસના ૧૯ ધારાસભ્યોને અને બે કોંગ્રેસના હોદ્દેદારોને પ્રભારી તરીકે જવાબદારી સોપી વોર્ડમાં રહેતા મતદારોના જ્ઞાતી સમીકરણના આધારે જવાબદારી નક્કી કરવામાં આવી છે. તેઓના માથે માર્ગદર્શન ચુંટણી પ્રચાર પ્રસાર અને સંકલન કરી ચુંટણી જીતવાડવાની જવાબદારી રહેશે. નોંધનીય છેકે વર્ષ ૨૦૧૧ની ચુટણીમાં કોંગ્રેસનો થયો હતો. જોકે કાંગ્રેસના મેયરે પક્ષ પલટો કરતાં ભાજપનું શાનસ આવ્યું હતુ વર્ષ ૨૦૧૬માં ગાંધીનગર મનપામાં ટાઇ પડી હતી. આ વખતે પણ કોંગ્રેસના એક સભ્યએ પક્ષ પલટો કરતાં ભાજપનુ બોર્ડ બન્યું હતું.

## કૃષિ બિલ વિવાદ : ગુજરાતના ગામડાઓમાં હોળીએ થાળી વગાડી કરાશે વિરોધ

ગાંધીનગર : બહુચરાજીના મેરા ગામે ખેડૂત સંગઠનોના ૧૫૦ આગેવાનો એકત્ર થયા હતા. જે બાદ તેઓ વચ્ચે ચર્ચા થઈ હતી. જેમાં જણાવાયું હતુ કે, હોળીના દિવસે ગુજરાતના ગામડાંઓમાં કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાની થાળી વગાડીને વિરોધ કરાયા બાદ બિલની હોળી કરાશે. કિસાન સંઘર્ષ મંચના નેજા હેઠળ આ આંદોલનના કાર્યક્રમો યોજાશે. આ આંદોલનમાં કોઈ નેતાને સામેલ કરાશે નહીં. પરંતુ ગુજરાતના જે ગામોમાં ખેડૂતો બિલની હોળી કરશે તે બધા જ અમારા આંદોલનના નેતા હશે. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે, અગાઉ પણ વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો યોજ્યા હતા, પરંતુ ભાજપ સરકારના ઈશારે પોલીસે ખેડૂત આગેવાનોને નજરકેદ કરી પજવવાનું કામ કર્યું હતું. સંગઠનાના આગેવાનોના મતે મોદી સરકારના આ નવા કૃષિ કાયદાથી ખેતી અને ખેડૂતો બરબાદ થઈ જશે.

## અમદાવાદ સ્ટેશને બ્લાસ્ટમાં સામેલ તોયબાનો આતંકી ૧૫ વર્ષે પકડાયો

- ગુજરાત સહિત દેશના જુદાજુદા વિસ્તારના યુવાનોને આતંકવાદી તાલીમ માટે પાકિસ્તાન મોકલ્યા હતા

અમદાવાદ: અમદાવાદમાં ૨૦૦૬માં કાલુપુર રેલ્વે સ્ટેશન પર થયેલા બોમ્બ બ્લાસ્ટ કેસમાં વોન્ટેડ લશકે તોયબાના આતંકવાદી મોહસીન પુનાવાલાની એટીએસે પુનાથી અટક કરી છે. તપાસમાં આતંકવાદીએ પાકિસ્તાની આઈ.એસ. આઈ એજન્સીના નેટવર્કનો ઉપયોગ કરીને અમદાવાદ ગુજરાત સહિત જુદા જુદા વિસ્તારના યુવાનોને આતંકવાદી ટ્રેનીંગ માટે પાકિસ્તાન મોકલ્યા હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

કાલુપુર બોમ્બ બ્લાસ્ટ કેસ તથા લશ્કરે તોયબાના જેદાહી ષડયંત્ર કેસનો વોન્ટેડ આરોપી મોહસીન પુનાવાલા પુનાના હડપસર ખાતે છુપાયો હોવાની માહિતી એટીએસને મળી હતી. જેને આધારે પોલીસે પુનાથી મોહસીન પુનાવાલાની અટક કરી હતી. મોહસીન પુનાવાલાએ ગુજરાતમાં લશ્કરે તોયબાના અસલમ કાશ્મીરી તથા બશીર કાશ્મીરી કે જેઓ કંછારીયા તથા તડકેશ્વર મદરેસામાં અભ્યાસ કરતા હતા તેના અન્ય સાગરીતોની દોરવણીથી નાણાકીય સહયોગ વેગેર દ્વારા પાકિસ્તાની એજન્સી આઈ.એસ.આઈ.ના નેટવર્કનો ઉપયોગ કરીને આતંકવાદી કાવતરૂ ઘડયું હતું.

## ગુજરાત રાજ્યમાં દરરોજ સરેરાશ ૧૮ વ્યક્તિના વાહન અકસ્માતમાં મૃત્યુ

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલી વિગતો અનુસાર છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વાહન અકસ્માતના સૌથી વધુ ૩,૫૬૯ બનાવ બન્યા છે અને તેમાં ૧,૩૫૧ વ્યક્તિના મૃત્યુ થયા છે. આમ, અમદાવાદમાં દરરોજ સરેરાશ ૧થી વધુ વ્યક્તિ વાહન અકસ્માતમાં જીવ ગુમાવે છે. છેલ્લ બે વર્ષમાં સૌથી વધુ વ્યક્તિના વાહન અકસ્માતમાં મૃત્યુ થયા હોય તેમાં સુરત ૧,૨૩૭ સાથે બીજા-વડોદરા ૯૦૮ સાથે ત્રીજા-રાજકોટ ૬૫૫ સાથે ચોથા-વલસાડ ૬૪૩ સાથે પાંચમાં-બનાસકાંઠા ૬૩૧ સાથે છઠ્ઠા સ્થાને છે. છેલ્લા બે વર્ષમાં વાહન અકસ્માતના સૌથી વધુ બનાવમાં અમદાવાદ બાદ સુરત ૨,૬૯૮ સાથે બીજા-વડોદરા ૨,૧૬૧ સાથે ત્રીજા-રાજકોટ ૧,૬૧૨ સાથે ચોથા-કચ્છ ૧,૪૩૩ સાથે પાંચમાં-ખેડા ૧,૩૪૪ સાથે છઠ્ઠા ક્રમે છે.

## પાટણ ખાતે છરીની અણીએ કિશોરી સાથે સામૂહિક દુષ્કર્મ, વીડિયો વાઈરલ

પાટણ: પાટણના સાંતલપુર તાલુકામાં બનેલ સામુહિક દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવી છે. સાંતલપુર તાલુકાની પ્રાથમિક શાળામાં સામુહિક દુષ્કર્મની ઘટના બનતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્રણ નરાધમ ઈસમોએ એક માસ અગાઉ કિશોરીને છરીની અણીએ ગામમાં આવેલ શાળાના ઓરડામાં સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. અને – દુષ્કર્મીઓએ કિશોરીનો અશ્લીલ વીડિયો ઉતારી વારંવાર બદનામ કરવાની ધમકી આપતા હતા.

દુષ્કર્મની ઘટના બાદ સમાજમાં આબરૂ જવાની બીકે કિશોરી ચૂપ રહી હતી. બાદમાં નરાધમો દ્વારા કિશોરીને ફરી બોલાવતા અને તે વશ ન થતાં દુષ્કર્મીઓએ તેનો અશ્લીલ વીડિયો વાયરલ કર્યો હતો. આ વીડિયો કિશોરીની જ્યાં સગાઈ થઈ હતી તેના સંબંધીના ધ્યાને આવી ગયો હતો. અને બાદમાં તેઓએ કિશોરીના ભાઈને આ વીડિયો દેખાડ્યો હતો. ભાઈએ આ અંગે બહેનને જાણ કરતાં તેણે પોતાની આપવીતી વર્ણવી હતી. જે બાદ આ મામલે સાંતલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આરોપીઆમાં શક્તિસિંહ બાબુજી જાડેજા, જગતસિંહ ઉર્ફે જગો જાલુભા જાડેજા તથા મિતાઝખાન દિલાવરખાન સિપાઈનો સમાવેશ થાય છે.

## પાટિલે અમદાવાદમાં સુરેન્દ્ર પટેલને વેતરી નાખ્યા

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો બધો જ વહીવટ પાલડીની સુરેન્દ્ર કાકાની ઑફિસને બદલે ખાનપુર વિસ્તારના જયપ્રકાશ ચોકમાં આવેલી ઑફિસમાંથી ચલાવવાની શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અત્યાર સુધી સુરેન્દ્ર કાકાની ઑફિસેથી જ ધાર્યા કામો કરાવવામાં આવતા હોવાનુ જગજાહેર છે. નવા હોદ્દેદારોની નિમણૂકમાં તેમનું વજન ન પડે તે માટે પાટીલની અંગત ખાસ વ્યક્તિને પણ કેટલીક જવાબદારી સોંપવામાં આવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. સી.આર. પાટીલ નવયુવાનોને તક આપવાના મેન્ડેટના ઓઠા નીચે સિનિયર મોસ્ટ સુરેન્દ્ર કાકાને કોર્પોરેશનમાંથી એક ઝાટકે જ સાઈડ ટ્રેક કરવામાં આવ્યા છે.

## સી-પ્લેનની જાહોજલાલી, ૨૭ દિવસની ઉડાનમાં 3.૮૦ કરોડનો ધુમાડો કર્યો

અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયાને જોડતી સી પ્લેન સેવા કરોડોનો ધુમાડો થયો છે. ગત વર્ષે એટલે કે ૧લી ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં સી પ્લેન સેવા માત્ર ૨૭ દિવસ જ ચાલુ રહી છે. જો કે આ ૨૭ દિવસની સી પ્લેનની ઉડાન પાછળ રાજ્ય સકરારને રૂ. ૩.૮૦ કરોડનો ખર્ચ થયો હોવાનું વિધાનસભા સત્રની પ્રશ્નોતરીમાં સામે આવ્યું છે.

વિપક્ષ દ્વારા ગૃહમાં પુછાયેલા પ્રશ્નમાં વિગતો સામે આવી છે કે ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ સી પ્લેન સેવાનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ મેઈન્ટેનન્સના કારણે ૨૭મી નવેમ્બર



૨૦૨૦થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી સી પ્લેન સેવા બંધ રહી હતી. રાજ્યમાં સી પ્લેન માટે મેઈન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી સી પ્લેન માલદીવ ખાતે લઈ જવામાં આવ્યું હતું

વર્ષ ૨૦૨૦માં સી પ્લેન સેવા માત્ર ૨૭ દિવસ સુધી ચાલી હતી. આ ૨૩ દિવસના સી પ્લેનના જાહોજલાલી પાછળ ૩.૮૦ કરોડનો ધુમાડો કરાયો છે.

## મહિલા તલાટીના આપઘાતમાં કરજણ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખને સાત વર્ષની કેદ

વડોદરા- કવાંટ તાલુકાના ભુમસવાડા ગામે રહેતા રાઠવા પરિવારની ૨૪ વર્ષની અંજના ભાથુભાઈ રાઠવા કરજણ તાલુકા પંચાયતમાં લીવ રિઝર્વ તલાટી તરીકે નોકરી કરતી હતી. આ સમયે કરજણના સાપા ગામનો પંકજ ગોરધનભાઈ પટેલ બે વર્ષથી તાલુકા પંચાયતમાં ચેરમેન તરીકે હતો. પંકજ પટેલ પોતે પરિણીત હોવાનુ જાણવા છતાં અંજનાને કુંવારો હોવાનુ જણાવી તેની સાથે લગ્ન કરવાનુ વચન આપી પ્રેમજાળમાં ફસાવી હતી.જો કે, યુવતીને પાછળથી પકંજની હકીકતની ખબર પડી હતી. જે બાદ અંજનાએ આપઘાત કરી લીધો હતો. આ કેસ સ્પેશ્યલ અદાલતના જજ એસ.સી.ગાંધી સમક્ષ ચાલી ગયો હતો. સરકારી વકીલ ભાવિક પુરોહિતની રજૂઆતો અને પુરાવાઓ ધ્યાને લઈને અદાલતે આરોપીને કસુરવાર ઠેરવીને સાત વર્ષની કેદ કરી છે.

## બે વર્ષમાં રેતી-ખનિજ ચોરીના ૬૧૦ કરોડના દંડ પેટે માત્ર ૩0% વસૂલાત

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં ખનિજોના ગેરકાયદે ખનનના ૧૪,૦૦૨ જેટલા કિસ્સાઓ પકડી રૂ. ૬૧૦.૩૭ કરોડની જંગી રકમનું લેણું તો ઊભું કરાયું, પણ એમાંથી માત્ર ૩૦ ટકા રકમ જ એટલે કે રૂ. ૧૮૧.૧૨ કરોડ જ ખનિજ ચોરો પાસેથી વસૂલાયા છે. આ કેસોમાં ફરિયાદ દાખલ કરવામાં પણ લાલિયાવાડી ચલાવાઈ ફક્ત ૧૨ જ કેસો દાખલ કરવામાં આવ્યા છે. વિધાનસભામાં મંગળવારે આ બધી વિગતો બહાર આવી હતી. રાજ્યના ૩૩ જિલ્લામાં બે વર્ષમાં ગેરકાયદેસર ખનન કરવા સબબના ૧૪,૦૦૨ કિસ્સા તંત્ર દ્વારા પકડવામાં આવ્યા હતા અને આ ગેરકાયદે ખનન પેટે કુલ રૂ. ૬૧૦.૩૭ કરોડના દંડનું લેણું તંત્ર દ્વારા ઊભું કરવામાં આવ્યું હતું, પરંતુ તે પેટે રૂ. ૧૮૧.૧૨ કરોડની વસૂલાત થઈ છે.

| જિલ્લો | કુલ દંડ | વસૂલ દંડ |
|---|---|---|
| ૧. રાજકોટ | ૧૪.૪૨ | ૭.૩૦ |
| ૨. છોટાઉદેપુર | ૨૬.૭૪ | ૧૬.૪૧ |
| ૩. કચ્છ | ૩૬.૯૨ | ૧૩.૧૨ |
| ૪. સુરેન્દ્રનગર | ૭૯.૮૮ | ૧૪.૭૧ |
| ૫. અમદાવાદ | ૧૨.૪૦ | ૧૦.૦૨ |
| ૬. સુરત | ૨૫.૦૦ | ૭.૩૦ |
| ૭. ગાંધીનગર | ૫.૪૬ | ૬.૨૫ |
| ૮. બનાસકાંઠા | ૨૩.૫૨ | ૯.૬૨ |
| ૯. પોરબંદર | ૭૦.૫૪ | ૧.૮૪ |
| ૧૦. દ્વારકા | ૭૮.૪૧ | ૪.૨૪ |

## આવા કેટલાં બુદ્ધિના લઠ્ઠ કલેક્ટર થઈને બેઠા છે: મેવાણીનું વિવાદીત નિવેદન

ઘોઘાઃ સાણોદરના દલિત આધેડની હત્યા પ્રકરણે ઘોઘાના PSIની ધરપકડની માગ સાથે કલેક્ટરને રજૂઆત કરવા આવેલાં વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી અને કલેક્ટર વચ્ચે થયેલી બોલાચાલી બાદ તેમણે કચેરની પ્રાંગણમાં જ જિલ્લા કલેક્ટર વિરુદ્ધ ઉગ્ર ભાષામાં તીખા પ્રહારો કરતાં મામલો વધુ ગરમાયો હતો. એક તબક્કે તેમણે સરાજાહેર એવું વિવાદીત નિવેદન કર્યું હતું કે, આવાં કેટલાં બુદ્ધિના લઠ્ઠ આખા દેશમાં કલેક્ટર થઈને બેઠા છે. ૨૦ દિવસ પૂર્વે ઘોઘાના સાણોદર ગામે થયેલી દલિત આધેડ અમરાભાઈ બોરિચાની હત્યા પ્રકરણે ફરજમાં બેદરકારી બદલ નોંધાયેલા ગુનાને લઈ ઘોઘાના PSIની તાકીદે ધરપકડ કરવાની માગ સાથે મૃતકના પરિવારજનો અને દલિત આગેવાનો સાથે વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી પણ ભાવનગર જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાને આવેદન આપવા હાજર રહ્યા હતા.

# ભારત-પાકિસ્તાન વચ્ચે જુલાઈમાં ટી-૨૦ સિરીઝ રમાય તેવી સંભાવના






નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન આ વર્ષે ટૂંકી દ્વિપક્ષીય ટી-૨૦ સિરીઝ રમી શકે છે. બંને દેશ વચ્ચે ગયા મહિને સરહદ પર યુદ્ધવિરામ થયા પછી આ દિશામાં ચક્રો ગતિમાન થયા છે. બંને દેશ વચ્ચે સરહદે શાંતિ સ્થપાયા પછી સિંધુ જળવિવાદ અંગે પણ બંને દેશ વચ્ચે બેઠક યોજાઈ રહી છે. લાંબા સમય પછી આ બેઠક યોજાઈ રહી છે. આમ રાજકીય વાતાવરણ સુધરતા ક્રિકેટ સંબંધોમાં પણ સુધારો થવાનો પ્રારંભ થઈ શકે છે, એમ પાકિસ્તાન અખબાર જંગે તેના અહેવાલમાં જણાવ્યું હતું. જો આ સિરીઝ રમાશે તો બંને દેશ વચ્ચે ૨૦૧૨-૧૩ પછીની પ્રથમ દ્વિપક્ષીય સિરીઝ હશે. તે સમયે પણ પાકિસ્તાનની ટીમ ભારત આવી ટી-૨૦ અને વન-ડે સિરીઝ રમી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને ટાંકીને ત્યાંના અખબારે જણાવ્યું છે કે તેઓને ટૂંકી દ્વિપક્ષીય શ્રેણી માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે.

# ટી-૨૦ રેન્કિંગઃ કોહલી, રોહિતને ફાયદો, રિષભ પંતે હરણફાળ ભરી



દુબઈઃ ભારતીય સુકાની વિરાટ કોહલી આઈસીસી ટી૨૦ બેટિંગ રેન્કિંગમાં એક ક્રમાંકના ફાયદા સાથે ચોથા ક્રમે તથા ઉપસુકાની રોહિત શર્મા ત્રણ ક્રમાંકની આગેકૂચ કરીને ૧૪મા ક્રમે પહોંચી ગયો છે. કોહલીએ ઈંગ્લેન્ડ સામેની છેલ્લી ટી૨૦ મેચમાં ઓપનર તરીકે બેટિંગ કરીને ૫૨ બોલમાં અણનમ ૮૦ રન બનાવ્યા હતા. તે હવે લોકેશ રાહુલ કરતાં એક ક્રમાંક આગળ થઈને ભારતનો ટોચના રેન્કિંગવાળો ખેલાડી બની ગયો છે. ભારતના અન્ય બેટ્સમેનોમાં શ્રેયસ ઐય્યર પણ પાંચ ક્રમાંકની આગેકૂચ સાથે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૨૬મા ક્રમે પહોંચ્યો છે. આ ઉપરાંત સૂર્યકુમાર યાદવ અને રિષભ પંતને પણ ફાયદો થયો છે. સૂર્યકુમારે છેલ્લી બે ટી૨૦માં ૫૭ તથા ૩૨ રનની ઈનિંગ રમી હતી અને તે ૬૬મા ક્રમાંકે છે. રિષભ પંત૧૧ ક્રમાંકની હરણફાળ ભરીને ૬૯મા ક્રમાંકે પહોંચ્યો છે.

ઈંગ્લેન્ડના ડેવિડ મલાને છેલ્લી મેચમાં ૬૮ રનની ઈનિંગ રમીને પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. બોલર્સની યાદીમાં ઈંગ્લેન્ડના આદિલ રાશિદ, પેસ બોલર જોફ્રા આર્ચર અને માર્ક વૂડને પણ ફાયદો થયો છે.

## વિમેન્સ ટી-૨૦: શેફાલી વર્મા નંબર-૧ બની

ભારતની યુવા ખેલાડી શેફાલી વર્મા આઇસીસી વિમેન્સ ટી૨૦ બેટિંગ રેન્કિંગમાં ફરીથી ટોચના સ્થાને પહોંચી ગઇ છે. ૧૭ વર્ષીય ખેલાડી ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા ખાતે રમાયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં પ્રથમ સ્થાને પહોંચી હતી. તેણે સાઉથ આફ્રિકા સામે ૨૩ અને ૪૭ રનની ઇનિંગ રમીને ઓસ્ટ્રેલિયાની બેથ મૂનીને પાછળ રાખી દીધી હતી. સાઉથ આફ્રિકન ઓપનર લિઝેલ લીના રેન્કિંગમાં પણ સુધારો થયો છે અને તે ત્રણ સ્થાનની આગેકૂચ સાથે ૧૧મા ક્રમે પહોંચી છે. ભારતની દીપ્તિ શર્મા ૪૦મા ક્રમાંકે છે.

# ભારતે ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ત્રણેય મેડલની ક્લીન સ્વિપ કરી

નવી દિલ્હીઃ યુવા શૂટર ચિંકી યાદવે અનુભવી રાહી સરનોબાતની સાથે મનુ ભાકરને પાછળ રાખીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ભારતે આ સાથે આઈએસએસએફ વર્લ્ડ કપની વિમેન્સ ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટના ત્રણેય મેડલ જીતી લઈને ક્લીન સ્વિપ કરી હતી. ૨૩ વર્ષીય ચિંકીએ સમાન ૩૨ પોઈન્ટનાં કારણે થયેલા શૂટ-ઓફમાં સરનોબતને હરાવી હતી અને ભારતે પોતાના ગોલ્ડ મેડલની સંખ્યા નવ સુધી પહોંચાડી દીધી હતી. ૧૯ વર્ષીય મનુ ભાકરે ૨૮ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ત્રણેય શૂટર ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી ચૂકી છે. ચિંકીએ ૨૦૧૯માં દોહા ખાતે યોજાયેલી ૧૪મી એશિયન ચેમ્પિયનશિપમાં બીજું સ્થાન હાંસલ કરીને ઓલિમ્પિક કોટા મેળવ્યો હતો. પ્રથમ ૨૦ ટાર્ગેટમાં તે ૧૪ના સ્કોર સાથે સૌથી આગળ હતી. ત્યારબાદ મનુ ૧૩ પોઈન્ટ સાથે બીજા ક્રમે હતી. ભોપાલની શૂટરે ૨૧ના સ્કોર સાથે તમામને પાછળ રાખી દીધા હતા.

ઐશ્વર્ય પ્રતાપસિંહ તોમરે મેન્સ ૫૦ મીટર રાઈફલ થ્રી-પોઝિશનમાં ગોલ્ડ મેડલ હાંસલ કરીને મેડલ્સની યાદીમાં ભારતનું ટોચનું સ્થાન વધારે મજબૂત કર્યું હતું.

# ઐય્યર હવે ઈંગ્લેન્ડ સામેની બાકીની બંને વન-ડે ગુમાવશે

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમની મધ્યમ હરોળનો બેટ્સમેન શ્રેયસ ઐય્યર ઈજાનાં કારણે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની શ્રેણીની બાકી રહેલી બંને વન-ડે મેચ ગુમાવશે. પ્રથમ મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઐય્યરને ખભામાં ગંભીર ઈજા થઈ હતી અને તેને સ્કેન માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ઈજાના કારણે ઐય્યર આઈપીએલના પ્રથમ હાફમાં દિલ્હી કેપિટલ્સની કેટલીક મેચ ગુમાવશે. ઐય્યર દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કરે છે. જોકે બીસીસીઆઈ તરફથી ઐય્યરના વન-ડે શ્રેણીમાંથી બહાર થવા અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

# મુસ્લીમોના પ્રાર્થના સ્થાન મસ્જીદની મહત્વતા તથા માનવજીનમાં તેનું સ્થાન



## મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

### ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

મનુષ્યનો કોઈપણ ધર્મ સાથે સંબધ હોય, તેને એ વાતની જરૂર જાણકારી હોય છે કે તેના ધર્મના ધર્મશાસ્ત્રોમાં તેના પરમેશ્વરની સ્તુતિ એટલે કે બંદગી-ઈબાદત વિષે જરૂર આદેશો આપવામાં આવેલ છે. આ આદેશો અનુસાર મનુષ્ય, જે તેના પરમેશ્વરનું સર્જન છે, પોતાના પરમેશ્વરની સ્તુતિ (બંદગી-ઈબાદત) તેના ધર્મની વિધિઓ અનુસાર કરે છે, જે દરેક ધર્મના ધર્મશાસ્ત્ર અનુસાર ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે, પરંતુ તેનો આશય તો એક જ હોય છે કે મનુષ્ય પરમેશ્વરનું સ્મરણ કરે અને તેની સ્તુતિ (બંદગી-ઈબાદત) કરે.

આ સત્ય અનુસાર જગતના જુદા જુદા ધર્મના અનુસાર તે ધર્મના અનુયાયીઓ પોતાના પરમેશ્વરની સ્તુતિ (બંદગી-ઈબાદત) વ્યકિતગત રીતે પણ કરે છે અને સમુહગત રીતે પણ કરે છે.સ્તુતિ (બંદગી-ઈબાદત) વ્યકિતગત રીતે કરવા માટે કોઈ ખાસ સ્થાનનું હોવું જરૂર નથી હોતું. પોતાના નિવાસ્થાને કે કોઈ બીજા સ્થાળે સ્તુતિ (બંદગી-ઈબાદત) કરી શકાય છે. સમુહગત સ્તુતિ (બંદગી-ઈબાદત) માટે એક ચોકકસ સ્થળની સ્થાપના કરવામાં આવે છે, જયાં કોઈ ચોકકસ સમયે બધા ભકતો (બંદાઓ) ભેગા મળીને પોતાના પરમેશ્વરની સ્તુતિ (બંદગી-ઈબાદત) કરે છે.

સ્તુતિ (બંદગી-ઈબાદત) કરવાના સ્થળ એટલે કે પ્રાર્થના સ્થાનના નામ ધર્મ અનુસાર હોય છે. જેવી રીતે મુસલમાનોના સ્થાનને "મસ્જીદ", હિંદુઓના પ્રાર્થના સ્થાનને "મંદિર", ખિસ્તીઓના પ્રાર્થના સ્થાનને "ચર્ચ" એટલે કે "દેવળ", શીખોના પ્રાર્થના સ્થાનને "ગુરૂધ્વારા", યહુદીઓના પ્રાર્થના સ્થાનને "સીનેગોગ" અને પારસીઓના પ્રાર્થના સ્થાનને "અગીયારી" તરીકે ઓળખવામાં આવે છે.

પરમેશ્વર અને ભકત એટલે કે પાલનહાર અલ્લાહ અને તેના બંદા વચ્ચે એક સીધો સંબધ હોય છે. બંદો જયારે ચાહે ત્યારે પાલનહાર અલ્લાહને પોકારી શકે છે. આ માટે સમયનો કોઈ બાધ નથી, કારણકે પાલનહાર અલ્લાહે તો કુરાન મજીદમાં પોતાના બંદાઓને કહી દીધેલ છે કે "હું તમારી ધોરી નસ કરતાં પણ તમારાથી નજીક છું" (પ્રકરણ ૫૦, શ્લોક ૧૬). "મને પોકારો હું તમારી દુવા કબુલ કરીશ"(પ્રકરણ ૪૦, શ્લોક ૬૦) વગેરે.

તેમ છતાં માનવજાતમાં એક શિષ્ત જાળવી રાખવા, રાય કે રંકના ભેદભાવ વિના ભેગા થઈને સમુહગત બંદગી (નમાઝ પઢવા), સમયને અનુરૂપ બંદગી સમય અનુસાર કરવા તથા હળી મળીને એકબીજાના સંપર્કમાં રહેવા માટે બંદગી માટે એક ચોકકસ સ્થળનું હોવું જરૂરી છે, અને આ સ્થળ છે "મસ્જીદ", જેનું અક્ષરસ ભાષાંતર "સીજદો કરવાની જગ્યા" થાય છે, અને જયાં દિવસમાં પાંચ વાર ચોકકસ સમયે સમુહગત બંદગી એટલે કે નમાઝ પઢવામાં આવે છે.

મસ્જીદ વિષે કુરાન મજીદમાં આ બોધવચન છે :-

"પાલનહાર અલ્લાહની મસ્જીદોને આબાદ કરવી તે લોકોનું કર્તવ્ય છે, જેઓ પાલનહાર અલ્લાહ પર અને અંતિમ દિવસ પર (કયામત) પર શ્રધ્ધા રાખતા હોય તથા બંદગી કરતા (નમાઝ પઢતા) હોય તથા દાન પુણ્ય (ઝકાત) આપતા હોય અને પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈથી ભય ન રાખતા હોય, તો એવા લોકો માટે આશા છે કે તેઓ માર્ગદર્શન પામેલાઓમાં હશે."

(પ્રકરણ-૯,શ્લોક ૧૮)

સમુહગત બંદગી માટેના કારણોમાં એક અગત્યનું કારણ એ પણ છે કે મસ્જીદમાં એટલે કે અલ્લાહને ત્યાં રાય કે રંકનો કોઈ ભેદભાવ નથી, માટે ત્યાં બંદગી (નમાઝ) માટે ભેગા થતા મુસલમાનો સમુહગત બંદગી કરે, હળીમળીને એકબીજાના સંપર્કમાં રહે અને એ વાતનું પુનઃઉચ્ચારણ કરે કે પાલનહાર અલ્લાહને ત્યાં રાય કે રંકનો કોઈ ભેદભાવ નથી.

આ વિષય પર પુર્વના કવિ શિરોમણી ડો. મોહંમદ ઈકબાલે ઉર્દુ ભાષામાં આ ચાર કંડિકાઓ કહેલ છે :

"એક હી સફ મેં ખડે હો ગયે મહેમુદો અયાઝ,
ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ,
બંદાઓ, સાહેબો મોહતાજો ગની એક હુવે,
તેરી સરકારમેં પહોંચે તો સભી એક હુવે."

ઉપરની ઉર્દુ ભાષાની કંડિકાઓનું ગુજરાતી ભાષાંતર :

"મહેમુદ (બાદશાહ) અને અયાઝ (તેનો ગુલામ) એ બંને (નમાઝ માટે મસ્જીદમાં) એકજ હારમાં ઉભા થઈ ગયા. ત્યાં કોઈ નોકર કે કોઈ માલિક ન હતો. ત્યાં નોકર, માલિક, દરિદ્ર, ધનવાન સર્વે એક થઈ ગયા. (એ અલ્લાહ), તારા દરબારમાં પહોંચીને સર્વે એક થઈ ગયા.

ક્રમશઃ

# વસૂલી કેસ : પરમબીરની અરજી પર સુનાવણીનો SCનો ઈનકાર

**• દેશમુખ સામે લેટર બોમ્બ : મુંબઈ પોલીસના પૂર્વ કમિશનરને હાઈકોર્ટમાં જવા નિર્દેશ**

મુંબઈ : મહારાષ્ટ્ર ગૃહ પ્રધાન અનિલ દેશમુખ સામે કથિત ભ્રષ્ટાચારના આરોપમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસ ઈચ્છતી અરજી કરનારા માજી મુંબઈ પોલીસ કમિશનર પરમબીર સિંહને સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટમાં જવાનો નિર્દેશ આપ્યો છે.

"અરજદાર કેટલાક આરોપો કરી રહ્યા છે અને પ્રધાન પણ આરોપો કરી રહ્યા છે...તમારે હાઈકોર્ટમાં કેમ જવું ન જોઈએ એનું કોઈ કારણ દેખાતું નથી.. આ બાબત ગંભીર છે એમાં અમને કોઈ શંકા નથી, પ્રશાસનને ઘણી અસર કરે તેવી છે... હાઈકોર્ટે જવાની છૂટ આપવામાં આવે છે, એમ ન્યા.કૌલ અને ન્યા. રેડ્ડીની બેન્ચે જણાવ્યું હતું.

સીબીઆઈ તપાસની વિનંતી હાઈકોર્ટ પણ માન્ય કરી શકે છે. આથી સિંહે હાઈકોર્ટમાં જવું જોઈતું હતું એમ બેન્ચે આગ્રહ રાખ્યો હતો. સિંહનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ એડવોકેટ મુકુલ રોહતગીએ અરજી પાછી ખેંચવાનું પસંદ કર્યું હતું અને જણાવ્યું હતું કે તેઓ ગુરુવારે સુનાવણીની માગણી કરીને આજે જ હાઈકોર્ટમાં અરજી કરશે. રોહતગીની વિનંતી પર કોર્ટે દેશમુખ અને એનઆઈએને સિંહની અરજીમાં પક્ષકાર બનાવ્યા છે.

સિંહે પોતાની અરજીમાં આરોપ કર્યો છે કે હાલ સસ્પેન્ડ કરાયેલા આસિસ્ટંટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વાઝેને દેશમુખે દર મહિને રૂ.૧૦૦ કરોડની વસૂલી કરવા જણાવ્યું હતું.

## સચિન વઝેના ઘરમાંથી ૬૨ કારતૂસ મળ્યા, વઝેએ કહ્યું- મને બલિનો બકરો બનાવાયો

મુંબઈ : એન્ટિલિયા કેસમાં પકડાયેલા મુંબઈ પોલીસના API સચિન વઝેને લઈને ગુરુવારે NIA કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ દરમિયાન NIAએ જણાવ્યું કે વઝેના ઘરમાંથી ૬૨ કારતૂસ મળી છે. જો કે તે સ્પષ્ટ નથી થયું કે આ કારતૂસનું તેઓ શું કરવાના હતા. કોર્ટે વઝેને ૩ એપ્રિલ સુધી કસ્ટડીમાં મોકલી આપ્યો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન સચિન વઝેએ કહ્યું કે તેઓ રાજનીતિનો શિકાર છે અને તેને આ કેસમાં બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે. વઝેએ કહ્યું કે મેં આ મામલે ગુનો સ્વીકાર નથી કર્યો. મેં ૧૨ દિવસ સુધી આ કેસની તપાસ કરી અને પછી થોડો બદલાવ આવ્યો છે. સુનાવણી દરમિયાન NIAએ વધુ ૧૫ દિવસ માટે સચિન વઝેની કસ્ટડી માગી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન NIAએ કહ્યું કે વઝે પૂછપરછમાં સહયોગ નથી કરી રહ્યા. NIAએ જણાવ્યું કે વઝેની જરૂરિયાત DNA મેચ, બ્લડ સેમ્પલ અને CCTV સહિત અનેક પુરાવા એકઠાં કરાવવા માટે છે. તેથી તેઓ હજુ વઝેની કસ્ટડી ઈચ્છે છે. સુનાવણી દરમિયાન ASG અનિલ સિંહાએ કહ્યું કે આ દેશનો ઘણો જ ગંભીર મામલો છે. આ કેસમાં તે પોલીસ કર્મચારી જ આરોપી છે, જે આ કેસની તપાસ કરી રહ્યો હતો.

## કોલકાતાઃ સગી દીકરીએ રેસ્ટોરામાં દારૂ પીવડાવી પિતાને સળગાવી દીધા

**• માતાના મૃત્યુ બાદ પિતા ઉત્પીડન કરતા હતા હોવાનો યુવતીનો ગંભીર આરોપ**

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે એક ખૂબ જ ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક દીકરીએ પોતાના સગા બાપને જ કેરોસીન છાંટીને સળગાવી નાખ્યા હતા. આ સમગ્ર બનાવ ઘટના સ્થળે લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે અને પોલીસે યુવતીની ધરપકડ કરીને કેસની તપાસ શરૂ કરી છે.

જાણવા મળ્યા મુજબ ૨૨ વર્ષીય યુવતીએ પહેલા પોતાના પિતાને રેસ્ટોરામાં ભોજન કરાવ્યું હતું અને દારૂ પણ પીવડાવ્યો હતો. ત્યાર બાદ પિતા જ્યારે નશામાં ચૂર થઈ ગયા ત્યારે તેણે કથિત રીતે પિતાની હત્યા કરી દીધી હતી. યુવતી રવિવારે રાતે પોતાના પિતા સાથે રેસ્ટોરામાં ગઈ હતી અને ત્યાં તેણે પોતાના પિતાને દારૂ પણ પીવડાવ્યો હતો. બાદમાં તેઓ સ્ટ્રેન્ડ રોડ પર ફરવા નીકળ્યા હતા. યુવતીએ જણાવ્યું કે, જ્યારે તેના પિતા હુગલી નદીના કિનારે એક બેન્ચ પર સુઈ ગયા ત્યારે તેણે પિતા પર કેરોસીન નાખ્યુ હતું અને કથિત રીતે આગ લગાવી દીધી હતી.

## પશ્ચિમ બંગાળમાં સતત ત્રીજી વખત મમતા બેનર્જીની પાર્ટી જીતશે : પોલ

**• કેરળમાં ભાજપ ખરાબ રીતે હારશે : ઓપિનિયન પોલ**

**• પુડુચેરી અને આસામમાં એનડીએની સરકારનું અનુમાન, કેરળમાં ડાબેરીઓનું વર્ચસ્વ યથાવત રહેશે**



નવી દિલ્હી : સી વોટરના ઓપિનિયન પોલ જાહેર કરાયા છે, જેમાં દાવો કરાયો છે કે પશ્ચિમ બંગાળમાં એક વખત ફરી મમતા બેનરજીના નેતૃત્વમાં ટીએમસીની સતત ત્રીજી વખત સરકાર બનવા જઈ રહી છે. જ્યારે આસામમાં યુપીએને નુકસાનના સંકેત છે. જ્યારે કેરળમાં પણ સત્તાધારી પાર્ટીના હાથમાં જ કમાન આવી શકે છે. સી વોટર સરવે મુજબ એલડીએફને ૭૧થી ૮૩ બેઠક કેરળમાં મળશે, જ્યારે યૂડીએફને ૫૬-૬૮ બેઠક મળશે. કેરળમાં ભાજપને માત્ર ૦-૨ બેઠક મળવાનું જ અનુમાન છે. આસામમાં કુલ ૧૨૬ બેઠકો છે જેમાં ભાજપ અને તેના સમર્થક પક્ષોને ૬૫થી ૭૩, કોંગ્રેસ અને તેના સમર્થક પક્ષોને ૫૨-૬૦ બેઠક મળશે. જ્યારે અન્યને ૦-૪ બેઠકો મળી શકે છે. તેવી જ રીતે પુડુચેરીમાં યુપીએને ૭-૧૧ બેઠક મળવાનું અનુમાન છે. જ્યારે એનડીએને સૌથી વધુ ૧૯થી ૨૩ બેઠકો મળી શકે છે. સૌથી નજર પશ્ચિમ બંગાળમાં છે જ્યાં ફરી ટીએમસીની સરકાર બનવા જઈ રહી છે.

તેવું અનુમાન છે. પોલ મુજબ બંગાળમાં ટીએમસીને ૧૫૨-૧૬૮ બેઠક મળશે, જ્યારે ભાજપને પણ ૧૦૪-૧૨૦ બેઠકો મળી શકે છે. લેફ્ટ અને કોંગ્રેસના ગઠબંધનને ૧૮-૨૦ બેઠકો મળશે.

## DHFL ડિરેક્ટરોએ PM આવાસ યોજનામાં રૂપિયા ૧૪ હજાર કરોડનું કૌભાંડ કર્યું : CBI

નવી દિલ્હી : સીબીઆઈએ બુધવારે પ્રધાનમંત્રી આવાસ યોજના સાથે સંકળાયેલું મોટું કૌભાંડ ઉઘાડું પાડયું હતું અને ડીએચએફએલના પ્રમોટર્સ કપિલ અને ધીરજ વાધવાન સામે કેસ નોંધાયો છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે ડીએચએફએલના ડિરેક્ટરોએ પીએમ હાઉસિંગ ફંડમાં હજારો કરોડનું કૌભાંડ કર્યું હતું.

નોંધનીય છે કે વાધવાન બંધુ ફ્રોડ અને મની લોન્ડરિંગના આરોપો સાથે હાલમાં જેલમાં છે. સીબીઆઈના જણાવ્યા અનુસાર કપિલ અને ધીરજ વાધવાને રૂ.



૧૪,૦૦૦ કરોડથી વધુ રકમના ખોટા અને બનાવટી હોમ લોન એકાઉન્ટ ઊભા કર્યા હતાં અને ભારત સરકાર પાસેથી રૂ. ૧૮૮૦ કરોડની ઈન્ટરેસ્ટ સબસિડી મેળવી લીધી હતી.

ફોરેન્સિક ઓડિટમાં બહાર આવ્યું હતું કે કપિલ અને ધીરજ વાધવાને ૨.૬ લાખ ખોટા હાઉસિંગ લોન એકાઉન્ટ ખોલ્યાં હતાં અને કાયદા હેઠળ ઈન્ટરેસ્ટ સબસિડી માટે દાવો કર્યો હતો. સીબીઆઈએ દાવો કર્યો હતો કે ૨૦૦૭ અને ૨૦૧૯ વચ્ચે આ ખાતાઓને રૂ. ૧૪,૦૪૬ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી અને તેમાંથી રૂ. ૧૧,૭૫૫.૭૯ કરોડ અન્ય બનાવટી કંપનીઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા હતા.

## બુલંદશહરમાં સગીરા પર ગેંગરેપ, હત્યા કેસમાં ત્રણને ફાંસીની સજા

**• ગાઝીયાબાદમાં સગીરા પર રેપ, અપરાધીને ૧૦ વર્ષની આકરી કેદ**

બુલંદશહર : ઉત્તર પ્રદેશના બુલંદશહરમાં ૨૦૧૮માં એક સગીરા પર ગેંગરેપ બાદ હત્યાના કેસમાં ત્રણ શખ્સોને ફાંસીની સજા કોર્ટે ફટકારી છે. બુલંદશહરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (પોક્સો-૨) રાજેશ પરાશરે ત્રણેય આરોપીઓને દોષીત ઠેરવી ફાંસીની સજા ફટકારી છે.

ત્રણેય નરાધમોએ બુલંદશહરમાં જાન્યુઆરી ૨૦૧૮માં એક સગીરા પર ગેંગરેપ બાદ હત્યા કરી હતી. આરોપીઓના નામ ઝુલ્ફીકાર અબ્બાસી, દિલશાન અબ્બાસી, મલાની છે અને ત્રણેય બુલંદશહરના રહેવાસી છે. ત્રણેય શખ્સોએ યુવતીનું કારમાં અપહરણ કર્યું હતું, યુવતી ટયૂશનેથી પરત ફરી રહી હતી ત્યારે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

બાદમાં તેના પર ગેંગરેપ ગુજારી તેના જ દુપટ્ટાથી ગળુ દબાવીને તેની હત્યા કરી દીધી હતી. બાદમાં કેનાલમાં તેના મૃતદેહને ફેંકી દીધો હતો. ગાઝીયાબાદની એક કોર્ટે ૧૭ વર્ષીય સગીરા પર રેપ ગુજારવા બદલ અપરાધીને ૧૦ વર્ષની આકરી કેદની સજા ફટકારી છે.

## પ.બંગાળઃ ભાજપ નેતાનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો, હત્યાની શંકા

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચાર વચ્ચે હિંસાની ઘટનાઓ પણ શરુ થઈ ગઈ છે. રાજ્યના કૂચ બહિર જિલ્લામાં મંગળવારે સવારે ભાજપના એક નેતાનો મૃતદેહ પાર્ટી કાર્યાલય પાસે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો.ભાજપના કાર્યકરોએ આક્ષેપ કર્યો કર્યો હતો કે, આ એક પૂર્વયોજિત હત્યા છે.ટીએમસીના કાર્યકરોએ જ આ હત્યા કરી છે.તેઓ ઈચ્છી રહ્યા છે કે, અમ ડરીને પોતાના ઘરોમાં છુપાઈ જઈએ. જોકે એવુ થશે નહીં.અમે આ ચૂંટણીમાં અમારી લડાઈ ચાલુ રાખીશું. બીજી તરફ ટીએમસીના કાર્યકરોએ ભાજપના આરોપોને ફગાવી દીધા છે. જોકે પશ્ચિમ બંગાળમાં રાજકીય જંગમાં હત્યાઓ નવી વાત નથી. આ પહેલા પણ આવા બનાવો બની ચુક્યા છે ભાજપના જ નેતાઓ કે કાર્યકરોએ જીવ ગુમાવ્યા છે.

## છત્તીસગઢમાં નક્સલીઓએ IEDથી બસને ઉડાવી દેતાં પાંચ જવાન શહીદ

**• જવાનો ઓપરેશનથી પરત ફરી રહ્યા હતા ત્યારે હુમલો**

રાયપુર : છત્તીસગઢમાં ફરી એક વખત નક્સલી હુમલો થયો છે. છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં નક્સલીઓએ પોલીસના જવાનો ભરેલી બસને આઈડી બ્લાસ્ટ કરીને ઉડાવી છે. આ ઘટનામાં ૫ જવાન શહીદ થયા છે. જ્યારે ૧૩ જેટલા જવાનો ઘાયલ થયા છે, જેમાંથી પાંચ લોકોની હાલત ગંભીર છે.

જ્યારે ડિસ્ટ્રિક રિઝર્વ ગાર્ડના જવાનો એક ઓપરેશનથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ હુમલો થયો છે. જવાનો ભરેલી બસ નારાયણપુર જઈ રહી હતી, તે દરમિયાન કંહેરગામ અને કડેનાર ગામ વચ્ચે આ હુમલો થયો છે. નક્સલીઓ પહેલાથી જ આઈડી લગાવીને બેઠા હતા. હુમલામાં જે પાંચ પોલીસના જવાનો શહીદ થયા છે તેમાં એક ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. ઘટના બાદ બચાવ ટીમો ઘટનાસ્તળે પહોંચી હતી અને ઘાયલોને તે જંગલમાંથી બહાર કાઢવાનું કામ શરૂ કર્યું હતું. જે લોકો ઘાયલ થયા છે તેમને એરલિફ્ટ કરીને રાયપુર સારવાર્થે મોકલવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડાએ આ ઘટના અંગે વાત કરતા જણાવ્યું હતું કે આ હુમલા સમયે બસની અંદર ૨૦ પોલીસ જવાનો સવાર હતા.

## કાશ્મીરમાં મધરાત્રે સૈન્યનું ઓપરેશન, તોયબાના ચાર આતંકવાદીઓ ઠાર મરાયા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના શોપિયાંમાં સૈન્ય અને લશ્કરે તોયબાના આતંકીઓ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. જેમાં સૈન્યએ ચાર આતંકીઓને ઠાર માર્યા હતા. મધ્ય રાત્રીએ આતંકીઓ છુપાયા હોવાની જાણકારી મળ્યા બાદ સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે આતંકીઓને સૈન્યની જાણકારી થઈ જતા ગોળીબાર શરૂ થઈ ગયો હતો જે કલાકો સુધી ચાલ્યો હતો. સૈન્યએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને આ ઓપરેશન પાર પાડયું હતું અને ચાર આતંકીઓને ઠાર માર્યા હતા. આ જાણકારી આઈજીપી વીજય કુમારે આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આતંકીઓએ આત્મસમર્પણ કરવાની ના પાડી દીધી હતી જે બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આતંકીઓ સ્થાનિક છે તેની જાણકારી મળતા અમે તેમના પરિવારને પણ બોલાવ્યા હતા.

# દેશના ૧૮ રાજ્યોમાં કોરોનાના નવો ડબલ મ્યૂટન્ટ સ્ટ્રેન

નવી દિલ્હી : ભારતમાં કૂદકે અને ભૂસકે વધી રહેલા કોરોના સંક્રમણ મધ્યે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે, ભારતમાં કોરોના વાઈરસના બે ચિંતાજનક વેરિઅન્ટ અને એક નવો ડબલ મ્યુટન્ટ કોવિડ વેરિઅન્ટ મળી આવ્યા છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશના ૧૮ રાજ્યોમાં કોરોના વાઈરસનો ડબલ મ્યૂટન્ટ વેરિઅન્ટ મળી આવ્યો છે. તે ઉપરાંત વિદેશોમાં મળી આવેલા કોરોનાના વિવિધ વેરિઅન્ટ પણ ભારતમાં દેખા દેવા લાગ્યાં છે. રાજ્યો દ્વારા અપાયેલા ૧૦,૭૮૭ પોઝિટિવ સેમ્પલમાંથઈ અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૭૭૧ વેરિઅન્ટ મળી આવ્યાં છે. બીજીતરફ ભારતમાં ૧૩૨ દિવસ પછી પહેલીવાર ચિંતાની વાત એ છે કે દેશમાં સતત ૧૪મા દિવસે એક્ટિવ કેસની સંખ્યામાં વધારો થયો છે. હાલ દેશમાં ૩,૬૮,૪૫૭ દર્દી સારવાર હેઠળ છે જે કુલ કેસના ૩.૧૪ ટકા થઈ ગયાં છે. દેશમાં રિકવરી રેટમાં પણ સતત ઘટાડો નોંધાયો છે. બીજી તરફ બોલિવૂડ અભિનેતા આમીર ખાન કોરોના સંક્રમિત થતાં હોમ ક્વોરન્ટાઈન થયો હતો.

## ચૂંટણી વચ્ચે બંગાળમાં સ્થિતિ ગંભીર

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીના જુવાળ વચ્ચે કોરોનાની સ્થિતિ ગંભીર બની રહી છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંતરિક સરવે મુજબ રાજ્યમાં કોરોના સંક્રમણ ૧.૩૫ ટકાથી વધીને ૧.૭૮ ટકા પર પહોંચ્યું છે. ૧૯ જિલ્લાને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યાં છે. કોલકાતામાં પોઝિટિવિટી રેટ ૨.૦૯ ટકાથી વધીને ૩.૦૪ ટકા પર પહોંચી ગયો છે.

## કયા રાજ્યમાં શું પરિસ્થિતિ છે?

- રાજ્યોમાં પ્રતિબંધાત્મક આદેશો - હરિયાણામાં હોળીની જાહેરમાં ઊજવણી પર પ્રતિબંધ - ચંડીગઢમાં ૩૧ માર્ચ સુધી તમામ આંગણવાડી તાત્કાલિક બંધ કરવાના આદેશ - રાજસ્થાનમાં અન્ય રાજ્યમાંથી આવતા પ્રવાસીઓ માટે આરટીપીસીઆ ફરજિયાત - સપ્તાહમાં એક દિવસ ઓડિશાનું પુરી સ્થિત જગન્નાથ મંદિર બંધ રહેશે - દિલ્હીમાં તમામ જાહેર સ્થળોએ ટેસ્ટિંગ વધારાશે.

## ભારતમાં ૧૫ ફેબ્રુઆરીથી બીજી લહેર શરૂ થઈ; એપ્રિલ તેમજ મે મહિનામાં વધારે કેસ આવશે: એસબીઆઈનો રિસર્ચ

નવી દિલ્હી : ભારતમાં ફેબ્રુઆરીથી સતત કોરોનાના કેસ વધી રહ્યાં છે. જે બાદથી જ કોરોનાની બીજી લહેરનો ડર દરેક લોકોને ડરાવી રહ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની રિસર્ચ ટીમના એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે કોરોનાની બીજી લહેર લગભગ ૧૦૦ દિવસ સુધી રહેશે. જો ૧૫ ફેબ્રુઆરીથી તેની શરૂઆત માનવામાં આવે, તો મે સુધી તેની અસર જોવા મળી શકે છે. ૨૩ માર્ચના ટ્રેન્ડને આધાર માનવામાં આવે તો દેશમાં બીજી લહેરથી લગભગ ૨૫ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ શકે છે.

SBIના ૨૮ પેજના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે લોકલ સ્તરે લોકડાઉનની કોઈ જ અસર જોવા નહીં મળે. તેથી મોટા સ્તરે વેક્સિનેશન જ કોરોના વિરૂદ્ધની જંગ જીતવાનો એકમાત્ર ઉપાય છે. જો અત્યારથી જ તેની ગણના કરવામાં આવે તો એપ્રિલના બીજા પખવાડિયાથી લઈને મેના મધ્ય સુધી તેનો પીક જોવા મળી શકે છે. આ પહેલાં ગત વર્ષે સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં દેશમાં કોરોના પીક પર હતો. તે સમયે દરરોજ ૯૦ હજારથી વધુ કેસ જોવા મળી રહ્યાં હતા.

આર્થિક સંકેત પર ફોકસ કરતા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે ગત સપ્તાહથી સૂચકાંકોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આંશિક રીતે કે સંપૂર્ણ રીતે કેટલાંક રાજ્યોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને લોકડાઉન જેવાં પગલાં ઉઠાવવાની અસર આગામી મહિનાથી જોવા મળી શકે છે. રિપોર્ટમાં તે વાત પર પણ જોર આપવામાં આવ્યું છે કે રાજ્યોમાં વેક્સિનેશન પ્રોસેસમાં ગતિ લાવવાની જરૂરિયાત છે. જો હાલની સ્થિતિમાં દરરોજ વેક્સિનેશનની સ્પીડ ૩૪ લાખથી વધારીને ૪૦-૪૫ લાખ કરવામાં આવે તો ૩થી ૪ મહિનામાં ૪૫ વર્ષ અને તેનાથી ઉપરના લોકોને પૂરી રીતે વેક્સિનેટ કરવામાં આવી શકે છે.

હેલ્થ મિનિસ્ટ્રી મુજબ દેશમાં બુધવારે ગત ૫ મહિનામાં સૌથી વધુ ૫૩,૪૭૬ નવા મામલાઓ સામે આવ્યાં છે. મિનિસ્ટ્રી મુજબ દેશના ૧૮ રાજ્યોમાં કોરોનાનો ડબલ મ્યૂટન્ટ વેરિઅન્ટ મળી આવ્યા છે. ICMRના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે કહ્યું કે કોરોનાની બીજી લહેર સમયથી પહેલાં આવી ગઈ છે. તેથી આપણે બધાંએ સચેત રહેવાની જરૂર છે. વધુને વધુ ટેસ્ટ કરાવવામાં આવે, માસ્ક પહેરવું અત્યંત જરૂરી છે. સાથે જ વેક્સિનેશન તાત્કાલિક ધોરણે પૂર્ણ થઈ જવું જોઈએ.

દેશમાં અત્યાર સુધીમાં ૧ કરોડ ૧૭ લાખ ૮૭ હજાર ૧૩ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ગયા છે. જેમાંથી ૧ કરોડ ૧૨ લાખ ૨૯ હજાર ૫૯૧ લોકો સ્વસ્થ થયા છે, જ્યારે ૧.૬૦ લાખ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ આંકડા covid19india.orgથી લેવામાં આવ્યા છે.

## દેશમાં ૧ એપ્રિલથી ૪૫ વર્ષના નાગરિકોને રસી અપાશે

ભારતમાં કોરોના મહામારી સતત વકરી રહી છે ત્યારે કેન્દ્ર સરકારે મંગળવારે રસીકરણ અભિયાન લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારે મંગળવારે જણાવ્યું હતું કે, દેશમાં ૧લી એપ્રિલથી ૪૫ વર્ષથી વધુ વયના બધા જ લોકો કોરોનાની રસી મેળવી શકશે. કોરોનાના કેસ વધતાં કેન્દ્ર સરકારે રાજ્યોને આરટી-પીસીઆર ટેસ્ટ અને રસીકરણની ગતિ વધારવા નિર્દેશ આપ્યા છે. કેબિનેટની બેઠક પછી કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે, દેશમાં હવે ૪૫ વર્ષથી વધુ વયની દરેક વ્યક્તિ કોરોનાની રસી મેળવી શકશે.

## વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બનવામાં ભારત ત્રણ વર્ષ પાછળ ધકેલાયું

મુંબઇ : નાણાં વર્ષ ૨૦૩૧-૩૨માં ભારત વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બની રહેશે તેવી બેન્ક ઓફ અમેરિકા સિક્યુરિટીઝે ધારણાં મૂકી છે. આ અગાઉ બેન્ક ઓફ અમેરિકા (બીઓએફએ) સિક્યુરિટીઝ દ્વારા ભારત આ સિદ્ધિ ૨૦૨૮માં હાંસલ કરશે તેવી ૨૦૧૭માં ધારણાં મૂકવામાં આવી હતી. જો કે કોરોનાને કારણે આ સિદ્ધિ ભારતને હવે ત્રણ વર્ષ મોડી મળશે એમ બેન્ક દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે. ૨૦૩૧-૩૨માં ભારતનું અર્થતંત્ર જાપાનની બરોબરીમાં આવી જશે.

## કૃષિ કાયદાનો વિવાદ : ટિકરી બોર્ડર પર ખેડૂતો માટે ૪૦ બેડની હોસ્પિટલ તૈયાર

- હોસ્પિટલ બનાવવાની સાથે મેડિકલ કેમ્પ શરુ,, જ્યાં બે વોર્ડ જનરલ છે અને એક વોર્ડ મહિલાઓ માટે રખાયો છે



નવી દિલ્હી : કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનની ચર્ચા ભલે ઓછી થઈ ગઈ હોય પણ ખેડૂત સંગઠનો હજી પણ દિલ્હી બોર્ડર પર અડીંગો જમાવીને બેઠેલા છે.

હવે ખેડૂતો માટે ઈન્ડિયન નેશનલ લોકદળ દ્વારા ટિકરી બોર્ડર પર ૪૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવી છે.પાર્ટીનુ કહેવુ છે કે, સરકાર ખેડૂતોને સ્વાસ્થ્ય સેવાથી વંચિત રાખવા માંગતી હતી જેથી આંદોલનમાં વિઘ્ન આવે .એટલે જ અમારી પાર્ટીએ મહત્તમ સ્તરે સ્વાસ્થ્યની સુવિધા ખેડૂતોને મળે તેવો નિર્ણય લીધો હતો. જેના પગલે ટિકરી બોર્ડર પર એક હોસ્પિટલ બનાવવાની સાથે સાથે મેડિકલ કેમ્પ શરુ કરાયો છે.અહીંયા બે વોર્ડ જનરલ છે અને એક વોર્ડ મહિલાઓ માટે રાખવામાં આવ્યો છે.

ખેડૂતો ૨૫ નવેમ્બરથી દિલ્હીની બોર્ડરો પર પ્રદર્શન કરી રહ્યા છે.બીજી તરફ ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા બાદ ખેડૂત આંદોલનનો વેગ થોડો ધીમો પણ પડી ગયો છે.સરકાર ખેડૂતો સાથે ફરી વાતચીત શરુ કરવાના મૂડમાં હોય તેવુ પણ લાગતુ નથી.

## યુપીમાં ગેંગ્સ ઓફ વાસેપુર : ૩૧ વર્ષની અદાવતમાં ૧૩ની હત્યા

બુલંદશહર : ઉત્તર પ્રદેશના બુલંદશહર જિલ્લામાં કકોડી વિસ્તારમાં ધનોરા ગામમાં ૩૧ વર્ષ જુનું વેર ચાલી રહ્યું છે જે ફરી ચર્ચામાં છે. રવિવારે ગામમાં હિથયારો સાથે એક ગેંગ ત્રાટકી હતી અને એક જ પરિવારના લોકો પર હુમલો કરી દીધો હતો.

જીવલેણ હુમલામાં પરિવારના મુખિયા સહિત તેના પુત્રને ગોળી વાગી ગઈ હતી. સુરક્ષા ગાર્ડને પણ ગોળી વાગી હતી. આશ્ચર્યની વાત એ છે કે ૩૧ વર્ષ જુની અદાવતને કારણે ખેલાઈ રહેલા ખૂની જંગમાં કુલ ૧૩ લોકો જીવ ગુમાવી ચુક્યા છે. રવિવારે પરિવારના મુખીયાના પુત્રના માથામાં ગોળી વાગી હતી જેને પગલે તેનું સ્થળ પર જ મોત થઈ ગયું હતું. જ્યારે પરીવારના વડીલ ધર્મપાલસિંહ ગંભીર રીતે ઘાયલ છે અને હાલ તેઓને સારવાર અપાઈ રહી છે. આ સમગ્ર મામલામાં બુલંદશહર પોલીસના હાથમાં કઈ જ નથી આવ્યું. જોકે બુલંદશહરના એસએસપીનું કહેવું છે કે આરોપીઓની ઓળખ કરવામાં આવી રહી છે. ધર્મપાલસિંહ અને પોતાના જ ગામના રહેવાસી રાજેંદ્રસિંહ સાથે વર્ષોથી અદાલત ચાલી રહી છે. આ ખૂની જંગ ફિલ્મ ગેંગ્સ ઓફ વાસેપુર જેવી છે. રવિવારે બાઈક પર સવાર થઈને છથી વધુ શખ્સો ધર્મપાલના પરિવાર પર તુટી પડયા હતા અને ગોળીબાર કરી દીધો હતો.

## રાજસ્થાનના કોટામાં ૨૦ લોકોએ ૯ દિવસ સુધી ૧૫ વર્ષીય સગીરા પર રેપ કર્યો

જયપુર : રાજસ્થાનમાં કોટા જિલ્લામાં થયેલા એક ગેંગરેપ બાદ સમગ્ર રાજ્ય હચમચી ઉઠ્યુ છે. કોટા જિલ્લામાં ૧૫ વર્ષની સગીરા પર દોઢ ડઝનથી વધારે લોકોએ સતત નવ દિવસ સુધી ગેંગરેપ થયા બાદ રાજ્ય સરકાર સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મામલામાં પોલીસે ૨૦ લોકોની ધરપકડ કરી છે અને તેમાં ચાર સગીર અને એક મહિલાનો પણ સમાવેશ થાય છે. સગીરા સાથે દુષ્કર્મ કરનારાઓ તેને સતત ડ્રગ્સ આપીન તેની સાથે મારપીટ પણ કરતા હતા. પોલીસના કહેવા પ્રમાણે ૨૫ ફેબ્રુઆરીએ આ ઘટના બની હતી.જેમાં એક મહિલા અને બે બીજા આરોપીઓ સગીરાને મોટરસાયકલ પર બેગ અપાવવાના નામે બેસાડીને લઈ ગયા હતા અને ઝાલાવાડ વિસ્તારના એક મકાનમાં તેના પર રેપ કરવામાં આવ્યો હતો.

## ગ્વાલિયરમાં રિક્ષા બસ સાથે અથડાતાં ૧૨ મહિલા સહિત ૧૩ લોકોનાં મોત

ગ્વાલિયર : મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં જૂના છાવની વિસ્તારમાં ઓટો રીક્ષા બસ સાથે અથડાતા ૧૨ મહિલા સહિત કુલ ૧૩ લોકોનાં મોત થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ગ્વાલિયરના કલેક્ટર કૌશલેન્દ્ર વિક્રમ સિંહના જણાવ્યા અનુસાર આ અકસ્માત સવારે ૫.૩૦ વાગ્યે થયો હતો. જૂના છાવની ગંગા માલનપુર વિસ્તારના સ્ટોન પાર્ક એરિયામાં આવેલા આંગણવાડી કેન્દ્રોમાં રસોઈ બનાવવાનું કામ કરતી મહિલાઓ પોતાનું કામ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

જિલ્લાના એસપી અમિત સાંઘીના જણાવ્યા અનુસાર આઠ મહિલાઓ અને રીક્ષા ડ્રાઈવર ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતાં. જ્યારે અન્ય હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતાં. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર બસમાં સવાર તમામ મુસાફરો સલામત ર્યાં હતાં. જો કે અકસ્માત થતા જ બસ ડ્રાઈવર બસ છોડીને ભાગી ગયો હતો. જો કે પોલીસ આ બસ જપ્ત કરી લીધી છે. આ બસ ગ્વાલિયરથી મોરેના જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. કલેક્ટરે વધુમાં જણાવ્યું હતું કે આ મહિલાઓ બે રીક્ષા કરીને જવાના હતાં પણ અંતિમ ઘડીએ એક મહિલાએ એક જ રીક્ષામાં જવાનો આગ્રહ કરતા તમામ મહિલાઓ એક રીક્ષામાં બેસી ગઈ હતી.

## એનવી રમણા બનશે નવા CJI, વર્તમાન ચીફ જસ્ટિસ બોબડેએ નામ મોકલ્યું

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના જજ એનવી રમણા દેશના આગામી ચીફ જસ્ટિસ બનશે. વર્તમાન ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કાયદા મંત્રાલયને પોતાના ઉત્તરાધિકારીના નામની જાણકારી આપી દીધી છે. એસ.એ. બોબડે આગામી મહિને રિટાયર થઈ રહ્યા છે ત્યારે એક મહિના પહેલા જ તેમણે સરકારને જસ્ટિસ રમણાનું નામ સૂચવી દીધું છે. ॅ ચીફ જસ્ટિસ બોબડેને રિટાયર થવામાં એક જ મહિનો બાકી હોવાથી સરકારે નવા ચીફ જસ્ટિસની નિયુક્તિની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તેના ઉપક્રમે સીજેઆઈ પાસે તેમના ઉત્તરાધિકારીના નામની ભલામણ માંગવામાં આવી હતી. આ ભલામણને અનુસંધાને એસએ બોબડેએ આજે પોતાના ઉત્તરાધિકારી તરીકે એનવી રમણાના નામની ભલામણ કરી છે.

# યુએસમાં ઝડપથી પ્રસરી રહ્યો છે કોરોનાનો ઘાતક સ્ટ્રેન

## હોંગકોંગમાં ફાઈઝરની રસીનો ઉપયોગ અટકાવાયો, જર્મનીમાં એન્જલા મર્કેલે લોકડાઉનના નિર્ણયને ફેરવી તોળ્યો

લંડન : યુકેમાં પ્રથમવાર દેખા દેનારો બી.૧.૧.૭ નામનો કોરોના વાઈરસનો વેરીઅન્ટ જે વધારે ઝડપથી ફેલાય છે અને જે વધારે ઘાતક પણ છે તે હવે યુએસએમાં ૫૦ રાજ્યોમાં ફેલાઈ ચૂક્યો છે. પ્રમુખ જો બાઈડનના કોરોના સલાહકાર ડો. એન્થોની ફોચીએ જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં કોલોરાડોમાં પહેલીવાર દેખા દેનારો આ વેરીઅન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

હાલ ૨૦થી૩૦ ટકા દર્દીઓ આ વેરીઅન્ટનો ચેપ ધરાવે છે અને તેમની સંખ્યા વધી રહી છે. ફોચીએ એક અભ્યાસનો હવાલો આપી જણાવ્યું હતું કે આ કોરોના વેરીઅન્ટનો ચેપ લાગ્યો હોય તેવા દર્દીના મોતનું જોખમ ૬૪ ટકા વધી જાય છે.

દરમ્યાન હોંગકોંગમાં ફાઈઝરની કોરોના રસીની બોટલના ઢાંકણાં ખામીભર્યા જણાતાં રસીકરણ અટકાવી દેવામાં આવ્યું હતું. રસીના ચીની વિતરક ફોસુન ફાર્મા અને જર્મન કંપની બાયોએનટેક દ્વારા આ બાબતે તપાસ કરવામાં આવી રહી છે. રસીની બેચ નંબર ૨૧૦૧૦૨ના ઢાંકણા ખામીભર્યા જણાતાં આ બેચ તથા બીજી બેચ ૨૧૦૧૦૪ને પણ ન વાપરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### બ્રિટનમાં ૧ કલાકમાં ૧ લાખને રસી આપી

લંડન : બ્રિટનમાં કોરોના મહામારીને અટકાવવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે માત્ર એક જ કલાકમાં એક લાખ લોકોને કોરોના રસીનો ડોઝ આપીને એક રેકોર્ડ પણ બનાવવામાં આવ્યો હતો. બ્રિટનમાં સુપર સેટરડે તરીકે રસીકરણનું એક મહા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. એક જ કલાકમાં બધા જ સેન્ટર પર રસી એક સાથે હજારો લોકોને અપાઈ હતી.

### ચીને વિદેશી વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂક્યો

ભારત સહિત તમામ વિદેશી વિદ્યાર્થીઓને ચીન આવવા પર ચીની સરકારે પ્રતિબંધ મૂકી દીધો હતો.ભારત સહિતના તમામ વિદેશી વિદ્યાર્થીઓને ચીનમાં ન આવવાનો આદેશ આપ્યો છે. અગાઉ બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસે કહ્યું હતું કે અમારા અધિકારીઓ ચીનમાં સ્ટડી કરતાં ભારતીય વિદ્યાર્થીઓ મુદ્દે ચીની સરકારના સંપર્કમાં છે. એ દરમિયાન ચીને વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશ પર હાલ પૂરતો પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી.

### જર્મનીમાં ૧ એપ્રિલથી પાંચ દિવસનું લોકડાઉન

લંડન : જર્મનીમાં ચાન્સેલર એન્જેલ મર્કેલે ઇસ્ટરના તહેવાર ટાણે જ પહેલી એપ્રિલથી પાંચ દિવસનું લોકડાઉન લાદવાની જાહેરાત કરી છે. વર્તમાન નિયંત્રણોને એપ્રિલની મધ્ય સુધી લંબાવવામાં આવ્યા છે. જર્મની વધારે ઘાતક કોરોના વાઇરસના મોજાનો સામનો કરી રહ્યો છે.

## યુએસ અર્થતંત્રને દોડતું કરવા ત્રણ ટ્રિલિયન ડોલરનું પેકેજ જાહેર થશે

વોશિંગ્ટન : અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડેનના આર્થિક સલાહકારો દેશના અર્થતંત્રને દોડતું કરવા માટે, કાર્બન ઉત્સર્જનને ઘટાડવા અને આર્થિક અસમાનતા છે તેને સાંકડી કરવા માટે ત્રણ ટ્રિલિયન ડોલરનું પેકેજ તૈયાર કરી રહ્યા છે.

શરૂઆત મહાકાય ઈનફ્રાસ્ટ્રક્ચર પ્લાન સાથે કરવામાં આવશે કે જેને કદાચ અંશતઃ દેશના ધનિકો અને કોર્પોરેશન્સ પરના ટેક્સમાં વધારા દ્વારા ફાઈનાન્સ કરવામાં આવશે. મહિનાઓ સુધી આંતરિક ચર્ચા વિચારણા બાદ બાઈડેનના સલાહકારો પ્રેસિડેન્ટ અને કોંગ્રેસનલ નેતાઓ સમક્ષ આ સપ્તાહે ખર્ચની દરખાસ્ત પ્રસ્તુત કરે તેવી અપેક્ષા છે.

આ ઉપરાંત તેઓ ઉદ્યોગો અને લેબર જૂથ સાથે પણ મંત્રણાની શરૂઆત કરશે. સોમવારે બાઈડેનના નેશનલ ક્લાઈમેટ એડવાઈઝર જીના મેકાથીએ ઓઈલ અને ગેસ ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યૂટિવ્ઝ સાથે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન અને તેની ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં તેની ભૂમિકાની ચર્ચા કરી હતી. વહીવટી અધિકારીઓ સાવચેત છે કે વિગતો સતત પ્રવાહી રહે. પરંતુ દરખાસ્તનો પ્રચંડ અવકાશ બાઈડેન તંત્રના આક્રમક અભિગમને હાઈલાઈટ કરે છે.

## અમેરિકાના સુપરમાર્કેટમાં ગોળીબાર થતાં પોલીસ અધિકારી સહિત ૧૦નાં કરૂણ મોત

- હુમલાખોર ૨૧ વર્ષીય અહેમદ અલિસાની ધરપકડ, અહેમદે પાર્કિંગ લોટમાં બે અને કિંગ શોપર સ્ટોરમાં આઠને ઠાર કર્યા

બોલ્ડર : અમેરિકાના કોલોરાડો ખાતે એક સુપરમાર્કેટમાં ગોળીબારની ઘટના બની હતી, જેમાં એક પોલીસ અધિકારી સહિત ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે. કોલોરાડોના બોલ્ડર ખાતે ભીડભાડવાળા એક સુપરમાર્કેટમાં એક શકમંદે માર્કેટમાં લોકો પર અંધાધૂંધ ગોળીબાર કરતાં ભાગદોડ મચી ગઈ હતી. જોકે, પોલીસે આ ઘટનાના શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી લીધી છે. કોલોરાડોના સાઉથર્ન બોલ્ડરમાં એક વ્યસ્ત શોપિંગ પ્લાઝામાં કિંગ સોપર્સ સુપરમાર્કેટમાં સોમવારે બપોરે ગોળીબાર થતાં ડેનેવર મેટ્રોપોલીટન વિસ્તારના સેંકડો પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્વાટ



અધિકારીઓ બેલિસ્ટિક શિલ્ડ સાથે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે ગોળીબારના કારણે ગભરાયેલા લોકો ઈમારતમાંથી, તૂટેલી બારીઓમાંથી બહાર નીકળતા હતા. અનેક ગ્રાહકો શોપિંગ પ્લાઝાના પાછળના દરવાજેથી બહાર નીકળતા હતા જ્યારે અનેક લોકો નજીકની દુકાનો છુપાઈ ગયા હતા.

## અમેરિકામાં ભારતનો જય-જયકાર, CAA અને માનવાધિકારો મામલે દુનિયાને લપડાક

ન્યૂયોર્ક : અમેરિકામાં ન્યૂયોર્ક બાદ સૌથી શક્તિશાળી ગણાતી પરિષદોમાંની એક શિકાગો નગર પરિષદમાં CAA અને માનવાધિકારોને લઈને ભારતની ટીકા કરતો પ્રસ્તાવ ફગાવી દેવામાં આવ્યો છે. જેને ભારતની મોટી જીત માનવામાં આવે છે. શિકાગો નગર પરિષદના સભ્યોએ આ પ્રસતાવની વિરૂદ્ધમાં ભારે મતદાન કર્યુ હતું. ભારત વિરોધી લોબી અને ઈસ્લામિક સંગઠનોના ઈશારે જ પરિષદના એક સભ્યએ ભારત વિરૂદ્ધ આ પ્રસ્તાવ રજુ કર્યો હોવાનું કહેવાય છે. આ પ્રસ્તાવમાં ભારતના સંશોધિત નાગરિકતા કાયદા અને માનવાધિકારના મુદ્દે ટીકા કરવામાં આવી હતી. શિકાગોના ભારતીય અમેરિકી ડોક્ટર ભરત બરાઈએ પરિષદના નિર્ણયનું સમર્થન કર્યુ હતું. તેમણે કહ્યું હતું કે, આ પ્રસ્તાવ પાછળ કાઉંસિલ ઓન અમેરિકન ઈસ્લામિક રિલેશન છે અને તેની ભૂમિકાની તપાસ થવી જોઈએ. આ પ્રસ્તાવને પરિષદની સભ્ય મારિના હેડ્રને પ્રાયોજિત કર્યો હતો. મારિનાનું કહેવું છે કે, આ પ્રસ્તાવ દક્ષિણ એશિયાઈ સહયોગીઓ પાસેથી મળેલી જાણકારી પર આધારીત છે. શિકાગોની મેયર લોરી લાઈટફુટે કહ્યું હતું કે, પરિષદના અનેક સભ્યો મતદાન (પ્રસ્તાવના સમર્થનમાં) કરવામાં અસહજતા અનુંભવી રહ્યાં હતાં કારણ કે અમે નથી જાણતા કે ખરેખર ભારતની ધરતી પર શું ઘટી રહ્યું છે. ત્યાર બાદ ભારતની ટીકા કરતા આ પ્રસ્તાવને ૧૬ની સરખામણીમાં ૨૬ મતોથી ફગાવી દેવામાં આવ્યો હતો. લાઈટફૂટે કહ્યું હતું કે, આ સંઘીય બાઈડન સરકારનું કામ છે કે તે આ પ્રકારન મુદ્દે ટિપ્પણી કરે કે નિર્ણય લે નહીં કે સ્થાનિક શહેરી પ્રશાસનનો. મેયરે એમ પણ કયું હતું કે, નગર પરિષદમાં પ્રસ્તાવને લઈને અનિચ્છા દેખાઈ તેનું કારણ એ હતું કે ઘણા સભ્યોનું માનવું છે કે, આ મામલે જરૂરી જાણકારી નથી.

## બ્રિટનના બ્રિસ્ટોલમાં દેખાવો કરીને હિંસા ભડકાવનારા સાતની ધરપકડ

- બ્રિસ્ટોલના હુમલામાં બે પોલીસ ઘાયલ થયા હતા

લંડન : બ્રિટનની સંસદમાં પોલીસને વિશેષાધિકારો આપતું બિલ રજૂ થયું હતું. એ બિલના વિરોધમાં હજારો લોકો બ્રિસ્ટોલમાં પ્રદર્શનો કરતાં હતા ત્યારે હિંસા ભડકી હતી. એ હિંસાના મુદ્દે પોલીસે સાતની ધરપકડ કરી છે.

રસ્તા પર પ્રદર્શનો કરી રહેલાં લોકો પર પ્રતિબંધ મૂકવાનો પોલીસને અધિકાર મળે એવી જોગવાઈ કરતુ બિલ સંસદમાં રજૂ થયું હતું. એ બિલના વિરોધમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં હતાં. બ્રિસ્ટોલમાં આ જ રીતે કોરોનાની ગાઈડલાઈનનો ભંગ કરીને અસંખ્ય લોકો ઉમટી પડયા હતા. શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો વખતે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું અને એ હિંસામાં ફેરવાઈ ગયું હતું. ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો, જેમાં બે પોલીસ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે કહ્યું હતું કે કુલ ૧૨ જવાનોને નાની-મોટી ઈજા થઈ હતી અને પોલીસની બે ગાડીને આગ ચાંપવામાં આવી હતી. એ હિંસા મુદ્દે પોલીસે સાત લોકોની ધરપકડ કરી છે.

## બાંગ્લાદેશમાં રોહિંગ્યા છાવણીમાં મધરાતે આગ લાગતાં ૧૫ લોકો ભડથું

ઢાકા : બાંગ્લાદેશના વાયવ્ય કોકસસ બઝાર જિલ્લામાં આવેલી રોહિંગ્યાઓની ચિક્કાર છાવણીમાં ગઈ મધરાતે લાગેલી આગમાં ૧૫ જણા ભડથું થઈ ગયા હતા જ્યારે અન્ય ૪૦૦ લોકો ગુમ થઈ ગયા હતા. ૪૫,૦૦૦ નિરાશ્રીતોને સમાવતા હજારો આશ્રયસ્થાનો નાશ પામ્યા છે. મંગળવારે હાથ ધરાયેલી બચાવ અને રાહતની કામગીરી દરમિયાન ૧૫ લાશો મળી આવી હતી. આગમાં ઘાયલ થયેલા સેંકડો લોકોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરાયા છે, એમ યુએન રેફ્યુજી એજન્સી (યુએનએચસીઆર)ના પ્રવકતા જોહાન્નીસ વાન ડેર કલાઉવે જણાવ્યું. બાંગ્લાદેશના કોકસસ બાઝાર જિલ્લામાં મ્યાનમારમાં થયેલી લશ્કરી કાર્યવાહીથી બચીને આવેલા ૧૧ લાખ રોહિંગ્યા શરણાર્થીઓએ આશ્રય લીધો છે.

## ૪૦૦ મીટર લાંબું કાર્ગો જહાજ ફસાઇ જતાં સુએઝ કેનાલ સંપૂર્ણ બ્લોક થઈ

નવી દિલ્હી : વિશ્વના સૌથી ધમધમતા ટ્રેડ રૂટમાં જેની ગણના થાય છે તે સુએઝની કેનાલમાં બુધવારે એક મહાકાય કન્ટેનર શિપ અકસ્માતે પલટી જતાં સુએઝ કેનાલ સંપૂર્ણ બ્લોક થઈ ગઈ હતી જેને પરિણામે મરીન ટ્રાફિક ઠપ થઈ ગયો હતો. તાઈવાનની માલિકીનું ૪૦૦ મીટર લાંબું અને ૫૯ મીટર પહોળું વહાણ એક તરફ પલટી ગયું હતું જેને પરિણામે ટ્રાફિક અટકી ગયો હતો. શિપ ઓપરેટર એવરગ્રીન મરીન કોર્પે જણાવ્યું હતું કે, પવનના સુસવાટાનાં કારણે વહાણ પરનું નિયંત્રણ જાળવી શકાયું નહીં તેને પરિણામે વહાણ આડું થઈ ગયું હતું. ઈજિપ્ત કહે છે કે તેમણે ટ્રાફિકને ડાઈવર્ટ કરવા માટે જૂની



કેનાલને ફરી ખોલી છે કેમકે સુએઝ કેનાલ હજુ પણ કેટલાક દિવસ બ્લોક રહેશે તેવી આશંકા છે. કેનાલમાં વહાણોની લાંબી કતાર થંભી ગઈ હતી. ગ્લોબલ ટ્રેડનો આશરે ૧૦ ટકા ટ્રાફિક સુએઝ નહેરમાંથી પસાર થાય છે જે ભૂમધ્ય અને લાલ સમુદ્રને કનેક્ટ કરે છે અને એશિયા અને યુરોપ વચ્ચેનો આ સૌથી ટૂંકો માર્ગ છે.

## ચીન અમેરિકાને પછાડી વિશ્વમાં સૌથી શક્તિશાળી સૈન્ય ધરાવતો દેશ બન્યો

વોશિંગ્ટન : સૈન્ય મામલા સાથે સંકળાયેલી એક વેબસાઈટ મિલિટરી ડાયરેક્ટ દ્વારા રવિવારે વૈશ્વિક સંરક્ષણ શક્તિ બાબતે એક યાદી જાહેર કરી હતી. આ યાદી અનુસાર સૈન્ય તાકાત મામલામાં ચીને સૌથી શક્તિશાળી દેશોના મામલામાં અમેરિકાને પણ પાછળ રાખી દીધુ છે અને વિશ્વમાં નંબર વન દેશ બની ગયો છે. જ્યારે ભારતને પણ ચોથા સ્થાને મુકી દીધુ છે. મિલિટરી ડાયરેક્ટ દ્વારા હાથ ધરાયેલા આ સરવેમાં દેશની સૈન્ય ક્ષમતા, હિથયારો, યુદ્ધ જહાજો કે વિમાન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સરવેમાં જણાવવામાં આવ્યું છે કે દુનિયામાં સૌથી તાકતવર સેના ચીનની છે. ચીન આ યાદીમાં ૮૨ અંકો સાથે પહેલા સ્થાન પર છે. સૈન્ય પર કરોડો ડોલર ખર્ચ કરનારૂ અમેરિકા ૭૪ અંકો સાથે બીજા સ્થાન પર છે.

Dr. Salim Kapadia DDS
Dental Centre

Your Perfect Smile...
Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre
Scarborough Mirror
2020 readers' choice Awards
PLATINUM



SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges(Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com